

# ફિક્હે હનફીમાં

## સમય તથા સંજોગોનો લેહાઝ


**અઝ :** મુહક્કિકે મસાઈલે જદીદા

**હઝરત મુફ્તી મુહમ્મદનિઝામુદ્દીન રઝવી**

*(પ્રિન્સિપાલ વ સદર મુફ્તી : અલ્ જામિઅતુલ્ અશ્રફિયા–મુબારકપુર)*

**:: અનુવાદક ::**

**હઝરત મૌલાના ગુલામયાસીન નૂરાની મિસ્બાહી**

*(સદરુલ મુદર્રિસીન : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*



**પ્રકાશક**

**અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા**

**GRWB/059/Bharuch/02 C/o.** ફયૂઝાને રઝા મંઝિલ,

મુ.પો. **દયાદરા**, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦

ફોન. : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

**Web. :www.barkatekhwaja.net**

**Email : anjuman2006@hotmail.com**

પ્રકાશન નં. : ૨૨૫ આવૃત્તિ–૨ પ્રત : ૪૦૦૦

૧૨–શવ્વાલુલ મુકર્રમ હિ.સ. ૧૪૩૭ જુલાઈ–૨૦૧૬

નૂરાની આર્ટ–દયાદરા, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

# અનુક્રમણિકા


❋ પ્રસ્તાવના 05

❋ શરઈ અહકામ બદલાવાના પાંચ આધારો છે 07

❋ સંજોગોની અસરથી હુકમોમાં તબદીલીનાં દૃષ્ટાંતો 18

**(પ્રથમ પ્રકાર)**

❋ રિસાલતકાળ તથા સહાબાના યુગના બદલાયેલા હુકમો 20

❋ (૧) હવે શંકાઓથી બચવાનો હુકમ બદલાય ગયો 20

❋ રૂસર (કંપની)ની ખાંડના બારામાં આ'લા હઝરતનો પોતાનો અમલ તથા અન્યોને માટે જાઈઝ હોવાનો ફત્વો 23

❋ (૨) પહેલાં નમાઝ ત્યજનાર કાફિર હતો હવે મુસલમાન છે ! 24

❋ (૩) સહાબાના કાળમાં જમાઅત છોડનાર મુનાફિક્ હતો, હવે નહીં ! 26

❋ (૪, ૫, ૬) જુમ્આ તથા જમાઅતમાં સ્ત્રીઓના હાજર રહેવા વિશે જમાનાના બદલાવથી બદલાતા હુકમો 28

❋ (૭) પહેલાં ચેહરાનો પર્દો વાજિબ ન હતો, હવે વાજિબ છે 34

❋ (૮, ૯) હવે સર્ફ તથા નહ્‌વ (અરબી ગ્રામર)ની તા'લીમ તથા અંગરખાનો સીધો પર્દો વાજિબ છે 37

❋ (૧૦) નબવી કાળમાં બૂટ, ચપ્પલ પહેરીને મસ્જિદમાં જવું જાઈઝ હતુ, હવે નાજાઈઝ 39

❋ (૧૧) નબવી કાળમાં કુર્આનની તા'લીમ આપવા પર ઉજરત (મહેનતાણુ) લેવી હરામ, હવે જાઈઝ ! 41

❋ (૧૨) નબવી કાળમાં બટાઈ પર (આધે ભાગે ખેડવા માટે) જમીન આપવી હરામ હતી, હવે જાઈઝ ! 43

**(બીજો પ્રકાર)**

❋ હનફી ફિક્હના હુકમો જે બાદમાં આવનારા હન્ફી મશાઈખના દૌરમાં ક્યારેક બદલાય ગયા 45

❁ (૧) યહૂદીઓનો પોશાક તૈલ્સાન પહેલાં નાજાઈઝ હતો હવે જાઈઝ 45
❁ (૨) એઅ્રાબ માં ભૂલ થવાના હુકમમાં પરિવર્તન 46
❁ (૩) બહાર (વૃક્ષો પર ફળો લાગવાની ઋતુ) પહેલાં જ ફળોની લે વેચ 49
❁ (૪) સ્ત્રીનું પોતાની મરજીથી ગૈર કફૂની સાથે નિકાહ કરવું પહેલાં જાઈઝ, અને હવે નાજાઈઝ તથા બાતિલ 51
❁ (૫) તળાવોને ભાડૂતી લેવું તથા આપવું પહેલાં નાજાઈઝ અને હવે જાઈઝ 53

**(ત્રીજો પ્રકાર)**

❁ (૧) સ્પ્રિટ મિશ્રિત પડીકી પાક હોવાનો હુકમ અને વારંવાર હુકમમાં થતું પરિર્વતન 56
❁ (૨) ગામડાઓમાં જુમ્આની નમાઝની ઈજાઝત તથા અસલ મઝહબને છોડવું 61
❁ (૩) ઘઉંની લે વેચમાં વજનનો અતેબાર 63
❁ (૪) મસ્જિદના સામાનના હુકમમાં પરિવર્તન 64
❁ (૫) ઔરતના મુર્તદ થઈ જવાથી નિકાહ ફસ્ખ થવા (નાબૂદ થવા, તૂટી જવા)ના હુકમમાં પરિવર્તન 65
❁ (૬) પહેલા નફલ તથા સુન્નત નમાઝો ઘરમાં પઢવી અફઝલ હતી અને હવે મસ્જિદમાં 66
❁ (૭ થી ૨૩) લે વેચના કેટલાયે એવા મામલા જે પહેલાં નાજાઈઝ હતા અને હવે જાઈઝ થઈ ગયા 68
❁ (૨૪ થી ૪૪) કેટલીયે નાજાઈઝ વક્ફ તથા લે વેચો તેમજ કરજોની ઈજાઝત 69

(ચોથો પ્રકાર)


❁ ફતાવા રઝવિય્યહ્‌ના એવા મસાઈલ જે બાદના ફુક્હાએ અહલે સુન્નતના નવા ફત્વાઓ તથા ફૈંસલાઓ.... 71

❁ (૧) વિદ્યુત પંખા તથા લાઈટો મસ્જિદો તથા ઘરમાં લગાડવાની મનાઈ અને હવે તેની ઈજાઝત 71

❁ (૨) ગુમ થઈ ગયેલ (લાપતા) પતિની પત્ની શું કરે ? 78

❁ (૩) હવે ભરણપોષણથી વંચિત ઔરતના નિકાહ નાબૂદ કરવાની ઈજાઝત 82

❁ દારુલ કુઝાતના ફરાઈઝ તથા મસાઈલ 84

❁ (૪) સીપ (છીપલા)નો ચૂનો હલાલ કે હરામ ? 86

❁ (૫) ફોટો પડાવવો ક્યારે હરામ અને ક્યારે હલાલ ? 87

❁ (૬) પેશાબના છાંટા લાગેલા કપડાથી પાણી નાપાક થશે કે નહીં ? 90

❁ (૭) બાળકીઓને સ્ત્રીઓને લખતાં શિખવવું મના કે મુબાહ ? 93

❁ (૮) હવે વાદીએ મુહસ્સરમાં રોકાવાની ઈજાઝત 96

❁ (૯) આલ્કોહોલયુક્ત દવાઓનો હુકમ 99

❁ (૧૦) ચાલતી રેલગાડીઓમાં નમાઝનો હુકમ 102

❁ **નોંધપાત્ર પહેલી વાત**

❁ ચર્ચા વિચારણાનો બીજો પ્રકાર 109

❁ (૧૧) પેન્ટ, શર્ટ, કોટ, પાટલૂન પહેરવું સખત હરામ, 115

❁ (૧૨) વસ્તુઓના ઉત્પાદન પહેલાં તેની લે વેચનો હુકમ 117

❁ લે વેચના આધુનિક તરીકાની શરઈ હૈસિયત 118

❁ (૧૩) અમાનતમાં ખયાનત તંગહાલ માટે જાઈઝ 120

# પ્રસ્તાવના

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ
حامداً و مصلّيًا و مسلّمًا

દુનિયા જ્યારથી અસ્તિત્વમાં ત્યારથી એમાં નિત નવા ફેરફાર થતા રહ્યા અને આજે પણ એ ક્રમ ચાલુ છે. આપણા અનુભવો તથા એહસાસો સાક્ષી છે કે જેમ જેમ દુનિયાની હાલતોમાં તબદીલીઓ થતી રહે છે, તે જ પ્રમાણે તેની જરૂરતો તથા તક઼ાઝાઓ પણ બદલાતા રહે છે.

બાળક પેદા થાય છે અને ઉછેર પામવાના દરજાઓ પાર પાડતો સમજદારીની ઉમરે પહોંચે છે, પછી યુવાન થાય છે પછી વૃદ્ધ થાય છે. આ જિંદગીની હાલતોનો ફેરફાર છે, અને આ ફેરફારની સાથે સામાજિક જિંદગીની હાલતોમાં ફેરફાર થવો એક ફ઼િતરી (સ્વભાવિક) અમલ છે. પ્રારંભમાં બાળકના નગ્ન રહેવાને કોઈ અચબ નથી સમજવામાં આવતુ. અમુક દિવસો પછી કપડાં પહેરેલ હોવું બેહતર, પછી જરૂરી સમજવામાં આવે છે. સમજ આવવાની ઉમરવાળાનાં કપડાં સ્ફૂતિલા યુવનના શરીર પર ફીટ નથી થતાં એટલા માટે કપડાંની સાઈઝ બદલવી પડે છે, અને બચપનના સમયનાં કપડાં વૃદ્ધ વયે શોભા નથી આપતાં. સંજોગો બદલાય રહ્યા છે તો કપડાં પણ બદલાય રહ્યાં છે. આ પ્રમાણે જીવનની રોજનીશીમાં સેંકડો બદલાયેલા સંજોગો છે એની કૂખેથી જન્મ પામનાર સેંકડો જરૂરિયાતો તથા તક઼ાઝાઓ છે.

આ અનુભવોની રોશનીમાં શરઈ હુકમોને પણ સમજવામાં આવી શકે છે કે એ પણ અનિવાર્ય સંજોગો તથા સ્થિતિઓની સાથે સાથે બદલાતા રહે છે.

હઝરત આદમ عليه السلامના જમાનામાં જ્યારે ભાઈ બહેનના સિવાય અજનબી પુરૂષ તથા સ્ત્રીનું અસ્તિત્વ ન હતું, તો એકવારની પેદાઈશની બહેનની સાથે બીજી વારની પેદાઈશના ભાઈનો નિકાહ હલાલ હતો. પણ જ્યારે અજનબી પુરૂષ તથા સ્ત્રી વજૂદમાં આવ્યાં તો (સગા) ભાઈ બહેનનો આપસમાં નિકાહ હરામ થઈ ગયો.

ખુદ શરીઅતે મુહમ્મદિયહ ﷺમાં ઈસ્લામના શરૂમાં ઘણા અહકામ લાગુ થયા જે બાદમાં જમાનાના તક઼ાઝાઓની સાથે બદલાતા રહ્યા એને "નસ્ખ" કહેવામાં આવે છે.

## રિસાલતકાળ અને બાદના સમયોની હુકમોની તબદીલીમાં તફાવત

હુઝૂર عليه الصلوٰة والسلامના ઝમાનાએ બરકત નિશાનમાં જે હુકમો તબદીલ થયા, એમનામાં અને આજના સંજોગોના બદલાવાથી બદલાતા હુકમોમાં તફાવત છે. રિસાલતકાળમાં જે હુકમો બદલાયા છે તે ઈલ્મે ઈલાહી તથા ઈલ્મે રસૂલમાં એક ખાસ મુદ્દત સુધીના માટે લાગુ થયા હતા, એટલા માટે જ્યારે એ મુદ્દત પૂરી થઈ ગઈ તો હુકમ બદલાય ગયો. આ બદલવાને "નસ્ખ" અને બદલેલા હુકમને "મન્સૂખ" કહેવામાં આવે છે. અને જે નવા હુકમથી તબદીલી થઈ તેને "નાસિખ" કહેવામાં આવે છે. એનું વર્ણન કુર્આને હકીમની આ આયતમાં છે :–

مَا نَنْسَخْ مِنْ اٰيَةٍ اَوْ نُنْسِهَا نَاْتِ بِخَيْرٍ مِّنْهَآ اَوْ مِثْلِهَا ط

"જ્યારે કોઈ આયત અમે મન્સૂખ કરીએ અથવા ભૂલાવી દઈએ તો એનાથી બેહતર અથવા એના જેવી લઈ આવીશું." *(સૂરએ બક઼રહ, આ. ૧૦૬)*

એના હેઠળ "તફસીરે ખઝાઈનુલ ઈર્ફાન"માં છે : કુર્આને કરીમે માજી શરીઅતો તથા પૂરાણી કિતાબોને મન્સૂખ કરી તો કાફિરોને ખૂબ જ બુરુ લાગ્યું અને તેમણે એના પર ખૂબ જ ટીકાઓ કરી. એના પર આ આયતે કરીમા નાઝિલ થઈ અને બતાવવામાં આવ્યું કે મન્સૂખ પણ અલ્લાહ તરફથી છે અને નાસિખ પણ. બંનેવ અયને હિકમત છે અને નાસિખ ક્યારેક મન્સૂખ કરતાં વધુ સરળ તથા લાભદાયી હોય છે. અલ્લાહની કુદરત પર યક઼ીન રાખવાવાળાને એમાં કોઈ અસમંજસ નથી હોતું. સૃષ્ટિમાં અનુભવ કરવામાં આવે છે કે અલ્લાહ તઆલા દિવસથી રાતને, ઉનાળાથી શિયાળાને, જવાનીથી બચપનને, બીમારીથી તંદુરસ્તીને, વસંતથી પાનખરને મન્સૂખ કરે છે. આ સર્વ નસ્ખ તથા તબદીલી એની કુદરતની દલીલો છે, તો એક આયત તથા એક હુકમના મન્સૂખ થવામાં શું આશ્ચર્ય છે ?!

નસ્ખ હક઼ીક઼તમાં પાછલા હુકમની મુદ્દતનું વર્ણન હોય છે કે તે હુકમ આ મુદ્દત પૂરતો હતો અને હિકમતના મુતાબિક઼ હતો. કાફિરોની નાસમજી કે નસ્ખ પર વાંધો ઉઠાવે છે. અને અહલે કિતાબનો વાંધો એમની માન્યતાઓ (અક઼ીદાઓ)ના લેહાઝથી પણ ગલત છે, તેમણે હઝરત આદમ عليه السلام ની શરીઅતના હુકમોની મન્સૂખિયત સ્વીકારવી પડશે. એવું માનવું જ પડશે કે શનિવારના દિવસે દુનિયવી કામો એમનાથી પહેલાં હરામ ન હતાં, (પછી) એમના પર હરામ થયાં. એ સ્વીકાર કરવો પણ અનિવાર્ય થશે કે તૌરાતમાં હઝરત નૂહ عليه السلام ની ઉમ્મતના માટે સર્વ ચોપગાંઓ હલાલ હોવાનું વર્ણન કરવામાં આવ્યું અને હઝરત મૂસા عليه السلام પર ઘણા બધાં (ચોપગાંઓ) હરામ કરી દેવામાં આવ્યાં. આ બાબતો હોવા છતાં નસ્ખનો ઈન્કાર કઈ રીતે શક્ય છે ?

**મસ્અલા** : નસ્ખ ક્યારેક કેવળ તિલાવતનો હોય છે, ક્યારેક કેવળ હુકમનો, ક્યારેક તિલાવત તથા હુકમ બંનેવનો હોય છે. બયહકીએ અબૂ ઉમામા رضی اللہ عنہથી રિવાયત કરી કે એક અન્સારી સહાબી રાત્રે તહજ્જુદના માટે ઉઠયા અને સૂરએ ફાતિહા પછી જે સૂરત હમેશાં પઢયા કરતા તેને પઢવા ચાહ્યું પરંતુ એ તદ્દન યાદ ન આવી અને બિસ્મિલ્લાહ સિવાય કાંઈ પઢી ન શક્યા. સવારે અન્ય સહાબીઓથી એનો ઉલ્લેખ કર્યો. તે હઝરાતે ફર્માવ્યું, અમારો પણ એ જ હાલ છે, એ સૂરત અમને પણ યાદ હતી પણ હવે અમારી યાદશક્તિમાં પણ ન રહી. સૌએ સૈયદે આલમ ﷺની ખિદમતમાં બનાવ રજૂ કર્યો. હુઝૂરે અકરમ ﷺએ ફર્માવ્યું, આજે સવારે એ સૂરત ઉઠાવી લેવામાં આવી, તેનો હુકમ તથા તિલાવત બંનેવ મન્સૂખ કરી દેવામાં આવ્યાં. જે કાગળો પર એને લખવામાં આવી હતી તેના પર છાપ સુદ્ધાં બાકી ન રહી. *(તફસીરે ખઝાઈનુલ ઈર્ફાન)*

એનાથી ઉલ્ટુ રિસાલતકાળ તથા સહાબાના યુગ પછી જે ઈજતેહાદથી ગૈર ઈજમાઈ હુકમો બદલાયા તે કોઈ ખાસ મુદ્દત પસાર થઈ જવાથી નથી બદલાયા, બલ્કે જે પાયા પર કાયમ હતા તે પાયાઓ સમયના હાલાત બદલાવાથી બદલાઈ ગયા, એટલા માટે એના પર આધારિત હુકમો પણ બદલાય ગયા.

બદલાવાના આધારો આ છે : (૧) જરૂરત (૨) હાજત (૩) ઉમૂમે બલ્વા (૪) ઉર્ફ (૫) તઆમુલ (૬) દીની જરૂરી મસ્લેહતની પ્રાપ્તિ (૭) કોઈ મૌજૂદ ખરાબી અથવા ખરાબી પેદા થવાના અધિક્તર ગુમાનનું નિવારણ.

બલ્કે રિસાલતકાળ તથા સહાબાના યુગના ઘણા બધા શરઈ હુકમો પાયાઓમાંથી કોઈ પાયા પર કાયમ છે, તે પણ આ સાતેવ

પાયાઓ પર બદલાય શકે છે, બલ્કે ઘણા હુકમો તો બદલાય પણ ચૂક્યા છે, જેવું કે આગામી લખાણના અભ્યાસથી જાહેર થશે.

અહીં એ બાબત ધ્યાનમાં રાખશો કે બદલાયેલા હુકમો પર અમલ કરવો હક઼ીક઼તમાં સાહિબે મઝહબના ક઼ૌલ પર જ અમલ કરવું છે, કેમ કે જો સાહિબે મઝહબ અત્યારે મૌજૂદ હોત તો એ પણ એ જ હુકમ ફર્માવતા, જે અત્યારે બદલાયેલા સંજોગોમાં એમના માનવાવાળા ફક઼ીહો ફર્માવી રહ્યા છે.

## હૃદયાકર્ષક દૃષ્ટાંત દ્વારા સમજૂતી

આ એક બારીક વાત છે. એને ફક઼ીહે બેમિષાલ આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ એ ખૂબ જ સરસ અંદાઝમાં સમજાવેલ છે. અમારા વાંચકો પણ એને સમજવાની કોશિશ કરે. આપ ફર્માવે છે :–

(નબી કરીમ علیہ الصلوٰۃ والسلام તથા મઝહબોના ઈમામોનાં) કથનો બે પ્રકારનાં છે : સૂરી તથા જરૂરી. સૂરી તો નક઼લ થયેલ ક઼ૌલ છે. અને જરૂરી તે ક઼ૌલ છે જે સ્પષ્ટતા ક઼ાઈલે (કહેનારે) ખાસ કરીને ન કરી હોય. અલ્બત્ત આવી બાબતો હેઠળ એને વર્ણવી આપેલ હોય જે સ્પષ્ટપણે એ વાતનો હુકમ લગાડે કે જો ક઼ાઈલ (કહેનાર)એ ખાસ મસ્અલામાં કલામ (ચર્ચા) કરત તો જરૂર એવું કહેત. અને કેટલીક વખત જરૂરી હુકમ સૂરી હુકમથી વિરુદ્ધ હોય છે તો એ વખતે એના પર જરૂરી હુકમને અગ્રતા આપવામાં આવે છે, એટલે સુધી કે સૂરીને અપનાવવો ક઼ાઈલના વિરોધમાં ગણવામાં આવે છે અને એનાથી જરૂરી હુકમથી વિરુદ્ધ વર્તન એ ક઼ાઈલની મુવાફેકત તથા અનુસરણ છે.

જેમ કે ઝયદ એક નેક ઈન્સાન હતો, એટલા માટે અમ્રએ

પોતાના ખાદિમોને સ્પષ્ટ શબ્દોમાં એની તા'ઝીમનો હુકમ આપ્યો અને વારંવાર તેમને એની સૂચના આપી. અને પહેલાં તે એમને એ પણ કહી ચૂક્યો હતો કે તમે લોકો ફાસિક઼ની તા'ઝીમથી બચતા રહેજો. પછી એક સમય પછી ઝયદ ફાસિક઼ મોઅલિન થઈ ગયો, તો હજી પણ અમ્રના ખાદિમ તેના હુકમ તથા તેની વારંવાર સૂચના પર કાર્યરત રહીને ઝયદની તા'ઝીમ તથા તૌક઼ીર કરે તો તેઓ જરૂર નાફર્માન ઠરશે, અને જો એની તા'ઝીમ છોડી દેશે તો આજ્ઞાંકિત ઠરશે.

મઝહબોના ઈમામોના કથનોમાં પણ ઉપર વર્ણવેલ બદલાવના સબબોમાંથી કોઈ સબબના કારણે એ તબદીલ થઈ જાય છે, જેથી જ્યારે જ્યારે કોઈ મસ્અલામાં ઈમામથી કોઈ નસ (દલીલ) હોય, પછી તે બદલાવના સબબોમાંથી કોઈ સબબ પેદા થઈ જાય તો આપણે યક઼ીની તૌર પર એ એતેક઼ાદ રાખીશું કે જો સબબ ઈમામના જમાનામાં ઉપસ્થિત થઈ ગયો હોત તો જરૂર એમનો ક઼ૌલ એના તક઼ાઝા પ્રમાણે હોત, એની વિરુદ્ધ તથા એની રદમાં ન હોત તો એવા સમયમાં એમના ગૈર મન્કૂલ "ક઼ૌલે ઝરૂરી" પર અમલ એ હક઼ીક઼તમાં એમના જ ક઼ૌલ અમલ છે, અને તેમના ક઼ૌલે મન્કૂલ પર જામેલા રહેવું એ હક઼ીક઼તમાં તેમનો વિરોધ (અને તેમના મઝહબથી નાસમજી છે). *(ફતાવા રઝવિય્યહ્, (અરબી તર્જુમો), ૧/૩૮૫ રિસાલા અજલુલ અઅ્લામ)*

## ઈજમાઈ હુકમો નથી બદલાતા

સાથોસાથ અહીં આ બાબત પણ ધ્યાનમાં રહે કે સંજોગોના બદલાવાથી કેવળ ઈજતેહાદી, ફુરૂઈ હુકમો બદલાય છે, ઈજમાઈ હુકમોમાં કદી પરિવર્તન આવતુ નથી. "ફતાવા રઝવિય્યહ્"માં છે :

ફિક્હમાં ઈજમાઅ એ ''સૌથી મજબૂત દલીલ'' છે કે ઈજમાઅની વિરુદ્ધ મુજતહિદને પણ ઈખ્તિયાર નથી, ભલે તે પોતાની રાયમાં કિતાબ તથા સુન્નતથી એની વિરુદ્ધ પામતો હોય, કે યક઼ીનન ! સમજવામાં આવશે આ (એની) સમજની ખતા છે, અથવા એ હુકમ મન્સૂખ થઈ ચૂક્યો છે, ભલે મુજતહિદને એનો નાસિખ માલૂમ ન હોય. *(ફતાવા રઝવિય્યહ્, ૧૧/૫૬, ૫૭ મસાઈલે કલામિયહ, રઝા એકેડમી)*

પણ એની સાથે એ પણ ધ્યાનમાં રહે કે આજથી બે ત્રણ સદી અગાઉ નવા ઉદ્ભવેલા ફુરૂઈ મસાઈલમાં ''શરઈ ઈજમાઅ'' જોવા મળતો ન હતો, ખાસ કરીને એ સ્થિતિમાં જયારે એ મસ્અલામાં ઉમ્મતના ઉલમા વચ્ચે રાયનો મતભેદ હોય, કેમ કે ''શરઈ ઈજમાઅ'' નામ છે કોઈ દીની બાબત પર સર્વ મુજતહિદ ફક઼ીહોની એકમતિનું. અને અહીં એકમતિને બદલે મતભેદ છે અને ઉમ્મતના ઉલમા પણ એક લાંબા અરસાથી મુજતહિદ નથી રહ્યા. એ અલગ વાત છે કે તેમણે પોતાની ખુદાદાદ ફિક્હ વડે ઘણાયે નોંધપાત્ર કારનામાં અંજામ આપ્યાં. આ'લા હઝરત رحمۃ اللہ علیہ એ ઈજમાઅના વિશે એ ખુલાસો કર્યો કે :–

''સુબ્હાનલ્લાહ ! 'શરઈ ઈજમાઅ' જેમાં મુજતહિદોના ઈત્તેફાક઼ (એકમતિ) પર નજર હતી, ઉલમાએ સ્પષ્ટતા કરી કે વિવિધ શહેરોના ઉલમાના વિવાદના કારણે બે સદી પછીથી ત્યાં સુધી પહોંચનો કોઈ માર્ગ ન રહ્યો. ઈમામ અહમદ બિન હંબલ رحمۃ اللہ علیہ ફર્માવે છે કે, જે કોઈ દીની બાબત પર ઈજમાઅનો દાવો કરે તે જૂઠો છે, અને એનાથી મુરાદ વર્તમાન સમયમાં નવા ઈજમાઅના જાહેર થવાનો દાવો છે. *(ફતાવા રઝવિય્યહ્, ૮/૨૧૦, રિસાલા અલ્ મિના વદ્દરર, સુન્ની દારુલ ઈશાઅત)*

આ લખાણથી સાબિત થયું કે ૧૨૦૦ વરસથી મુજતહિદ ફક઼ીહોના ઈજમાઅનો કોઈ માર્ગ ન રહ્યો, એટલા માટે એક દોઢ સદી પહેલાં ઉદ્‌ભવનારા ફુરૂઈ, વિવાદાસ્પદ મસાઈલમાં આજે 'શરઈ ઈજમાઅ' તથા 'મુસ્લિમોના ઈજમાઅ'ની કલ્પના એથીયે અધિક અંશે નથી થઈ શકતી.

## ફુરૂઈ મસાઈલમાં મતભેદનો સબબ

આ ફુરૂઈ મસાઈલમાં મતભેદ શા માટે થાય છે અને મતભેદ કરવાવાળા કોઈ મુહક્કિક઼ આલિમ પર ટીકા ટીપ્પણ કરવાનો શો હુકમ છે ?

- ❑ તફક઼કુહ ફિદ્દીનમાં મર્તબાઓનો મતભેદ, મતભેદનો સબબ બન્યો. અને....
- ❑ આ તરફ અલ્લાહની મસ્લેહત, હદીષો વિવિધ આવી.

કોઈ સહાબીએ કોઈ હદીષ સાંભળી અને કોઈએ બીજી અન્ય સાંભળી. તેઓ વિવિધ શહેરોમાં ગયા (શહેરોમાં વહેંચાય ગયા) અને દરેકે પોતાનો ઈલ્મ ફેલાવ્યો. આ બીજો મતભેદનો સબબ બન્યો.

અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما નો ઈલ્મ ઈમામ માલિક رضی اللہ عنہ ને આવ્યો અને અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما નો ઈલ્મ ઈમામ શાફઈ رضی اللہ عنہ ને. અને અફઝલુલ અબાદિલહ અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضی اللہ عنہما નો ઈલ્મ આપણા ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہ ને આવ્યો. (આ રીતે એ ચારેવ ઈમામોમાં મતભેદ થયો.)

## ઈજતેહાદી મસાઈલમાં કોઈના પર ટીકા ટીપ્પણ જાઈઝ નથી, ન કે મઆઝલ્લાહ ! એવો ખયાલ (કે કુફ્ર સમજવામાં આવે)

'હલાલને હરામ' અથવા 'હરામને હલાલ' જે કુફ્ર કહેવામાં તે એ ચીજોમાં છે જેનું હરામ કે હલાલ હોવું જરૂરિયાતે દીનથી છે. અથવા કમસે કમ કતઈ નસો (આયતો)થી સાબિત હોય. *(ફતાવા રઝવિય્યહ, ૧૧/૪૪ મસાઈલે કલામિયહ, રઝા એકેડમી)*

ત્યાં સુધી કે હઝરત સૈયદી વ મુર્શિદી મુફતીએ આ'ઝમે હિંદ મૌલાના મુસ્તફા રઝાખાં رحمۃ اللہ علیہએ બે મશહૂર મસાઈલ : સજદએ તા'ઝીમીનું જાઈઝ હોવું વગેરેમાં જમહૂરના કૌલથી મતભેદનો હુકમ આ પ્રમાણે વર્ણવ્યો :–

''આ બંનેવ મસ્અલાઓમાં અમુક સાહબોએ મતભેદ કર્યો છે, જો કે તે ધ્યાન આપવાને પાત્ર નથી, પણ તેણે એ સામેલ થનારાઓને ફિસ્કના હુકમથી બચાવી આપ્યા છે, જેઓ એ વિરોધીઓના કૌલ પર વિશ્વાસ કરે છે અને જાઈઝ સમજીને એમાં સામેલ થાય છે.'' *(ફતાવા મુસ્તફવિયહ, પેજ : ૪૫૬, કિતાબુલ ખતર વલ્ અબાહા, રઝા એકેડમી)*

આજના પડતીના દૌરમાં શરઈ અહકામ અને તેની મસ્લેહતોથી અજ્ઞાનતા ખૂબ જ આમ થઈ ચૂકી છે. એ જ કારણે જ્યારે આપણી ફિકહી મજલિસો અને મર્કઝોએથી કોઈ શરઈ પાયો બદલાઈ જવાને કારણે હુકમો બદલાય જવાનું જાહેર કરવામાં આવે છે તો કેટલાક દિમાગોમાં એક અજંપો જેવો પેદા થઈ જાય છે. અમે ખાસ કરીને આપણા એવા કરમફર્મા હઝરાતને સમજાવવા માટે અને સામાન્ય રીતે તમામ ઈસ્લામી ભાઈઓને

સમજાવવાના માટે રિસાલતકાળથી લઈને આજના પડતીના દૌર સુધીના કેટલાક ફિક્હી મસાઈલ એકત્ર કર્યા છે જેમના હુકમો સમયની હાલતો સંજોગોના બદલાવાથી બદલાય ગયા છે. હવે તમો એ મસાઈલને ઈન્સાફ તથા પ્રમાણિકપણાની સાથે વાંચો અને જાતે જ ફેંસલો કરો કે અમારી ફિક્હી મજલિસોના ભરેલ પગલાં સલફે સાલિહીન (પૂર્વજ બુઝુર્ગો) તથા ઉમ્મતના અકાબિર (અગ્રેસર) ઉલમાનું અનુસરણ છે કે તેમનાથી મતભેદ કે વિમુખતા છે ?!

ખુદારા ! કુર્આને હકીમની આ નસીહત હર ઘડી યાદ રાખશો : اِعۡدِلُوۡا قف هُوَ اَقۡرَبُ لِلتَّقۡوٰی ''ઈન્સાફ કરો ! એ તક્વા તથા પરહેગારોની નજીક છે.'' *(સૂરએ માઈદા, આ. ૮)*

وَ اِذَا قُلۡتُمۡ فَاعۡدِلُوۡا وَلَوۡ كَانَ ذَا قُرۡبٰی ''અને જયારે વાત કહો તો ઈન્સાફની ગવાહી, ભલે તમારા રિશ્તેદારનો મામલો હોય.'' *(સૂરએ અન્આમ, આ. ૧૫૨)*

અમારો હેતુ અલ્લાહની રઝા માટે ઈલ્મે દીનનો પ્રચાર અને લોકોની સુધારણાનો છે, બસ ! ખુદાએ પાક પોતાના હબીબ રઊફો રહીમ ﷺના સદકામાં એને કબૂલ ફર્માવે અને તેનો લાભ આમ તથા સંપૂર્ણ કરે. આમીન

اِنۡ اُرِیۡدُ اِلَّا الۡاِصۡلَاحَ مَا اسۡتَطَعۡتُ ط

وَ مَا تَوۡفِیۡقِیۡۤ اِلَّا بِاللّٰهِ، عَلَیۡهِ تَوَكَّلۡتُ وَاِلَیۡهِ اُنِیۡبُ.

و صلی اللہ علی خیر خلقہ محمد و اٰلہ وصحبہ اجمعین.

**–મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી**

*(ખાદિમે દર્સ વ ઈફતા : જામિઆ અશ્રફિયા, મુબારકપુર,*
*૨૫ રમઝાનુલ મુબારકની રાત, હિ.સ. ૧૪૩૪, તા. ૪–૮–૨૦૧૩)*

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

الحمدُ للهِ ربّ العالمين والصّلوٰةُ والسّلامُ
علٰی حبيبهٖ سيّدِ المرسلين خاتّمِ النَّبيين
وعَلٰی اٰلهٖ وأزواجِهٖ وصحبِهٖ اجمعين

ઈસ્લામના અહકામ બે પ્રકારના છે :–

કેટલાક અહકામ એવા છે જે સમય સંજોગોના બદલાવાથી નથી બદલાતા. જેમ કે નમાઝના સમયો, રકઅતોની સંખ્યા, નમાઝના કાર્યોમાં ક્રમ, દરેક રકઅતમાં રુકૂઅ એક અને બે સિજદાઓનું હોવું, ઝકાતનો નિસાબ, ઝકાતની માત્રા, મતાફની નિશ્ચિતતા, વકૂફના માટે અરફા તથા મુઝદલ્ફાની નિશ્ચિતતા....વગેરે.

અને કેટલાક અહકામ એવા છે જે સમય સંજોગોના બદલાવાથી બદલાય જાય છે, કેમ કે આ અહકામ કોઈ "બુન્યાદ" (આધાર) પર કાયમ હોય છે, એટલા માટે જયારે તે બુન્યાદ બદલાય જાય છે તો હુકમ પણ બદલાય જાય છે. દા.ત. જયારે સખત ભૂખ તથા તરસના કારણે જયારે બેચૈનીની હાલત પેદા થઈ જાય અને જીવ જવાનો ખતરો હોય તો કુર્આને હકીમ જરૂરત પૂરતુ મુરદાર તથા સુવ્વરનો ગોશ્ત ખાવાની તથા લોહી પીવાની ઈજાઝત આપી દે છે. જયારે એ હાલત ન હોય તો મુરદાર તથા ખિન્ઝીરનો ગોશ્ત ખાવાની તથા લોહી પીવાની ઈજાઝત ન થશે. એ જ પ્રમાણે વરસાદ તથા કીચડના કારણે ઘરોમાં નમાઝ પઢી લેવાની ઈજાઝત છે, પરંતુ જયારે એ હાલત ન હોય તો મસ્જિદની જમાઅતની હાજરી વાજિબ છે.

પહેલા મસ્અલામાં સુવ્વર, મુરદાર તથા લોહીના મુબાહ થવાનો આધાર મજબૂરી છે અને બીજા મસ્અલામાં મસ્જિદની જમાઅતની હાજરીમાં છૂટ હર્જ (મોટા વાંધા)ના કારણે છે. જેથી જ્યાં સુધી આ આધારો (સબબો) જોવા મળશે તો તેના સંબંધિત હુકમો પણ બાકી રહેશે. અને જ્યારે આ આધારો બાકી ન રહેશે તો હુકમો બદલાય જશે.

અલ્લાહના રસૂલ ﷺએ એક વરસ રમઝાન મુબારકની ત્રણ ત્રણ રાતોમાં તરાવીહની નમાઝ જમાઅતની સાથે પઢાવી, પછી કદી જમાઅત ન કરી અને એકલા તરાવીહ પઢતા રહ્યા. એનું કારણ આપે આ વર્ણવ્યું :–

فلم يمنعنى من الخروج إليكم إلّا أنّى
خشيتُ يُفرض عليكم

''હું તરાવીહની જમાઅતના માટે હુજરા (રૂમ)ની બહાર એટલા માટે ન આવ્યો કે મને તમારા પર તરાવીહની જમાઅત ફર્ઝ થઈ જવાનો અંદેશો થયો.'' *(સહીહ મુસ્લિમ શરીફ, ૧/૨૫૯ રમઝાન–તરાવીહનું પ્રકરણ)*

હુઝૂર સૈયદે આલમ ﷺના સતત જમાઅત કાયમ કરવાના કારણે તરાવીહની જમાઅત ફર્ઝ થઈ જવાનો અંદેશો હતો, જેથી આપે ચોથી રાતથી જમાઅત કાયમ ન કરી. પરંતુ ઉમ્મતના સતત જમાઅત કાયમ કરવાથી તરાવીહની જમાઅત ફર્ઝ થવાનો અંદેશો તદ્દન નથી, એટલા માટે ખલીફાએ રાશિદ હઝરત ફારૂકે આ'ઝમ ઉમર બિન ખત્તાબ رضی اللہ عنہએ પોતાના ખિલાફતકાળથી જમાઅત શરૂ કરી આપી. *(બુખારી શરીફ, કિતાબુસ્સલાતિ તરાવીહ, ૧/૨૮૫, મજલિસે બરકાત)*

જેના પર ઉમ્મતનો અમલ આજે પણ ચાલુ છે. કારણ એ જ

છે કે "ફર્ઝ થવાનો અંદેશો" પણ હવે તે કારણે બદલાય ગયું તો હુકમ પણ બદલાય ગયો.

હવે જો કોઈ હુઝૂર ﷺની હદીષ રજૂ કરીને કહે કે હુઝૂર ﷺએ ત્રણ દિવસથી વધુ તરાવીહ જમાઅતથી નથી પઢી તો અમે પણ તેને ત્રણ દિવસથી વધુ જમાઅત સાથે પઢીશું નહીં, અને તેને ઉસ્વએ રસૂલ (રસૂલુલ્લાહ ﷺનો તરીકો)નું અનુસરણ સમજે તો મહાન નાદાની ગણાશે. આ પ્રમાણે ફોગટ ખયાલો પ્રદર્શિત કરવા, એ વહાબી, ગૈર મુકલ્લિદોની આદત છે. અહલે હક્ક અહલે સુન્નત વ જમાઅતને તો "ફિકહે દીન"ની નેઅમતથી નવાઝવામાં આવેલા છે, તેઓ એવું નથી વિચારી શકતા.

## શરઈ અહકામ બદલાવાના પાંચ આધારો છે

હુકમ કોઈ શરઈ દલીલ પર આધારિત હોય છે, પણ સાત ચીજો એવી છે જેના કારણે પાછલા હુકમમાં તબદીલી આવી જાય છે.

એ સાત "શરઈ આધારો" આ પ્રમાણે છે : (૧) જરૂરત (૨) હાજત (૩) ઉમૂમે બલ્વા (૪) ઉર્ફ (૫) તઆમુલ (૬) દીની જરૂરી મસ્લેહતની પ્રાપ્તિ (૭) ઝઘડાનું નિવારણ (ઈઝાલાએ ફસાદ).

આ ઈસ્લામી ફિકહના સાત પાયાના ઉસૂલ (નિયમો) છે જે દરેક દૌરમાં ઈસ્લામી એહકામાં આસાની તથા નરમાશ પૂરી પાડે છે.

મુજદ્દિદે ઈસ્લામ આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہએ પોતાના એક સમૃદ્ધ શબ્દ વડે એને છમાં સીમિત કરી આપ્યા. આપના શબ્દો આ પ્રમાણે છે : "છ વાતો છે જેના સબબે

ઈમામનું કથન બદલાય જાય છે. જેથી જાહેર કૌલની વિરુદ્ધ અમલ થાય છે. એ છ વાતો આ પ્રમાણે છે :–

(૧) જરૂરત (૨) દફએ હર્જ (૩) ઉર્ફ (૪) તઆમુલ (૫) દીની જરૂરી મસ્લેહતની પ્રાપ્તિ (૬) કોઈ ફસાદનું અસ્તિત્વ અથવા ખાત્રીપૂર્વકના ગુમાનનું નિવારણ. એ સૌમાં પણ હક઼ીક઼તમાં ઈમામના ક઼ૌલ પર જ અમલ છે. *(ફ઼વાઈદે રઝવિય્યહ બર હાશિયા ફ઼તાવા રઝવિય્યહ, ૧/૩૮૫ અજલિયુલ અઅ્લામ)*

આ સાત શરઈ પાયાઓ પર જો ફક઼ીહો આગલા હુકમથી વિરુદ્ધ કરે છે તો તે પણ હક઼ીક઼ત સાહિબે શરઅ તથા સાહિબે મઝહબના ઈર્શાદ તથા મઝહબ પર જ અમલ માનવામાં આવે છે, કેમ કે આ પાયાઓને બદલાતી વખતે જો સાહિબે શરઅ અથવા સાહિબે મઝહબ મૌજૂદ હોત તો તે પણ એવું જ ફર્માવત જે અત્યારે આપના વારસો તથા નાયબ ફક઼ીહો કહી રહ્યા છે.

અને જો કોઈ ફક઼ીહ આ પાયાઓથી આંખ આડા કાન કરીને સાહિબે મઝહબના ક઼વી તથા રાજેહ ક઼ૌલથી વિરુદ્ધ કરે તો તે "ઈખ્તિલાફ" ("ઈખ્તિલાફ" શું છે ? એને સમજવા માટે વાંચો લેખકનો લેખ : જુદા ગાના અહકામ ઔર ફિક઼્હી ઈખ્તિલાફત કે હુદૂદ) કરે છે. અને સાહિબે મઝહબથી મુક઼લ્લિદનો ઈખ્તિલાફ ગૈર મક઼બૂલ તથા અવિશ્વસનીય છે. એ જ હુકમ મઝહબના અસ્હાબે તર્જીહ વ તખરીઝ (મસ્અલા કાઢનાર ઈમામો) થી ઈખ્તિલાફનો પણ છે.

## સંજોગોની અસરથી હુકમોમાં તબદીલીનાં દષ્ટાંતો

હવે અમે કેટલાક ફિક઼્હી અહકામ (હુકમો) દષ્ટાંતરૂપે રજૂ કરીએ છીએ જે સંજોગોના બદલાવાથી બદલાય ગયા.

આ ફિક્હી અહકામના અમુક પ્રકારો છે :–

- **પ્રથમ પ્રકાર** : રિસાલતકાળ તથા સહાબાના કાળના એહકામ જે બાદના સમયોમાં બદલાય ગયા.
- **બીજો પ્રકાર** : હનફી ફિક્હના હુકમો જે બાદમાં આવનારા હનફી મશાઈખના દૌરમાં ક્યારેક તબદીલ થયા.
- **ત્રીજો પ્રકાર** : હનફી મઝહબના બદલાયેલા મસાઈલ જેમના પ્રમાણે બેમિષાલ ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ એ ફતાવા આપ્યો, અથવા આપના ફત્વાથી આગલા હુકમમાં ફેરફાર થયો.
- **ચોથો પ્રકાર** : ફતાવા રઝવિય્યહના તે મસાઈલ જે બાદના અહલે સુન્નતના ફક઼ીહોના નવા ફત્વા તથા ફૈંસલાઓ થકી બદલ્યા.

હવે દરેક પ્રકારના કેટલાક નમૂનાઓ જોઈ લઈએ જેથી આપને એ સમજવામાં સરળતા થાય કે હનફી ફિક્હમાં કોઈપણ દૌરમાં જામી રહેવાની ગુંજાઈશ નથી રહી. અને એણે દરેક જમાનામાં સાતેવ ઉપરોક્ત પાયાના નિયમોના આધારે મુસ્લિમ ઉમ્મતનું માર્ગદર્શન કર્યું છે.

:: (પ્રથમ પ્રકાર) ::

# રિસાલતકાળ તથા સહાબાના યુગના બદલાયેલા હુકમો

## (૧) હવે શંકાઓથી બચવાનો હુકમ બદલાય ગયો

શરૂઆતના સમયમાં શંકાઓથી પણ બચવાનો હુકમ હતો. પણ લોકોની હાલતને લક્ષમાં રાખીને ફક઼્હોએ એમાં છૂટછાટની રવિશ અપનાવી. આ વાત ફતાવા રઝવિય્યહ્‌ના નીચે આપેલા લખાણ પરથી જાહેર થાય છે :–

"આપણો જમાનો શંકાઓથી બચવાનો નથી. બલ્કે માણસ આંખોથી જોયેલા હરામથી બચે :–

فی فتاوی الإمام قاضی خان: قالوا: لیس زمانـنا زمانَ اجتناب الشّبهات وانّما علی المسلم أن یتقی الحرام المُعَایَنَ۔ اه۔

وفی تجنیس الإمام برهان الدین عن ابی بکر بن ابراهیم: لیس هذا زمان الشبهات، انّ الحرام أغنانا یعنی إن اجتنبتَ الحرام کفاك۔ اه ملخصًا۔

**(અર્થ)** : ફતાવા ક઼ાઝીખાનમાં છે કે ફક઼ીહો ફર્માવે છે કે આપણો જમાનો શંકાઓથી બચવાનો જમાનો નથી, હવે મુસલમાન પર બસ એટલું ફર્ઝ છે કે ઉઘાડા હરામથી બચે. અને તજનીસે ઈમામ બુરહાનુદ્દીનમાં શયખ અબૂબક્ર બિન ઈબ્રાહીમના હવાલાથી છે કે, આ શંકાઓથી બચવાનો જમાનો નથી, આપણા માટે હરામથી બચવું પૂરતું છે." *-નિઝામ*

સુબ્હાનલ્લાહ ! જ્યારે છઠ્ઠી સદી બલ્કે એના પહેલાંથી દીનના ઈમામો આવો આદેશ આપતા આવ્યા તો આપણે તેમનાથી પછીના લોકોને આ ૧૪મી સદીમાં શું ઉમ્મીદ છે ?! فَاِنَّا لِلّٰهِ وَاِنَّا اِلَيۡهِ رَاجِعُوۡنَ

એ જ કારણે હદીષમાં આવ્યું :–

**اِنّکم فی زمان مَن ترک منکم عُشر ما اُمِر به هلك۔ ثم یاتی زمانٌ مَن عمل منهم بعُشر مااُمِر به نجا۔ أخرجه الترمذی وغیره عن أبی هریرة رضی الله تعالٰی عنه عن النبی ﷺ۔**

''તમે લોકો એવા ભલાઈવાળાઓ તથા સાલેહીનના જમાનામાં છો કે તમારામાંથી કોઈ શરીઅતના હુકમના દસમા હિસ્સાને છોડી આપે તો બર્બાદ થઈ જશે. પછી એના બાદ એવો જમાનો આવનારો છે કે એમનામાંથી કોઈ શરીઅતના હુકમના દસમા હિસ્સા પર અમલ કરતો હોય તો પણ નજાત પામશે. આ હદીષને ઈમામ તિર્મિઝી વગેરેએ હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી અને તેમણે નબી કરીમ ﷺથી રિવાયત કરી. -*નિઝામ*

**હા ! જે વ્યક્તિ બચવા ચાહે એ બેહતર તથા અફઝલ છે અને ખૂબ જ પ્રશંસાપાત્ર (મહમૂદ) અમલ છે. પણ એના વરઅ (તક્વાથી ઉચ્ચ મંઝિલ)નો હુકમ કેવળ તેના જ નફ્સ પર છે, ન કે એના સબબે અસલ ચીજને મના કહેવા લાગે, અથવા જે મુસલમાન એને વાપરતા હોય તેમના પર ટીકા ટીપ્પણ તથા વાંધો ઉઠાવે, તેમને પોતાની દૃષ્ટિમાં નીચ સમજે ! એના કરતાં તો એ વરઅ (તક્વાથી ઊંચી મંઝિલ)ને ત્યજી દેવું હજારગણુ બેહતર**

**હતું કે શરીઅત પર આક્ષેપ તથા મુસલમાનોની ટીકા ટીપ્પણ તથા તેમને તુચ્છ જાણવાથી તો મહેફૂઝ રહેત.**

અરે ! આમ લોકોની બિચારાઓની શું શિકાયત ! આજકાલ ઘણા જાહિલો ઈલ્મ તથા કમાલના નામ પર એ જ રવિશ ચાલે છે. મકરૂહો બલ્કે મુસ્તહબો બલ્કે મુબાહો જેને પોતાની રીતે મના સમજી લે તેનાથી બચવા તથા દૂર રહેવા માટે શું શું નથી લખી દેતા, ત્યાં સુધી કે શિર્ક તથા કુફ્રનો હુકમ લાગુ પાડવા સુધી પહોંચી જાય છે. પાછુ એવું નહીં કે એકાદ જગાએ કદાચ કલમથી નીકળી જાય તો દસ જગાએ એનું નિવારણ અમલમાં આવે, નહીં ! નહીં ! બલ્કે તેને વિવિધ રીતે જમાવે, આડી અવળી દલીલો લાવે, પછી પૂછતાછ કરવામાં આવે તો મનઘડત તાવીલો કે (ગુનાહનું બહાનુ શોધવું ગુનાહ કરતાં મહાન ગુનોહ) ''ગુનાહનો ઉઝર ગુનાહ કરતાં બદ્તર'' એવી તાવીલ કરે કે ડરાવવા તથા ધમકાવવાનો હેતુ જાહેર થાય છે. *(ફતાવા રઝવિય્યહ, ૨/૧૪૦, ૧૪૧, બાબુલ અનજાસ મિન કિતાબુત્તહારત)*

સંજોગોના બદલાય જવાથી હુકમો બદલાવાની આ શહાદત (ઉદાહરણ) ખુદ સાહિબે શરઅ, રસૂલે કાઈનાત, સરવરે આલમ ﷺ આપી રહ્યા છે. જેમાં હુઝૂર ﷺની તરફથી પોતાના ઈલ્મના વારસોના માટે આ હિદાયત પણ સમાયેલી છે કે સારા સમયના લોકોના હુકમોને સામે રાખીને ખરાબ તથા બુરા સમયના લોકો પર હુકમો ન લાગુ પાડશો.

જેથી ઉલમાએ કિરામે પોતે સાહિબે અઝીમત (અસલ હુકમ પર જામી રહેનાર) બનવું જોઈએ પરંતુ જે લોકો રુખસત પર અમલ કરી રહ્યા હોય તેમના પર વાંધો તથા ઈન્કાર ન કરવો જોઈએ. કાશ કે આપણા દીની ભાઈઓ આ સ્થાને આ'લા હઝરત قدس سرہના આદેશો તથા હિદાયતોને નિખાલસ દિલે વાંચીને

પોતાની જિંદગીને તેના માળખા ઢાળવાની કોશિશ કરતા.

**રૂસર (કંપની)ની ખાંડના બારામાં આ'લા હઝરતનો પોતાનો અમલ તથા અન્યોને માટે જાઈઝ હોવાનો ફત્વો**

રૂસર (કંપની)ની ખાંડ જેના વિશે ખબર હતી કે તેની સફાઈ હાડકાં વડે થાય છે. તેના હલાલ તથા હરામ હોવાના બારામાં ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہથી સવાલ કરવામાં આવ્યો. લગભગ ૪૦ પેજીસ પર ઘણી બધી ખૂબ જ મહત્વની તેહક઼ીક઼ો પર આધારિત વિગતવાર જવાબ લખ્યો. એનાથી સર્વાંશે એ ખાડનું હલાલ હોવું સાબિત થાય છે. પણ આ હુકમ અન્ય લોકોને તકલીફથી બચાવવા અને શરીઅતની આપેલી આસાની પહોંચાડવા માટે હતો. પછી પોતાનો હાલ બાદમાં આ લખાણમાં દર્શાવ્યો :–

''ફક઼ીર ગુફિરલ્લાહુ તઆલા લહૂએ આજ સુધી એ ખાંડની સૂરત નથી જોયી, ન કદી મારે ત્યાં મંગાવી, ન આગળ જતાં મંગાવવાનો ઈરાદો. પણ તેમ છતાં હરગિઝ મના નથી માનતો, ન તો જે મુસલમાનો એને વાપરે એમને ગુનેહગાર કે બેબાક જાણુ છું. ન તો પરહેઝગારી (તક઼વા) તથા સાવચેતી (એહતિયાત)નું નામ બદનામ કરીને મુસલમાન પબ્લિક પર ટીકા કરો, ન પોતાના ઝલીલ તથા નીચ નફ્સના માટે તેમના પર ટીકા ટીપ્પણને જાઈઝ સમજે. વબિલ્લાહિલ્ તૌફીક઼.'' *(ફતાવા રઝવિય્યહ, ૨/૧૨૫, બાબુલ અન્જાસ, પ્રથમ આવૃત્તિ, બરેલી શરીફ)*

છેલ્લુ વાક઼્ય વારંવાર વાંચો, ઈન્કેસારી તથા તવાઝોઅ (આજીજી તથા નમ્રતા)નો કામિલ નૂમનો પણ છે અને બોધપાઠ લેવાનો સબક઼ પણ છે. ખાસ કરીને એ લોકોના માટે જેઓ રુખસદ

તો રુખસદ બલ્કે સ્પષ્ટપણે ગુનાહ પર અમલ કરવાના માટે પણ સતત તૈયાર રહે છે અને બીજાઓના માટે ન કેવળ અઝીમત બલ્કે વરઅ (તક્વાથી ઉપર)ની પાબંદી અનિવાર્ય કરી આપે છે ! આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની વિચારધારા તથા અમલથી કેટલા અંશે દૂરી પેદા થઈ ચૂકી છે.

## (૨) પહેલાં નમાઝ ત્યજનાર કાફિર હતો હવે મુસલમાન છે !

રિસાલતકાળ તથા સહાબાના સમયમાં જાણી બુજીને નમાઝ છોડનાર કાફિર ગણાતો હતો. કેમ કે એ દૌરમાં સર્વ મુસલમાનો નમાઝ પઢતા હતા અને કાફિર સિવાય કોઈપણ નમાઝ તર્ક કરતો ન હતો. પણ પછીના યુગોમાં મુસલમાનોની એ નિશાની બદલાય જવાના કારણે કુફ્રનો હુકમ બાકી ન રહ્યો, જેથી હવે નમાઝ ત્યજનારની કાફિરમાં ગણના થતી નથી. ફતાવા રઝવિય્યહમાં ફક઼ીહે ઈસ્લામ સૈયદી આ'લા હઝરત رحمۃ اللہ علیہએ વિવિધ સ્થળોએ એની સ્પષ્ટતા કરી છે. એક ફત્વાનું લખાણ તમો પણ વાંચી લેશો.

''વિના શંકાએ સેંકડો સહાબાએ કિરામ તથા તાબઈને એઝામ તથા મહાન મુજતહિદો તથા ઈસ્લામના ઈમામો رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْنَનો પણ એ જ મઝહબ છે કે જાણી જોઈને (ઈરાદાપૂર્વક) નમાઝ ત્યજનાર કાફિર છે. અને એ જ વિવિધ સહીહ હદીષોમાં આવ્યું છે અને ખુદ કુર્આને કરીમથી સાબિત છે :

وَ اَقِیْمُوا الصَّلٰوۃَ وَ لَا تَکُوْنُوْا مِنَ الْمُشْرِکِیْنَ

''નમાઝ ક઼ાયમ કરો અને કાફિરો જેવા ન બની જાવ.''

સલફે સાલેહના (પૂર્વજ બુઝુર્ગોના યુગમાં) ખાસ કરીને પ્રથમ યુગના મુનાસિબ એ જ હુકમ હતો. એ જમાનામાં નમાઝને છોડવું

કુફ્રની નિશાની હતું કે એવું બનતુ ન હતું પણ કાફિરથી. જેમ કે અત્યારે જનોઈ બાંધવું અને ટીલક લગાડવું કુફ્ર છે. જ્યારે એ ભલાઈનો જમાનો વહી ગયો અને લોકોમાં આળસ આવ્યું તો તેનું (નમાઝ છોડવું) નિશાની હોવું જતુ રહ્યું અને અસલ હુકમથી રુજૂઅ કર્યું કે નમાઝને ત્યજવું એ કૃત્ય કુફ્ર નથી જ્યાં સુધી તેને હલકુ અથવા (છોડવું) હલાલ ન સમજે અથવા નમાઝ ફર્ઝ હોવાનો નકાર કરે. આ જ મઝહબ સૈયદના ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہનો પણ છે.

હનફી કે જે પોતાના ગુમાનમાં એના વિરોધની માન્યતાવાળો હોય ખતાકાર જરૂર છે કે હવે એ હુકમ તેહકીકથી વિરુદ્ધ છે, પણ તે એના સબબે મઆઝલ્લાહ ! ગુમરાહ નહીં ઠરે ન હન્ફિયતથી ખારિજ થશે, કે મસ્અલો ફિક્હી નથી અને અકાબિર (અગ્રેસર) સહાબીઓ તથા ઈમામોના મુજબ છે. અને વાંધા કરનારાઓનું કહેવું કે, "તમે ઈમામે બરહક્ક પર ફત્વા લગાડો." કેવળ જેહાલત અને ઈમામની શાનમાં ગુસ્તાખી છે. *(ફતાવા રઝવિય્યહ, ૨/૨૪૨, ૨૪૩, રઝા એકેડમી)*

ફતાવા રઝવિય્યહના આ લખાણથી ધોળા દિવસની જેમ સ્પષ્ટ થઈ જાય છે કે :–

**(અ)** સમય સંજોગ બદલાવાથી હુકમ બદલાય જાય છે. હુકમ રિસાલતકાળનો હતો જે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمના ફર્માનથી લાગુ થયેલો. પણ એના ઉપર પણ સંજોગોની ગાઢ અસર પડી અને હવે કોઈ ફકીહ તે કુફ્રનો હુકમ લાગુ નથી કરતો, બલ્કે કોઈ દિમાગમાં એ વહેમ નથી આવતો કે આ ફર્માને રિસાલતથી ઈખ્તેલાફ (મતભેદ) તથા સહાબાના મસ્લકથી વિમુખતા છે.

(બ) સાથોસાથ આ ફત્વાથી એ પણ જાણવા મળ્યું કે સારા સમયના લોકોનો હુકમ આજના ખરાબ સમયના લોકો પર લાગુ નથી કરી શકાતો, નહીં તો ઈરાદાપૂર્વક નમાઝ છોડવાને કારણે અગણિત લોકો પર કુફ્રનો હુકમ લાગુ કરવો પડશે.

(ક) એની સાથે એક વાત એ પણ જાણવા મળી કે, "શિઆરે મઝહબી" (ધાર્મિક નિશાની) પણ બદલાય શકે છે, કેમ કે રિસાલતકાળ તથા સહાબાના યુગમાં નમાઝ છોડવી એ કાફિરોની મઝહબી નિશાની હતી, જેમ કે જનોઈ તથા ટીલક તેમની ધાર્મિક નિશાની છે, પણ તે નિશાની બદલાય ગઈ તો હુકમ પણ બદલાય ગયો. જેથી ક઼ૌમી નિશાની તથા ધાર્મિક નિશાનીમાં આ હેસિયતથી તફાવત ન કરવો જોઈએ.

(ડ) અને આ વાત તો ખાસ કરીને દિમાગમાં રાખવાની છે કે કોઈ હનફી આલિમ જો ઈમામે આ'ઝમ અબૂ હનીફાની વિરુદ્ધ ઝન્ની તૌર પર (પોતાના ગુમાનમાં) નમાઝ છોડનારને કાફિર હોવાનું માને તો આ'લા હઝરતની સ્પષ્ટતા પ્રમાણે તે હનફિયતથી બહાર થશે નહીં, અને એના પર એ વાંધો કે, "તમે ઈમામે બરહક્ક઼ પર ફત્વા લગાડો" એ જેહાલત અને ઈમામની શાનમાં ગુસ્તાખી છે. આ "દર્સે રઝા" દરેક ઘડીએ યાદ રાખો અને તેનાથી ગફલત તથા લાપરવાહી ન કરો.

## (૩) સહાબાના કાળમાં જમાઅત છોડનાર મુનાફિક઼ હતો, હવે નહીં !

સહાબાના યુગમાં સામાન્ય નિયમ હતો કે સહાબાએ કિરામ જમાઅત સાથે નમાઝ અદા કરતા હતા અને મુનાફિક઼ો સિવાય કોઈ જમાઅતથી ગૈર હાજર ન રહેતું, એના સિવાય કે કોઈ ખૂબ

જ કમજોર અને હરવા ફરવાથી લાચાર હોય. જેમ કે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہથી રિવાયત છે. તે ફર્માવે છે :–

لقد رأيتُنا وما يتخلّفُ عن الصّلاة الّا منافقٌ قَد عُلِم نفاقُهٗ أو مريضٌ۔ إن كان المريض لَميشى بين رَجلين حتى يأتى الصّلاة۔ وقال: اِنّ رسول اللّٰه صلى الله عليه وسلم عَلّمَنا سُنن الهدىٰ وَاِنّ مِن سُنن الهُدىٰ الصلاة فى المسجد الذى يُؤذّنُ فيه۔

"અમારો અનુભવ છે કે નમાઝથી પાછળ નથી રહેતો પણ ઉઘાડો મુનાફિક્ અથવા બીમાર. અને બેશક ! બીમારની એ હાલત હોતી કે બે શખ્સોની વચ્ચે ચલાવીને નમાઝ માટે લાવતા, અને ફર્માવતા કે રસૂલુલ્લાહ صلى الله عليه وسلمએ અમને સુનનુલ હુદાની તા'લીમ ફર્માવી છે અને જે મસ્જિદમાં અઝાન થાય છે એમાં નમાઝ પઢવી સુનનુલ હુદાથી છે." *(સહીહ મુસ્લિમ શરીફ, ૧/૨૩૨, બાબુ ફદ્લિ સલાતિલ જમાઅહ, મજલિસે બરકાત)*

આ હદીષ બહારે શરીઅતમાં પણ નક્લ થયેલી છે.

પરંતુ બાદના યુગોમાં કોઈ સમયે આ આદત બદલાઈ ગઈ અને હવે તો અસંખ્ય મુસલમાનો મજબૂરી કે બીમારી વિના જમાઅતમાં હાજર નથી થતા, એટલા માટે હવે જમાઅતથી પાછળ રહી જનારાઓને મુનાફિક્ નથી કહી શકતા. જો કે સહાબાના યુગમાં તેઓ મુનાફિક્ ઠરતા હતા.

ફતાવા રઝવિય્યહ્માં એને "ફાસિક્" કહેવામાં આવ્યો છે.

જેમ કે એક ફતવામાં છે :–

"જમાઅત છોડવી તથા મસ્જિદની હાજરીને છોડવાની આદત બનાવનાર ફાસિક્ છે. અને ફાસિક્ ઈત્તેબાઅ તથા પૈરવી

(અનુસરણ)ના પાત્ર નથી.'' *(ફતાવા રઝવિય્યહ્, ૩/૩૮૦, સુન્ની દારુલ ઈશાઅત, મુબારકપુર)*

ફતાવા રઝવિય્યહ્માં જ એક અન્ય ફત્વો પણ છે :–

''વિના કોઈ શરઈ કારણે (જે શરીઅતની દૃષ્ટિએ સ્વીકાર્ય હોય) જાણી જોઈને **જમાઅતમાં હાજર ન થાય તો** સહી તથા ભરોસાપાત્ર મઝહબ મુજબ **જો એકવાર પણ જાણી જોઈને આવુ કર્યું તે ગુનેહગાર થયો** તથા વાજિબને છોડનાર થયો. (**والعیاذ باللہ تعالیٰ**) અને **જો આદત બનાવી લે કે વારંવાર હાજર નથી થતો, તો ભલે કેટલીકવાર હાજર પણ રહેતો હોય, બેશક ! તે ફાસિક્ ફાજિર તથા મરદૂદશ્શહાદત છે.** (ગવાહીના પાત્ર નથી) **فان الصغیرۃ بعد الإصرارِ کبیرۃ** કેમ કે સગીરા ગુનાહ વારંવાર કરવાથી કબીરા ગણાય છે.'' *(ફતાવા રઝવિય્યહ્, ૩/૩૪૬, સુન્ની દારુલ ઈશાઅત, મુબારકપુર)*

આ હુકમ સહાબાના કાળનો છે જે સંજોગો તથા પરિસ્થિતિઓના બદલાવાથી યક઼ીનન ! બદલાય ગયો છે. અને આનાથી પણ તે વાત ઘણી સ્પષ્ટ રીતે સાબિત થાય છે જે ફતાવા રઝવિય્યહ્ના પહેલા (વર્ણવેલ) ફતાવાથી સાબિત થાય છે, ફરક માત્ર કુફ્ર તથા નિફાક્નો છે. પરંતુ જ્યારે મુનાફિક્નું નિફાક્પણુ જાહેર તથા સ્પષ્ટ હોય તો પણ ખુલ્લા કાફિરની જેમ છે, અને તેમાં કોઈ શંકા નથી કે તે પણ કાફિર છે.

## (૪) જુમ્આ તથા જમાઅતમાં સ્ત્રીઓના હાજર રહેવા વિશે જમાનાના બદલાવથી બદલાતા હુકમો

હુઝૂર ﷺના મુબારક યુગમાં સ્ત્રીઓને જુમ્આ તથા જમાઅતમાં હાજર રહેવાની ઈજાઝત હતી.

**قَالَ ﷺ إِذَا اسْتَاذَنَتْ أَحَدَكُمْ امْرَأَتُهُ إِلَى الْمَسْجِدِ فَلَا يَمْنَعَنَّهَا۔**

"રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જ્યારે કોઈની સ્ત્રી તેનાથી મસ્જિદ જવા માટેની ઈજાઝત માગે તો તે હરગિઝ તેણીને ન રોકે." *(ફતાવા રઝવિય્યહ્, ૧/૩૮૬, રિસાલા અજલ્લિયુલ અઅ્લામ, અહમદ, મુસ્લિમ, બુખારી, અબૂ દાઊદના હવાલાથી)*

**لَا تَمْنَعُوْا اِمَآءَ اللّٰهِ مَسَاجِدَ اللّٰهِ** "અલ્લાહની બાંદીઓને અલ્લાહની મસ્જિદોથી ન રોકો." *(ફતાવા રઝવિય્યહ્, ૧/૩૮૬, રિસાલા અજલ્લિયુલ અઅ્લામ, અહમદ, મુસ્લિમ, બુખારી, અબૂ દાઊદના હવાલાથી, કિતાબુલ જુમ્આ)*

એક સહાબિયા હઝરત ઉમ્મે અતિય્યહ્ رضی اللہ عنہاનું બયાન છે :

**اَمَرَنَا أَنْ نُخْرِجَ الْحُيَّضَ يَوْمَ الْعِيْدَيْنِ وَذَوَاتِ الْخُدُوْرِ فَيَشْهَدْنَ جَمَاعَةَ الْمُسْلِمِيْنَ وَدَعْوَتَهُمْ، وَتَعْتَزِلَ الْحُيَّضُ عَنْ مُّصَلَّا هُنَّ قَالَتِ امْرَأَةٌ: يَا رَسُوْلَ اللّٰهِ، إِحْدَانَا لَيْسَ لَهَا جِلْبَابٌ قَالَ: لِتُلْبِسْهَا صَاحِبَتُهَا مِنْ جِلْبَابِهَا۔**

"નબીએ કરીમ ﷺએ અમને હુકમ આપ્યો કે ઈદૈનના દિવસે હૈઝવાળી સ્ત્રીઓ તથા પર્દામાં રહેતી જુવાન છોકરીઓ પણ નીકળે મુસલમાનોની જમાઅતમાં તથા તેમની દુઆમાં હાજર થાય. હા ! હૈઝવાળી સ્ત્રીઓ ઈદગાહથી અલગ રહે. એક સ્ત્રીએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ અમારામાંથી કેટલીક સ્ત્રીઓ પાસે ચાદર પણ નથી હોતી ! તો આપ ﷺએ ફર્માવ્યું, સાથવાળી સ્ત્રી તેણીને પણ પોતાની ચાદર ઓઢાડી આપે." *(ફતાવા રઝવિય્યહ્, ૪/૧૬૯, સહીહ બુખારી શરીફ તથા સહીહ મુસ્લિમ શરીફના હવાલાથી, સુન્ની દારુલ ઈશાઅત–મુબારકપુર)*

પહેલી બે રિવાયતો દ્વારા જમાઅતમાં સ્ત્રીઓને હાજરી આપવાની ઈજાઝત સાબિત થાય છે. અને ત્રીજી રિવાયતથી હુકમ સાબિત થાય છે. (ભલે ને હુકમ મુબાહ હોવાનો હોય) કે વિના કોઈ ભેદભાવ તમામ બાલિગ સ્ત્રીઓ જુમ્આ તથા પાંચ વખતની જમાઅત તેમજ ઈદૈનમાં હાજર થાય. હા! હૈઝવાળી સ્ત્રીઓ ઈદગાહથી દૂર રહે તેમની હાજરી માત્ર બરકત હાંસલ કરવા તથા દુઆમાં સામેલ થવા માટે છે.

પરંતુ ફારૂકે આઝમ رضی اللہ عنہના દૌરમાં જ્યારે રસૂલુલ્લાહ ﷺના મુબારક જમાના જેવી સાદગી તથા સઆદત બાકી ન રહી અને ખલીફાએ બરહક્ક સૈયદના ફારૂકે આઝમ رضی اللہ عنہએ તે (સમય)માં અમુક ફસાદના અંશો અનુભવ્યા તો જમાઅતમાં સ્ત્રીઓની હાજરીને મનાઈ ફર્માવી આપી.

ઈમામ અકમલુદ્દીન બાબરતી رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

**لَقَدْ نَهٰى عُمَرُ رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهُ النِّسَآءَ عَنِ الْخُرُوْجِ اِلٰى الْمَسَاجِدِ فَشَكَوْنَ اِلٰى عَائِشَةَ رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهَا فَقَالَتْ: لَوْ عَلِمَ النَّبِىُّ ﷺ مَا عَلِمَ عُمَرُ مَا اَذِنَ لَكُنَّ فِى الْخُرُوْجِ۔**

"હઝરત ઉમર رضی اللہ عنہએ સ્ત્રીઓને મસ્જિદમાં જવાથી રોકી આપી તો તેણીઓએ હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہاની ખિદમતમાં (તેની) ફરિયાદ કરી. આપે (હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہاએ) ફર્માવ્યું કે જો નબી કરીમ ﷺ તે સ્થિતિઓ નિહાળતા જે પરિસ્થિતિઓ હઝરત ઉમર رضی اللہ عنہ જોઈ રહ્યા છે, તો તમને મસ્જિદ જવાની ઈજાઝત ન આપતા." *(ફતાવા રઝવિય્યહ, ૪/૧૭૦, હિદાયાની શરહ ઈનાયાના હવાલાથી)*

વિચારીએ કે સરકારે દો આલમ ﷺ સ્ત્રીઓની જમાઅતમાં હાજરીને કેટલી પસંદ ફર્માવી રહ્યા છે કે પુરૂષોને મનાઈ ફર્માવી રહ્યા છે કે સ્ત્રીઓને મસ્જિદની જમાઅતમાં હાજર રહેવાથી ન રોકે, અને સ્ત્રીઓને હુકમ આપી રહ્યા છે કે તેણીઓ ઈદૈનની જમાઅતમાં કોઈપણ સ્થિતિમાં હાજર થાય. પરંતુ પરિસ્થિતિમાં થોડોક બદલાવ આવતાંની સાથે જ હઝરત ઉમર رضی اللہ عنہએ તેણીઓને રોકી આપી અને સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیۡھِمۡ اَجۡمَعِیۡنَએ તેનાથી સહમતિ પણ દર્શાવી. તો શું સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیۡھِمۡ اَجۡمَعِیۡنَએ રસૂલુલ્લાહ ﷺના મુબારક યુગના સર્વ સહમત હુકમ તથા ફર્માને રિસાલતની વિરુદ્ધ કર્યું તથા ઈખ્તેલાફ કર્યો ? આમ તો કોઈ સુન્ની વિચારી પણ ન શકે !

**(૫)** તાબઈને કિરામના સમયમાં હનફી ફક઼ીહોએ જેમાં ખાસ કરીને સિરાજુલ ઉમ્મહ, કાશિફુલ્ ગુમ્મા ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہએ વૃદ્ધા (ઘરડી) સ્ત્રીઓને ઈશા તથા ફજરની નમાઝમાં મસ્જિદમાં હાજરી આપવાની ઈજાઝત આપી. કેમ કે તે (આ બે નમાઝોના) સમયે ફાસિક઼ો તથા ફાજિરો ખાવા તથા સૂવામાં વ્યસ્ત રહેતા હતા જેથી ફસાદ તથા ફિત્નાની સંભાવના તે પણ વૃદ્ધ સ્ત્રીઓ સાથે ઘણી ઓછી હતી.

**وَيُكرهُ لَهُنَّ حُضُوْرُ الجَمَاعَت وَلَا بَأسَ لِلعَجُوْزِ أنْ**
**تَخْرُجَ فِى الفَجْرِ وَالْعِشَآءِ۔**

સ્ત્રીઓ માટે જમાઅતની હાજરી મનાઈ છે. અને ઘરડી સ્ત્રીઓને ઈશા તથા ફજરમાં કોઈ વાંધો નથી. *(હિદાયા અવ્વલૈન–૧૦૫)*

આ હુકમ પણ બેશક ! રિસાલતનાકાળના હુકમથી અલગ છે. પરંતુ નિઃસંકોચ રીતે આ હુકમ પણ રસૂલુલ્લાહ ﷺના ફર્માનની વિરુદ્ધ નથી, બલ્કે સ્થિતિ બદલવાના કારણે હુકમનું બદલાય જવું છે.

**(૬)** અને હવે જ્યારે બાદમાં લોકોની સ્થિતિ આપ (ઈમામે આ'ઝમ رضی اللہ عنہના) સમયકાળથી પણ અધિક નબળી થઈ ગઈ કે લોકોના ફિસ્કો ફુજૂર તથા ફિત્ના ફસાદથી કોઈ પણ સમય સુરક્ષિત ન રહ્યો. તો બાદના હનફી ફુકહાએ કિરામે વિના કોઈ ભેદભાવે (જુવાન તથા વૃદ્ધના ભેદભાવ વિના) સામાન્યતઃ દરેક સ્ત્રી માટે નમાઝની હાજરીને ફારૂકે આ'ઝમ رضی اللہ عنہના યુગની જેમ મનાઈ ફર્માવી આપી.

وَلَمَّا رَدَّ عَلَيْهِ الْبَحْرُ بِأَنَّ هٰذِهِ الْفَتْوىٰ مُخَالِفَةٌ لِمَذْهَبِ الْإِمَامِ وَصَاحِبَيْهِ جَمِيْعًا. فَإِنَّهُمَا اَبَاحَا لِلْعَجَائِزِ الْحُضُوْرَ مُطْلَقًا وَالْإِمَامَ فِيْ غَيْرِ الظُّهْرِ وَالْعَصْرِ وَالْجُمُعَةِ. فَالْإِفْتَاءُ بِمَنْعِ الْكُلِّ فِى الكل مُخَالِفٌ لِلْكُلِّ فَالْمُعْتَمَدُ مَذْهَبُ الْإِمَامِ. إهـ بِمَعْنَاهُ.

أَجَابَ فِى النَّهْرِ قَائِلًا: فِيْهِ نَظَرٌ بَلْ هُوَ مَاخُوْذٌ مِّنْ قَوْلِ الْإِمَامِ وَذٰلِكَ أَنَّهُ اِنَّمَا مَنَعَهَا لِقِيَامِ الْحَامِلِ وَهُوَ فَرْطُ الشَّهْوَةِ بِنَاءً عَلٰى أَنَّ الْفَسَقَةَ لَا يَنْتَشِرُوْنَ فِى الْمَغْرِبِ لِأَنَّهُمْ بِالطَّعَامِ مَشْغُوْلُوْنَ وَفِى الْفَجْرِ وَالْعِشَاءِ نَائِمُوْنَ. فَاذَا فُرِضَ انْتِشَارُهُمْ فِى هٰذِهِ الْأَوْقَاتِ لِغَلَبَةِ فِسْقِهِمْ كَمَا فِى زَمَانِنَا بَلْ تَحَرِّيْهِمْ إِيَّاهَا كَانَ الْمَنْعُ فِيْهَا اَظْهَرَ مِنَ الظُّهْرِ اهـ.

**قَالَ الشَّيْخُ سُ إِمٰعِيْلُ وَهُوَ كَلَامٌ حَسَنٌ إِلَى الْغَايَةِ۔ اه۔ش**

''અને બહર્રુરાઈકના લેખકે જ્યારે મુતઅખ્ખીરીન (બાદના હનફી ફુકહા ઈમામો) ઉપર એતેરાઝ તથા વાંધો ઉઠાવ્યો કે તેમનો

આ ફત્વો ઈમામે આ'ઝમ તથા તેમના બંને શાગિર્દોના મઝહબની વિરુદ્ધ છે, કેમ કે સાહિબૈન (ઈમામ અબૂ યૂસુફ તથા ઈમામ મુહમ્મદ رضی اللہ عنہما)એ વૃદ્ધ સ્ત્રીઓનું મસ્જિદમાં હાજર થવું સામાન્યતઃ (દરેક નમાઝમાં) જાઈઝ ઠરાવ્યું છે અને ઈમામે આ'ઝમ رضی اللہ عنہએ ઝોહર, અસર તથા જુમ્આ સિવાયની નમાઝમાં (વૃદ્ધ સ્ત્રીઓ માટે) મસ્જિદમાં આવવાની ઈજાઝત આપી છે. તો દરેક સમય(ની નમાઝમાં) હાજરી આપવાથી રોકવું તમામ (ઈમામો)ના વિરુદ્ધ છે. જેથી ભરોસાપાત્ર મઝહબ ઈમામે આ'ઝમનો છે.''

તો નહરુલ ફાઈકમાં અલ્લામા બહ્રની ઉપરોક્ત ટીપ્પણીને વિચારવાપાત્ર ગણાવીને ફર્માવ્યું કે બાદમાં ઈમામોનો મઝહબ ઈમામે આ'ઝમના જ કૌલ (મંતવ્ય)થી લેવામાં આવ્યો છે. કેમ કે ઈમામે આ'ઝમ એક (બુરાઈના) કારણથી સ્ત્રીઓને મસ્જિદમાં આવવાથી રોકી દીધી હતી. તે કારણ એ છે કે ફાસિકોમાં શહવત પરસ્તી (વાસનાવૃત્તિ તથા લપંટ હોવુ) અધિક સ્તરે વધી ગયું હતું. એટલા માટે સ્ત્રીઓને રોકી દેવામાં આવી હતી. મગરિબના સમયે આ નાખુદા તરસો (અલ્લાહનો ખૌફ ન રાખનારાઓ) બહાર નથી રહેતા, ખાવાપીવામાં વ્યસ્ત રહેતા હોય છે, તથા ફજર તેમજ ઈશાના સમયે સૂતેલા હોય છે. પરંતુ હવે તેમના ફાસિક્પણામાં વધારો થવાના કારણે આ સમયે (ફજર, મગરિબ, ઈશા)માં પણ બહાર ફરતા હોય છે, બલ્કે આવા સમયની તાકમાં લાગેલા રહે છે. જેમ કે આપણા (આજના) યુગનો આ જ હાલ છે. તો આ સમયોમાં (સ્ત્રીઓના ઘરથી બહાર નીકળવા પર) રોક લગાડવાનો હુકમ અધિકપણે હોવો જોઈએ. *(ફતાવા રઝવિય્યહ, ૧/૩૮૬, રિસાલા અજલ્લિયુલ્ અઅ્લામ)*

અલ્લામા શૈખ ઈસ્માઈલ ફર્માવે છે કે આ ઘણી સારી (ઉચિત) વાત છે. આને કહેવાય સમય તથા સંજોગનો લેહાઝ કે એક મસ્અલામાં ત્રણ ત્રણ વાર હુકમ બદલાઈ જવાનું ચિત્ર દુનિયાની નિગાહોએ જોયું. પહેલીવાર ખુદ ખલીફએ રસૂલ સૈયદના ફારૂકે આ'ઝમ رضی اللہ عنہના હુકમથી (આદેશથી) આ હુકમ બદલવામાં આવ્યો જે જાહેરમાં રિસાલતકાળના હુકમની વિરુદ્ધ હતો. બીજીવાર (હુકમની) તબ્દીલી તાબઈને કિરામના યુગમાં સિરાજુલ ઉમ્મહ સૈયદુના ઈમામે આ'ઝમ رضی اللہ عنہના દ્વારા થઈ. અને ત્રીજીવાર હુકમ બદલવાનું આ હિકમતભર્યું કાર્ય હનફી ઈમામોએ અંજામ આપ્યું. પરંતુ શરીઅતની મસ્લેહતો તથા તેના ભેદો, હેતુઓ ઉપર નજર રાખનાર સારી રીતે સમજે છે કે (હુકમોમાં) આ પ્રમાણેનો બદલાવ રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمની મરજી મુજબ છે, આપ صلی اللہ علیہ وسلمની મરજી વિરુદ્ધ નથી. આપની મરજી વિરુદ્ધ તો તે લોકો કહે છે તથા સમજે છે જેઓ સહાબા તથા તાબઈનની પયરવીથી બિલ્કુલ આઝાદ છે અને વહાબિયતની બલાએ જેમને પાગલ કરી નાખ્યા છે. અહલે સુન્નતે તો સહાબા તથા તાબઈને કિરામ તેમજ ઈમામે આ'ઝમ رضی اللہ عنہની પૈરવી કરવી જોઈએ.

## (૭) પહેલાં ચેહરાનો પર્દો વાજિબ ન હતો, હવે વાજિબ છે

સરકારે દો આલમ صلی اللہ علیہ وسلمના યુગમાં સ્ત્રીઓ માટે ચહેરાનો પર્દો વાજિબ ન હતો, કેમ કે તે ઝમાનો તક્વા તથા ખૌફે ખુદાનો જમાનો હતો. સામાન્યતઃ લોકો ગુનાહોથી બચતા હતા. પરંતુ જ્યારે સ્થિતિમાં બદલાવ આવ્યો, સમય તથા સંજોગ બદલાવા લાગ્યા તો (આ) હુકમ પણ બદલાય ગયો અને ઉલમાએ ચહેરો છુપાવવા

માટે વાજિબનો હુકમ ફર્માવ્યો[1]. આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃاللہعلیہ ફર્માવે છે : આપણી શરીઅતે મુતહ્હરામાં ઉચ્ચકક્ષાની હિક્મત તથા મજબૂતી તેમજ બારીક મસ્લેહતોની

---

*૧. સ્પષ્ટ રીતે જાણી લો કે આ આયતે કરીમામાં* يُدۡنِيۡنَ عَلَيۡهِنَّ مِنۡ جَلَا بِيۡبِهِنَّ *માથુ ઢાંકવાનો હુકમ વાજિબ છે. આયત આ પ્રમાણે છે :–*

يٰٓاَيُّهَا النَّبِيُّ قُلۡ لِّاَزۡوَاجِكَ وَبَنٰتِكَ وَ نِسَآءِ الۡمُؤۡمِنِيۡنَ يُدۡنِيۡنَ عَلَيۡهِنَّ مِنۡ جَلَا بِيۡبِهِنَّ ذٰلِكَ اَدۡنٰۤى اَنۡ يُّعۡرَفۡنَ فَلَا يُؤۡذَيۡنَ

*"હે ! નબી પોતાની બીવીઓ તથા સાહબઝાદીઓ તેમજ મો'મિનોની ઔરતોને ફર્માવી આપો કે પોતાની ઉપર પોતાની ઓઢણીઓ લટકાવી રાખે. આ તેનાથી નજીક (યોગ્ય) છે કે તેઓ ઓળખાય જશે તથા તેણીઓને કોઈ ઈજા પણ નહીં પહોંચાડવામાં આવે." (સૂરએ અહઝાબ, આ. ૭૭) હઝરત મુજાહિદથી રિવાયત છે કે દોપટ્ટાઓ તથા ઓઢણીઓ ઓઢવાનો હુકમ એટલા માટે છે કે જેથી ખબર પડે કે તે સ્ત્રી આઝાદ છે અને (બાંદી સમજીને) કોઈ ફાસિક્ તેમનાથી છેડછાડ ન કરે. અને ઈબ્ને અબ્બાસ તથા મુજાહિદ رضی اللہ عنہما ફર્માવે છે કે આઝાદ સ્ત્રીઓ બહાર નીકળતી વખતે પોતાની પેશાની તથા માથુ ઢાંકી લે અને હઝરત ઉમર رضی اللہ عنہથી રિવાયત છે કે તેઓ (હઝરત ઉમર) બાંદીઓને મારી મારીને ફર્માવતા હતા કે પોતાનું માથુ ખુલ્લુ રાખો અને આઝાદ સ્ત્રીઓની બરાબરી ન કરો." (અહકામુલ કુર્આન–જસાસની, ૫/૪૨૫) બહારે શરીઅતમાં છે :–"અજનબી સ્ત્રીના ચહેરા તરફ જોવું ભલે જાઈઝ છે જ્યારે કે શેહવત (ઉત્તેજના)ની સાથે ન હોય. પરંતુ આ યુગ ફિત્નાનો છે, આ જ યુગમાં એવા લોકો કયાં કે જેઓ પહેલાંના જમાનામાં હતા. જેથી આ યુગમાં તેણીને જોવાની મનાઈ કરવામાં આવશે. (દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહ્તાર, બહારે શરીઅત, ૧૬/૪૪૬)* **–મુહમ્મદ નિઝામુદ્દીન ગુફિરલહૂ**

રિઆયત (લેહાઝ) છે. અને જે હુકમ ઉર્ફ તથા મસ્લહેતો ઉપર આધારિત હોય છે (તે હુકમ) તે જ વસ્તુઓની સાથે લાગેલો રહે છે, અને સમયના બદલવાથી તે હુકમ પણ બદલાય જાય છે અને તે સર્વ હુકમો શરીઅતના હુકમો ગણાય છે. જેમ કે હુઝૂર સરવરે આલમ ﷺના પવિત્ર યુગમાં નેકીઓ તથા તક્વા તેમજ ખૌફે ખુદાની અધિક્તાના કારણે તથા ફિત્ના ન હોવાના કારણે સ્ત્રીઓ ઉપર સતર (છુપાવવું) તથા પર્દો વાજિબ ન હતો......ત્યાર પછી........ધીરે ધીરે શરીઅતના અલમબરદારોએ તથા ઉમ્મતના આલિમોએ પર્દાનો હુકમ આપ્યો અને ચહેરો છુપાવવાનો જે પહેલાં વાજિબ હતો તેને (હવે) વાજિબ કરી આપ્યો. ''નિહાયા''માં છે : **سدل الشئ علٰی وجهها واجبٌ** સ્ત્રીઓએ પોતાના ચહેરા ઉપર નિકાબ (પર્દો) વગેરે નાખવો વાજિબ છે. ''શરહે લુબાબ''માં છે :

**دَلّتِ المسعلة علٰی أنّ المرأة مَنْهِيَّةٌ عَلٰی إظهارِ وَجْهِهَا لِلأجانب بلا ضرورة۔**

''આ મસ્અલો (ઉપરોક્ત) એ વાતની દલીલ છે કે અજનબી પુરૂષો સમક્ષ સ્ત્રીઓએ વિના કોઈ કારણે પોતાના ચહેરાને ખોલવાની મનાઈ છે. ''તન્વીરમાં છે :

**تمنع من كشف الوجه بين رجالٍ لخوف الفتنة**

પુરૂષોના દરમિયાન ફિત્નો થવાના કારણે સ્ત્રીઓએ પોતાનો ચહેરો ખોલવાની મનાઈ છે.'' *(ફતાવા રઝવિય્યહ્, પેજ : ૪૪૩, ૪૪૪, રિસાલો : અન્ફસુલ ફિક્, સુન્ની દારુલ ઈશાઅત, મુબારકપુર)*

રિસાલતકાળનો હુકમ પોતાના સ્થાને કેટલો અગત્ય તથા અહમ છે, તેનાથી આપણી અવામ તથા ખાસ લોકો પણ વાકેફ

છે. શું કોઈ સુન્ની તેનાથી વિરુદ્ધ તથા ઈખ્તેલાફ તેમજ (તે હુકમથી) ફરી જવાની વાત વિચારી શકે છે ?!!

તો પણ આ એક સચોટ હકીક્ત છે કે જે વસ્તુ રિસાલતકાળમાં વાજિબ ન હતી તે પછીના દૌરમાં કઈ સ્થિતિમાં વાજિબ કરી દેવામાં આવી અને આજે આપણા અહલે સુન્નતના ફુક્હાએ કિરામ પણ તેને વાજિબ જ માને છે, અને સાથે સાથે એ પણ સ્વીકારે છે. આ હુકમ રિસાલતકાળના હુકમથી ઈખ્તેલાફ (વિરુદ્ધ) તથા ઈન્હેરાફ (ફરી જવું) નથી. બલ્કે સમય, સંજોગોના બદલાય જવાથી શરીઅતે પોતે (આ પ્રકારના) વિરોધાભાસને સ્વીકાર્ય રાખ્યો છે. અને ફુક્હા તથા ઈમામોએ તો માત્ર આ હક઼ીક઼તના ચહેરા પરથી પર્દો હટાવ્યો છે.

## (૮, ૯) હવે સર્ફ તથા નહ્‌વ (અરબી ગ્રામર)ની તા'લીમ તથા અંગરખાનો સીધો પર્દો વાજિબ છે

સૈયદી આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ ફર્માવે છે : વાજિબ તથા હરામ કામો આપણી શરીઅતમાં બે પ્રકારનાં છે :

**એક** : *'લિઅયનિહી'* એટલે કે (એવું કામ) જેની (મનાઈ) જાતમાં (સ્વંય, વાસ્તવિક્તા) વાજિબ હોવાનો તથા હરામ હોવાનો તક઼ાઝો (આધાર) મૌજૂદ હોય. જેમ કે અલ્લાહની ઈબાદતનું ફર્ઝ હોવું તથા મૂર્તિ પૂજાનું હરામ હોવું. **બીજાં** : *'લિગયરિહી'* એટલે કે એવાં કામો જેમની જાત (સ્વંય)માં તો વાજિબ હોવાનો અથવા હરામ હોવાનો કોઈ આધાર ન હોય પરંતુ કોઈ બાહ્ય આધાર એવો હોય કે જેના કારણે તે કામો વાજિબ અથવા હરામ થઈ જશે. જેમ કે નહ્‌વ તથા સરફની તા'લીમનું વાજિબ હોવું કે આપણા

નબી ﷺનું કલામ (આદેશો) અરબી ભાષામાં છે. અને કુર્આન હદીષને આ ઈલ્મ (સર્ફ તથા નહ્વ, અરબી ગ્રામર સિવાય) સમજવું (અતિ) મુશ્કેલ છે એટલા માટે તેના (સર્ફ તથા નહ્વ અરબી ગ્રામર) શિખવાને વાજિબ ઠરાવવામાં આવ્યું. અને અફીણ તેમજ ભાંગ વગેર જેવી નશાવાળી વસ્તુઓનું હરામ હોવું એટલા માટે છે કે તેના પીવાથી એક અણમોલ નેઅમત બુદ્ધિ નષ્ટ થઈ જાય છે જે તમામ ભલાઈઓ તથા નેકીઓ તરફ માર્ગદર્શક છે, અને દરેક ફિત્ના તથા બુરાઈથી બચાવનાર છે.

તે જ પ્રમાણે "શિઆર" (ખમીસ, પોશાક) છે કે દા.ત. અંગરખાનો સીધો પર્દો આપણી અસલ શરીઅતમાં વાજિબ નથી. બલ્કે આપણા નબી ﷺએ ન ક્યારે અંગરખુ પહેર્યું, અને ન તો હુઝૂર ﷺના મુલ્કમાં તેનો રિવાજ હતો. પરંતુ હવે હિંદુસ્તાનમાં મુસલમાનોની ઓળખ થઈ ગઈ છે. અને અંગરખાનો ઉલ્ટો પર્દો કાફિરોની ઓળખ થઈ ગઈ છે. તો હવે સીધો પર્દો છોડીને ઉલ્ટો પર્દો કરવો યકીનન હરામ થશે. *(ફતાવા રઝવિય્યહ્, ૮/૪૪૪, રિસાલા : અન્ફુસુલ્ ફિક્ર)*

આ છે અહકામ ઉપર હાલાતે ઝમાના (સમય તથા સંજોગો)ની અસર કે જે વસ્તુ રસૂલુલ્લાહ ﷺના પવિત્ર કાળમાં વાજિબ ન હતી. હાલાત તથા પરિસ્થિતિઓના બદલવાથી વાજિબ થઈ ગઈ અને જે વસ્તુ મુબાહ હતી તે હરામ થઈ ગઈ.

શું આ ખૈરુલ કુરૂન (બેહતરીન યુગ સહાબા, તાબઈનના જમાના)થી તથા ખાસ કરીને નબવી યુગથી ઈખ્તેલાફ તથા તેના વિરુદ્ધ કરવું છે ?! આવું તો કોઈ ઉચ્ચ દષ્ટિ ધરાવનાર આલિમે દીન તથા ફકીહ વિચારી પણ ન શકે ! તો જો આજે કેટલાક મુહક્કિક

ફક઼ીહો તેને નમૂનો માનીને તે જ સીધો માર્ગ અપનાવે તો તેમણે તેને પણ સમય તથા સંજોગની અસર સમજવું જોઈએ અને ઈખ્તેલાફ ઉભો કરવું અથવા ફરી ગયા હોવાનો દિલમાં વસવસો આવે તો તેને ઝબાન તથા ક઼લમ પર લાવવાને ઐબ સમજવું જોઈએ.

## (૧૦) નબવી કાળમાં બૂટ, ચપ્પલ પહેરીને મસ્જિદમાં જવું જાઈઝ હતુ, હવે નાજાઈઝ

રસૂલુલ્લાહ ﷺના પવિત્ર યુગમાં જૂતા (બૂટ, ચપ્પલ) પહેરીને નમાઝ પઢવું જાઈઝ તથા અદબના મુજબ હતું. પોતે હુઝૂર સૈયદુલ મુરસલીન ﷺ પોતાના નાલૈન શરીફ પહેરીને નમાઝ પઢી લેતા હતા. સહાબાએ કિરામથી પણ જૂતા પહેરીને નમાઝ પઢવી સાબિત છે. જેમ કે ફતાવા રઝવિય્યહ્, ભાગ : ૩, પેજ : ૪૩૯, ૪૪૦, ૪૪૫, ૪૫૦થી સાબિત છે. પરંતુ હવે લોકોનો ઉર્ફ (રિવાજ) તથા પરિસ્થિતિ બદલાય જવાના કારણે મનાઈ તથા અદબના વિરુદ્ધ ગણાશે.

ફતાવા રઝવિય્યહ્માં છે :–

"અને મસ્જિદમાં તો પહરેલા (ઉપયોગમાં આવતા) જૂતા પહેરીને જવું પણ મના તથા નાજાઈઝ છે. અને ન કે મસ્જિદમાં જોડા પહેરીને જમાઅતમાં શરીક થવું. (એટલે એ જાઈઝ નથી).
*(ફતાવા રઝવિય્યહ, ૩/૪૪૪, સુન્ની દારુલ ઈશાઅત, મુબારકપુર)*

ફતાવા રઝવિય્યહ્માં બીજી જગ્યાએ છે :–

"મસ્જિદમાં જૂતા (પગરખાં) પહેરીને જવું અદબના વિરુદ્ધ છે." ફતાવા સિરાજિયા તથા ફતાવા આલમગીરીમાં છે :–

دخول المسجد متنعّلًا مكروه۔۔۔اه ''મસ્જિદમાં જૂતા પહેરીને દાખલ થવું મકરૂહ છે.'' રદ્દુલ મુહ્તારમાં ઉમ્દતુલ્ મુફતીના હવાલાથી છે :–

دخولُ المسجد مُتَنَعِّلًا من سوء الأدب۔اه۔ ''મસ્જિદમાં જૂતા (બૂટ, ચપ્પલ) પહેરીને જવું બેઅદબી છે.''

અદબનો આધાર ઉર્ફ તથા રિવાજ પર જ છે, અને તે સમયના બદલાવ તથા દેશ તેમજ કૌમના બદલાવથી બદલાય જાય છે. અરબમાં બાપની સાથે ''અન્ત'' વડે સંબોધીને વાત કરવામાં આવે છે, એટલે કે ''તું''. રસૂલુલ્લાહ ﷺના પવિત્ર યુગમાં પણ આ જ પ્રમાણે (બાપને) સંબોધવામાં આવતા હતા. સૈયદુના ઈસ્માઈલ علیہ السلامએ પોતાના વાલિદે માજિદ સૈયદુના ઈબ્રાહીમ શૈખુલ અંબિયા, ખલીલે કિબ્રિયા علیہ السلامથી અર્ઝ કરી, ''હે મારા બાપ! તું કર જે વાતનો તને હુકમ આપવામાં આવ્યો છે.'' હવે જો કોઈ બેદઅબ તેને આધાર બનાવીને પોતાના બાપને તું કહે તો તે જરૂર ગુસ્તાખ અને સજાને પાત્ર ગણાશે. (એ જ રીતે) નમાઝ અલ્લાહ બેનિયાઝની બારગાહમાં હાજર થવું છે. કોઈ નવાબના દરબારમાં જૂતા (બૂટ, ચપ્પલ) પહેરીને જાય તો ખરો ? *(ફતાવા રઝવિય્યહ, ૩/૪૫૦, રિસાલા : સુન્ની દારુલ ઈશાઅત, મુબારકપુર)*

લોકોના ઉર્ફ તથા જમાનાની સ્થિતિઓની શરીઅતના હુકમો ઉપર કેટલી ઊંડી અસર પડે છે તેનો અંદાઝો ઉપરોક્ત ફત્વાથી લગાડી શકાય છે કે જે વાત નબવી કાળમાં તથા સહાબાના કાળમાં અદબના મુજબ ગણવામાં આવતી હતી, તે આજના યુગમાં અદબના વિરુદ્ધ થઈ ગઈ. અને તેના આધારે હવે શરીઅતનો હુકમ પણ ''જાઈઝ હોવાથી'' બદલાયને ''નાજાઈઝ'' થઈ ગયો.

## (૧૧) નબવી કાળમાં કુર્આનની તા'લીમ આપવા પર ઉજરત (મહેનતાણુ) લેવી હરામ, હવે જાઈઝ !

કુર્આને પાકની તા'લીમ પર મહેનતાણુ લેવું રસૂલુલ્લાહ ﷺના પવિત્ર યુગમાં હરામ હતું, પરંતુ ત્યાર પછીના યુગોમાં કોઈક સમયે એ જાઈઝ થઈ ગયું.

જેમ કે ફતાવા રઝવિય્યહ્‌માં છે :–

''કુર્આને કરીમ (ની તા'લીમ અંગે) ઉજરત (મહેનતાણુ) લેવા (ના વિષય)માં ઘણી જ હદીષો આવી છે. જેમ કે હદીષે અક્દસમાં છે કે કુર્આનની તા'લીમ આપવા પર હઝરતને ઉબાદા બિન સામિત رضی اللہ عنہને એક કમાન મોકલવામાં આવી. તેમણે વિચાર્યું કે આ કોઈ માલ નથી અને જેહાદમાં કામ લાગશે (એમ વિચારીને રાખી લીધું) અને અલ્લાહના રસૂલ ﷺથી અર્ઝ કરી, (પૂછયું) આપ ﷺએ ફર્માવ્યું :–

من لم يذر المخابرة۔ فليؤذن بحربٍ من الله ورسول له۔

''જો તું ચાહે કે અલ્લાહ તઆલા તારા ગળામાં આગની બેડી નાખે તો તું તેને (કમાનને) લઈ લે.''

ઉપરોક્ત હદીષના રાવી અબૂ દાઊદ તથા ઈબ્ને માજહ છે. આ જ પ્રકારની હદીષ અબ્દુર્રહમાન બિન શુબુલ, અબૂ હુરૈરહ્‌, અબ્દુર્રહમાન બિન ઔફ, ઉબય બિન કઅબ, ઈબ્ને બુરૈદા, અબૂ દરદાઅ્‌ વગેરે رِضْوَانُ اللّٰهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَથી પણ રિવાયત થઈ છે.

અને આપણા ઉલમાએ કિરામનો મઝહબ પણ હરામ હોવું જ છે. અને પ્રારંભિક યુગમાં બિલકુલ (તેનો) રિવાજ ન હતો. તેમ છતાં બદલતા ઉર્ફ (રિવાજ) તથા જરૂરતોના કારણે (કુર્આનની

તા'લીમ પર મહેનતાણુ લેવાના) જાઈઝ હોવાનો ફત્વો આવ્યો. ઈમામ અબૂલ લૈષની બુસ્તાનુલ્ ફિક્હમાં છે :–

اما اذا عَلَّمَ بالاجرة فقد اختلف الناس، فقال
اصحابنا المتقدمون: لايجوز أخ الأ جرة، وقال
جماعة من علماء المتأخرين: يجوز فالا فضلُ ان لا
يشترط للفظ بل لتعليم الهجاء والكتابة فلو شرط
لتعليم القراٰن ارجو ان لا بأس به لاَنَّ النَّاس قد
توار ثوا ذلك واحتجوا اليه۔ اه مختصراً

''મહેનતાણુ લઈને કુર્આને હકીમની તા'લીમ આપવાના વિશે ફુક્હાએ કિરામનો ઈખ્તેલાફ છે. આપણા પ્રારંભિક ફુક્હાએ કિરામ ફર્માવે છે કે કુર્આનની તા'લીમ પર મહેનતાણુ લેવું નાજાઈઝ છે. અને ત્યારબાદના ઓલમાની એક જમાઅત તેની ઈજાઝત આપે છે. તો અફઝલ એ છે કે હિફ્ઝે કુર્આન માટે મહેનતાણાની શરત ન લગાડવામાં આવે બલ્કે હિજ્જે (કરાવીને પઢાવવું) તથા લખતાં શિખવવા માટે મહેનતાણુ નક્કી કરવામાં આવે. અને જો કુર્આનની તા'લીમ માટે મહેનતાણાની શરત રાખી તો મને આશા છે કે તેમાં કોઈ વાંધો નહીં રહે, એટલા માટે કે કુર્આનની તા'લીમ માટે મહેનતાણુ લેવાના વિષયમાં મુસલમાનોનો અમલ પહેલાંથી ચાલી રહ્યો છે અને તેની જરૂરત પણ છે. –***નિઝામ*** *(ફતાવા રઝવિય્યહ્, ૮/૨૧૨, રિસાલા : સુન્ની દારુલ ઈશાઅત, મુબારકપુર)*

જુઓ, જે કામ નબવી કાળમાં હરામ હતું તે સમય તથા સંજોગોના બદલવાથી હલાલ થઈ ગયું. આ રસૂલુલ્લાહ ﷺના ફર્માનથી ઈખ્તેલાફ તથા તેનો વિરોધ નથી. અને કોઈ સુન્ની એ વિચારી પણ નથી શકતો. કેમ કે આ ''શરીઅતની સાત મસ્લેહતો''માંથી કોઈ એકના મુજબ જ છે.

## (૧૨) નબવી કાળમાં બટાઈ પર (આધે ભાગે ખેડવા માટે) જમીન આપવી હરામ હતી, હવે જાઈઝ !

રસૂલુલ્લાહ ﷺના પવિત્ર યુગમાં બટાઈ (આધ) પર જમીન આપવાની મનાઈ હતી, પણ હવે ઈજાઝત છે. જેમ કે ફતાવા રઝવિય્યહ્માં છે :

"બટાઈ પર (આધે ભાગે) જમીન ઉઠાવવાથી મોઅતબર હદીષોમાં મનાઈ આવી છે. જેમ કે હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہની હદીષમાં છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺને ફર્માવતાં સાંભળ્યા :–

**من لم يذر المخابرة۔ فليؤذن بحربٍ من الله ورسول له۔**

"જે બટાઈ પર જમીન આપવાનું ન છોડે તો અલ્લાહ તથા રસૂલની સાથે લડાઈનું એલાન કરે."

**رواه ابوداؤد و الطحاوى۔ وفى الباب عن رافع بن خديج وثابت بن الضحاك وزيد بن ثابت وانس بن مالك وابى هرية رضى الله تعالٰى عنهم اجمعين۔**

આ હદીષને અબૂ દાઊદ તથા તહાવીએ રિવાયત કરી છે, અને આ વિષયમાં રાફેઅ બિન ખદીજ, ષાબિત બિન ઝહ્હાક, ઝૈદ બિન ષાબિત, અનસ બિન માલિક તથા અબૂ હુરૈરહ્ رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَની પણ રિવાયતો છે.

અને કયાસ પણ કેટલાક કારણોથી તેની જ અનુમતિ આપે છે. એટલા માટે આપણા ઈમામે આ'ઝમ رضی اللہ عنہએ સહાબાએ

કિરામ તથા તાબઈને કિરામની પયરવી કરતાં તેને હરામ તથા ફાસિદ કહ્યું છે. તેમ છતાં સાહિબૈન (ઈમામ અબૂ યૂસુફ તથા ઈમામ મુહમ્મદ رحمۃ اللہ علیہما)એ લોકોમાં પ્રચલિત અમલના કારણે ઈજાઝત આપી અને તેના ઉપર જ ફત્વો આપવામાં આવે છે.

હિદાયહ્માં છે :–

**قال ابو حنيفة رحمة اللّٰه تعالٰی علیه: المزارعةُ بالثُّلث والرُّبُع باطلة۔ وقالا جائزة۔ له: ماروی أنّه صلّی اللّٰه تعالٰی علیه وسلم نهی عن المخابرة وهی المزارعة۔۔۔ إلّا ان الفتوی علی قولهما لحاجة الناس الیها ولظهور تعامل الامّة بها والقیاسُ یترك بالتّعامل کما فی الاستصناع۔ اه مختصرًا**

"ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہએ ફર્માવ્યું કે ત્રીજા ભાગે તથા ચોથા ભાગે પાકના બદલામાં જમીનને બટાઈ પર આપવું બાતિલ છે. અને સાહિબૈન ઈમામ અબૂ યૂસુફ તથા ઈમામ મુહમ્મદ رحمۃ اللہ علیہماએ ફર્માવ્યું કે બટાઈ જાઈઝ તથા સહીહ છે.

ઈમામ અબૂ હનીફા رضی اللہ عنہની દલીલ એ છે કે નબીએ કરીમ صلی اللہ علیہ وسلمએ ખેતરની બટાઈ પર આપવાની મનાઈ ફર્માવી છે.... પરંતુ ફત્વો તો સાહિબૈન رحمۃ اللہ علیہماના કૌલ ઉપર આપવામાં આવે છે કેમ કે લોકોને બટાઈની જરૂરત છે. અને તેના પર ઉમ્મતનો તઆમુલ (અમલ) પણ જાહેર તથા સામાન્ય છે. અને ક઼યાસને તઆમુલના કારણે છોડી દેવામાં આવે છે. જેમ કે ફર્માઈશી ખરીદ વેચાણમાં ક઼યાસને લોકો અધિક અમલના કારણે છોડી દેવામાં આવ્યો. *(ફતાવા રઝવિય્યહ્, ૮/૧૧૨, ૨૧૩, રિસાલા : સુન્ની દારુલ ઈશાઅત, મુબારકપુર)*

જ્યારે હુઝૂર સૈયદે આલમ ﷺએ બટાઈ પર જમીન આપવાની મનાઈ ફર્માવી આપી તો સ્પષ્ટ છે કે ખૈરુલ કુરૂન ખાસ કરીને સહાબાના કાળમાં પણ તેના ઉપર અમલ થયો હશે. અને એ જ ઈમામે આ'ઝમનો પણ મઝહબ છે. ત્યાર પછી બાદમાં કોઈ યુગમાં તે હુકમમાં બદલાવ આવ્યો જે નિશ્ચિત રીતે હાલાતે જમાનાના બદલાવનો અસર છે. અને એ જ કારણે અહલે ખૈરના દરમિયાન તેના લીધે ક્યારે પણ કોઈ વિખવાદ તથા લડાઈ ઉદ્ભવી નથી, તો આપણે પણ તેમના નક્શે કદમ પર ચાલવું જોઈએ.

:: (બીજો પ્રકાર) ::

## હન્ફી ફિક્હના હુકમો જે બાદમાં આવનારા હન્ફી મશાઈખના દૌરમાં ક્યારેક બદલાય ગયા

આ પ્રકારના મસાઈલ ઘણા છે તેમાંથી અમુકનું વર્ણન કરવામાં આવે છે.

### (૧) યહૂદીઓનો પોશાક તૈલ્સાન પહેલાં નાજાઈઝ હતો હવે જાઈઝ

તૈલ્સાન એક વિશેષ પ્રકારની ચાદર છે જેને એક જમાનામાં માત્ર યહૂદીઓ ઉપયોગ કરતા હતા. એટલા માટે ઓલમાએ મુસલમાનોને તેના વપરાશની મનાઈ ફર્માવી આપી હતી. ત્યારબાદ આ ચાદર યહૂદીઓનો વિશેષ પોષાક ન રહી તો તેની ઈજાઝત આપી દેવામાં આવી. ફતાવા રઝવિય્યહ કિતાબુલ હઝર વલ

ઈબાહતમાં છે : ઈમામ કસ્તલાની رحمۃاللہعلیہ મવાહિબુલ લદુન્નિયામાં ફર્માવે છે :–

امّا ما ذکرہ ابن القیم من قصة الیهود فقال الحافظ
ابن حجر: انما یصحُّ الا ستدلال به فی الوقت
الذی تکون الطّیالسة من شعارهم وقدار تفع ذلك
فی هذه الأزمنة فصار داخلاً فی عموم المباح وقد
ذکره ابن عبد السلام رحمه الله تعالٰی فی امثلة
البدعة المباحة اھ۔

"ઈબ્નુલ કય્યીમે યહૂદીઓના જે કિસ્સાનું વર્ણન કર્યું છે. તેના વિશે અલ્લામા હાફિઝ ઈબ્ને હજતર رحمۃاللہعلیہ ફર્માવે છે કે તેને દલીલ બનાવવી તે જમાનામાં યોગ્ય હતી જ્યારે તૈલ્સાન ચાદરો યહૂદીઓનો વિશેષ પોશાક હતી અને હવે આ જમાનામાં તે ચાદરો તેમનો ખાસ પોશાક નથી રહ્યો જેથી તેનો ઈસ્તેમાલ (ઉપયોગ) મુબાહ તથા જાઈઝ છે. અને ઈમામ ઈબ્ને અબ્દુસ્સલામ رضی اللہ عنہએ તેને બિદઅતે મુબાહામાં ગણાવી છે." *(ફતાવા રઝવિય્યહ્, ૯/૯૧, મવાહિબુલ્લદુન્નિયા, ૬,૩૧૧)*

જે હુકમ ફિક્હે ઈસ્લામીમાં નાજાઈઝ તથા મનાઈનો હતો તે સંજોગોના પરિવર્તનથી બાદમાં જાઈઝ તથા મુબાહ થઈ ગયો.

## (૨) એઅ્રાબ (ઝબર, ઝેર, પેશ)માં ભૂલ થવાના હુકમમાં પરિવર્તન

એઅ્રાબ (એટલે કે કુર્આને પાકની તિલાવતમાં ઝબર, ઝેર, પેશ)માં ભૂલ થવાના વિષયમાં આપણા મઝહબના ઈમામોનું મંતવ્ય એ છે કે જો ઝબર, ઝેર, પેશની ગલતીથી અર્થ તથા

માઈનામાં ખરાબી આવી જાય તો નમાઝ પણ ફાસિદ થઈ જશે :

**وَالْقَاعِدَةُ عِنْدَ الْمُتَقَدِّمِيْنَ أَنَّ مَا غَيَّرَ الْمَعْنٰى تَغْيِرًا يَّكُوْنُ اعْتِقَادُهٗ كُفْرًا يُفْسِدُ سَوَاءٌ كَانَ فِى الْقُرْاٰنِ أَوْلَا وَاِن لَّمْ يَكُنِ التَّغْيِيْرُ كَذٰلِكَ، فَاِنْ لَّمْ يَكُنْ مِثْلُهٗ فِى الْقُرْاٰنِ وَالْمَعْنٰى بَعِيْدٌ مُتَغَيِّرٌ تَغَيُّرًا فَاحِشًا يُفْسِدُ أَيْضًا وَاِنْ كَانَ مِثْلُهٗ فِى الْقُرْاٰنِ وَالْمَعْنٰى بَعِيْدٌ وَلَمْ يَكُنْ مُتَغَيِّرًا فَاحِشًا تفسد أَيْضًا عِنْدَ اَبِى حَنِيْفَةَ وَمُحَمَّدٍ۔ اه ملخصًا**

પહેલાંના (પ્રથમ કોટીના) ઈમામોનો નિયમ એ છે કે જે ભૂલથી અર્થ એવો બદલાય જાય કે જેનો અક઼ીદો ધરાવવો કુફ્ર હોય તો પછી તે શબ્દ ભલે કુર્આનમાં હોય કે ન હોય નમાઝ ફાસિદ થઈ જશે. અને જો અર્થનું બદલાય જવું આ પ્રકારનું ન હોય પરંતુ જો તેના જેવો શબ્દ પણ કુર્આને પાકમાં ન હોય અને અર્થ ભાવાર્થથી અલગ થઈ જાય અને મોટી હદ સુધી બદલાય જાય તો આવી ભૂલ પણ નમાઝને ફાસિદ કરી દેશે. અને જો તે શબ્દ જેવો (બીજો શબ્દ) કુર્આને પાકમાં છે અને અર્થમાં પણ મોટુ પરિવર્તન ન થતુ હોય પરંતુ અર્થ ભાવાર્થથી દૂર થઈ જાય તો પણ નમાઝ ફાસિદ થઈ જશે. આ મઝહબ ઈમામે આ'ઝમ તથા ઈમામ મુહમ્મદ رحمۃ اللہ علیہما નો છે.

પરંતુ બાદના ફુકહાએ કિરામે જ્યારે પોતાના દોરના સંજોગો જોતાં એ મેહસૂસ કર્યું કે અવામ વધુ પડતા એઅ્‌રાબના પ્રકારોમાં ફરક કર્યા વિના કિ઼ર્અતમાં ભૂલ કરી બેસે છે તો તેમણે પોતાના ઈમામોના મઝહબ વિરૂધ્ધ આ વિષયમાં બિલ્કુલ નમાઝના જાઈઝ તથા સહી થઈ જવાનો ફેસલો સંભળાવ્યો કે "નમાઝના ફાસિદ થવાનો" મઝહબ અપનાવવામાં વધુ પડતી અવામે અહેલે

ઈસ્લામની નમાઝોને બરબાદ કરવું તથા તેમને ફર્ઝના છોડનાર અને કબીરા ગુનાહ કરનારા ઠરાવવા જરૂરી થતા હતા, જે ઉમ્મત પર હરજ તથા તંગીનું કારણ બનતુ હતું જેથી સહૂલત આપવા તથા નમાઝની હિફાઝતના અઝીમ મક્સદ ખાતર ફુકહાએ કિરામે પોતાના મૂળ મઝહબથી હટીને આ ફત્વો જારી કર્યો કે "હવે ઝબર, ઝેર, પેશમાં ભૂલ થવાથી નમાઝ ફાસિદ થશે નહીં."

ફતાવા રઝવિય્યહમાં છે :–

"એઅરાબમાં ભૂલ થવી એટલે કે હરકત (ઝબર, ઝેર, પેશ) સાકિન (હોવામાં) તશ્દીદ, તખ્ફીફ (સરળતાથી પઢવું), ક્સર (શબ્દને ખેંચ્યા વિના પઢવું), મદ (શબ્દને ખેંચીને પઢવું)ની ભૂલમાં બાદમાં આવનાર ઓલમા رِضْوَانُ اللهِ تَعَالٰی عَلَیْهِمْ اَجْمَعِیْنَનો ફત્વો તો એ છે કે કોઈ પણ રીતે તેનાથી નમાઝ જશે નહીં." (ફાસિદ થશે નહીં)

**فی الدّر المختار: وزلّة القاری لو فی إعراب لا تفسد وإن غیر المعنی، به یفتٰی**

તેમજ રદુલ મુહતારમાં છે :–

**لا تفسد فی الکلّ، وبہٖ یفتٰی۔ بزازیة و خلاصة**

ક઼ારી (કુર્આન પઢનાર)થી એઅ્રાબમાં ભૂલ થલ જાય તો નમાઝ ફાસિદ નહીં થાય, ભલે અર્થ બદલાય જાય. તેના પર જ ફત્વો છે. રદુલ્ મુહતારમાં છે કે એઅ્રાબમાં ભૂલોના તમામ પ્રકારોમાં નમાઝ ફાસિદ થશે નહીં. (બઝ્ઝાઝિયા વગેરેનો ખુલાસો) *(ફતાવા રઝવિય્યહ, ૩/૯૪, ૯૫)*

"ક઼ારીથી થતી ભૂલોના મસાઈલ"ના પ્રકરણ વિશે શામીમાં કેટલાયે એવા મસાઈલનું વર્ણન છે જેમાં "ઉમૂમે બલ્વા" (અવામમાં કોઈ કામનું એટલુ સામાન્ય તથા પ્રચલિત થઈ જવું કે

સાધારણ રીતે તેનાથી બચવું મુશ્કેલ હોય) અથવા "દફએ હરજ" (હરજ તથા મુશ્કેલી દૂર કરવી)ના કારણે મશાઈખોએ પહેલાના ફુક્હાથી વિરૂધ્ધ જાઈઝ હોવાનો ફત્વો આપ્યો છે. *(ફતાવા રઝવિય્યહ્, ૧/૩૨૪,૩૨૫)*

ટૂંકમાં એ કે આ પ્રકારના મસાઈલથી એ વાત સ્પષ્ટપણે જાહેર તથા સાબિત થઈ ગઈ કે જે ગલતી (ભૂલ) હન્ફી મઝહબમાં નમાઝના ફાસિદ હોવાનું કારણ હતી. હાલાતે ઝમાના તથા સંજોગોના બદલવાથી તે બાદમાં નમાઝ ફાસિદ થવાનું કારણ ન રહી અને હવે ફતાવા રઝવિય્યહ મુજબ કોઈ પણ રીતે તેવી ભૂલથી નમાઝ જશે નહીં

## (૩) બહાર (વૃક્ષો પર ફળો લાગવાની ઋતુ) પહેલાં જ ફળોની લે વેચ

બગીચાના અમુક ફળો વૃક્ષ પર લાગી ગયા હોય અને અમુક વૃક્ષ પર લાગ્યાં ન હોય, તો જાહેર મઝહબ મુજબ આવાં ફળોની લે વેચ નાજાઈઝ તથા બાતિલ છે. પરંતુ બાદમાં ફુક્હાએ કિરામે "તઆમુલે નાસ" લોકોના અધિક તથા સાધારણ અમલના કારણે આ પ્રકારની લે વેચની ઈજાઝત આપી છે. જેમ કે ફતાવા રઝવિય્યહના રિસાલા "અલ્ મિના વદુરર"માં છે :–

બહરુર્રાઈકમાં ઈમામે જલીલ અબૂ બકર મુહમ્મદ બિન ફઝલ ફઝલીથી છે :–

**اَسُتحسن فيه لتعامل الناس فانّهم تعاطوا بيع ثمار**
**الكرم بهذه الصفة ولهم فى ذلك عادةٌ ظاهرةٌ وفى**
**نزع الناس عن عاداتهم حرج۔ اه**

"હું તેને (ફળોની વૃક્ષો પર લાગતા પહેલાં જ લે વેચને) લોકોમાં

અધિકતર પ્રચલિત હોવાના કારણે ઉચિત (સારૂ) સમજુ છું કે લોકો દ્રાક્ષના ફળોની લે વેચ એ જ પ્રમાણે કરે છે. આ તેમની જાહેર આદત છે. અને લોકોની આદત છોડાવવામાં હરજ (નુકસાન) છે.''

રદ્દુલ મુહતારમાં છે :–

**قلتُ: لا يخفى تحقّقُ الضرورة فى زماننا لا سيما فى مثل دمشق كثيرة الأشجار والثّمار فانّه لغلبة الجهل على الناس لايمكن إلزامهم بالتخلّص بأيدى الطّرق المذكورة وان أمكن بالنّسبة الى بعض أفراد الناس لا يمكن بالنسبة الى عامّتهم وفى نزعهم عن عادتهم حرج كما علمت ويلزم تحريمُ اكل الثمارِ فى هذه البلدان اذ لا تباع إلّا كذلك۔ اه۔**

''હું કહું છું કે આપણા જમાનામાં આ જરૂરત તથા અનિવાર્યતાનું હોવું કોઈ છુપી વાત નથી. ખાસ કરીને દમિશ્ક (દમાસ્કસ) જેવા પ્રાંતમાં જ્યાં વધુ પડતા ફળોના બગીચાઓ છે. કેમ કે લોકોમાં વધુ પડતી જહાલત તથા ન જાણવાના કારણે તેઓને ઉપરોક્ત (અસલ મઝહબના હુકમ મુજબના) તરીક઼ાઓના પાબંદ કરવા શક્ય નથી. હા ! અમુક લોકો તે (અસલ હુકમ મુજબના) તરીક઼ાઓ અપનાવી શકે છે. પરંતુ સર્વ (બધા જ) એ પ્રમાણે નહીં કરી શકે. અને તેમની આદત છોડાવવામાં હરજ તથા નુકસાન થશે, જેમ કે તમે જાણી ચૂક્યા છો. અને પછી એ પણ લાઝિમ આવશે કે આ ઈલાકાના લોકો હરામ ફળો ખાય કેમ કે ત્યાં બગીચાઓનાં ફળોને તે જ રીતે વેચવામાં આવે છે.'' *–(નિઝામ)*

*(ફતાવા રઝવિય્યહ્–૮/૨૦૭,૨૦૮)*

આ ફિક્હે હન્ફીનો ઘણો મહત્વનો મસઅલો હતો કે બહાર (ફળો લાગવાની ૠતુ, ફસલ) આવતા પહેલાં ફળોની લે વેચ નાજાઈઝ તથા બાતિલ છે અને તેનું ખાવું હરામ છે. પરંતુ સમય તથા સંજોગોના અસરથી આ બાતિલ તથા હરામ કાર્ય પણ હલાલ તથા જાઈઝ થઈ ગયું તો પણ આ હનફી મઝહબથી ઈખ્તેલાફ તથા તેનાથી ફરી જવું નથી, બલ્કે સાહિબે મઝહબની પૈરવી છે.

## (૪) સ્ત્રીનું પોતાની મરજીથી ગૈર કફૂની સાથે નિકાહ કરવું પહેલાં જાઈઝ, અને હવે નાજાઈઝ તથા બાતિલ

આઝાદ, આકિલ, પુખ્તવયની સ્ત્રી પોતાની મરજીથી પોતાનો નિકાહ ગૈર કફૂ (સમાન કુટુંબ અથવા સમાજ ધરાવતો ન હોય તેવા પુરૂષ) સાથે કરી લે તો ઈમામે આ'ઝમ અબૂહનીફા رضی اللہ عنہનો મઝહબ એ છે કે આવા નિકાહ જાઈઝ છે, નિકાહ થઈ જશે. હા ! સૌથી નજીકનો (સબંધ ધરાવનાર) વલીને તેવા નિકાહ વિરૂધ્ધ વાંધો ઉઠાવવાનો અધિકાર રહેશે કે તે (નજીકનો વાલી) ચાહે તો નિકાહ તોડી પડાવે અથવા બાકી રાખે. સામાન્ય ફિક્હની કિતાબોમાં આ પ્રમાણે જ છે. પરંતુ બાદમાં જમાનાના ફાસિદ થવાના કારણે હન્ફી મઝહબના મશાઈખોએ હઝરત ઈમામ હસન બિન ઝિયાદ رضی اللہ عنہની રિવાયત મુજબ ફત્વો આપ્યો કે (આ પ્રમાણે) નિકાહ થશે જ નહીં. ઈમામ કાઝીખાં તથા ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہماનો પણ આ જ ફત્વો છે.

શરહે વકાયામાં છે :–

وأما مسألة الكفؤ ففى ظاهر الرواية: النكاحُ من غير
كفؤ ينعقد لكن للولى الاعتراض ان شاء فسخ وان

شاء اجاز۔ وفی روایۃ الحسن عن ابی حنیفۃ: لا ینعقد۔ اھ وفیہ ایضاً و علیہ فتویٰ قاضی خان۔

"જાહેર રિવાયત એ છે કે ઔરત ગૈર કફૂ સાથે (અસમાન કુટુંબ, સમાજ જાતિમાં) નિકાહ કરી લે તો નિકાહ થઈ જશે પરંતુ વાલીને (લાજ તથા શરમથી થતા નુકસાનને દૂર કરવા માટે) એતેરાઝ તથા વાંધો ઉઠાવવાનો હક્ક (અધિકાર) રહેશે કે તે ચાહે તો નિકાહ તોડી પડાવે અથવા ચાહે તો બાકી રાખે અને ઈમામ અબૂ હનીફા رحمۃ اللہ علیہથી હસન બિન ઝિયાદની રિવાયત એ છે કે નિકાહ થશે નહીં. અને તેના પર જ કાઝીખાનો ફત્વો છે." –*(નિઝામ) (શરહે વકાયા, ૨/૨૪,૨૫, બાબુલ વલી)*

ફતાવા રઝવિય્યહ્‌માં છે : અને જેના પ્રમાણે ફત્વો આપવામાં આવે છે તે રિવાયત એ છે કે બાલિગા (પુખ્ત વયની) જેના વાલીઓ હોય તેવી ઔરત પોતાના નિકાહ ગૈરકફૂથી કરે તો આ નિકાહ ત્યારે જ સહીહ ગણવામાં આવશે (જ્યારે) કે શરઈ વાલી નિકાહ પહેલાં પોતાની રઝામંદી જાહરે કરે અને તે જાણતો પણ હોય કે આ વ્યક્તિ કફૂ નથી.

દુર્રે મુખ્તારમાં છે :–

ویُفتی فی غیر الکفو بعدم جوازہ اصلًا وھو المختار للفتویٰ لفساد الزمان فلا تحل مطلقۃ ثلثا نکحت غیر کفؤ بل رضا ولی بعد معرفتہ ایاہ فلیحفظ۔

وفی ردالمحتار: ھذہ روایۃ الحسن عن ابی حنیفۃ وھذا اذا کان لھا ولی لم یرض بہ قبل العقد فلا یفید ارلضی بعدہ۔

"સ્ત્રીએ પોતાની રીતે ગૈર કફૂની સાથે (જે સ્ત્રીના સમાન

કુટુંબ, સમાજ અથવા જાતિનો ન હોય તેની સાથે) નિકાહ કરી લે તો ફત્વો એ છે કે આવા નિકાહ થશે નહીં. જમાના (માહોલ)ના બગડવાના કારણે આ જ ક઼ૌલ (રિવાયત)ને ફત્વો આપવા માટે પસંદ કરવામાં આવે છે. જેથી જો ત્રણ તલાક઼ પામેલ સ્ત્રીએ કોઈ ગૈર કફૂની સાથે નિકાહ કરી લીધા અને વલી તે ગૈર કફૂથી આગાહ થઈને તેનાથી રાજી ન હોય તો તેવી સ્ત્રી પહેલા પતિ માટે હલાલ થશે નહીં. રદ્દુલ મુહ્તારમાં છે કે આ ઈમામ અબૂ હનીફા رحمۃ اللہ علیہથી હસન બિન ઝિયાદની રિવાયત છે. અને આ હુકમ ત્યારે છે જ્યારે તેણીનો કોઈ વલી હોય અને નિકાહથી પહેલાં તે રાજી ન હોય કેમ કે નિકાહ બાદ રાજી થવાનો કોઈ ફાયદો નથી. *–(નિઝામ) (ફતાવા રઝવિય્યહ–પ)*

ઉપરોક્ત મસ્અલામાં જમાનાના ફસાદ (બગડવા)ના કારણે ફુક઼ાહાએ કિરામની એક જમાઅતે અસલ (મૂળ) મઝહબથી અલગ હુકમ બયાન કર્યો છે. હવે જો હાલાત બદલાય જાય અને તે બદલાવના કારણે મોટી ખરાબી તથા ફસાદ અસલ હુકમથી વિરુદ્ધમાં પેદા થઈ જાય તો હુકમ એ થશે કે મૂળ મઝહબ (અસલ મઝહબ) તરફ રજૂ કરવામાં આવે. જેમ કે આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہએ સ્પ્રિટ મિશ્રિત દવાઓના મસ્અલામાં સમય તથા સંજોગોના પરિવર્તનથી આમ જ કર્યું છે જેનું વર્ણન આગળ આવશે.

## (૫) તળાવોને ભાડૂતી લેવું તથા આપવું પહેલાં નાજાઈઝ અને હવે જાઈઝ

તળાવોને ભાડૂતી (કિરાયા પર) આપવું અસલ મઝહબ મુજબ નાજાઈઝ છે. પરંતુ બાદમાં આવનાર ફુક઼હાએ કિરામે ઉમૂમે બલ્વાના (લોકોમાં પ્રચલિત અમલ, જેનાથી રોકવામાં મુશ્કેલી

તથા નુકસાન થતુ હોય તેના) કારણે તેની ઈજાઝત આપી. આ'લા હઝરત ઈમામ અહમદ રઝા قُدِّسَ سِرُّهُ الْعَزِيْز એ એક સવાલના જવાબમાં વિસ્તારપૂર્વક આ વિષય પર ચર્ચા કરી છે. અહીંયાં સવાલની સાથે જવાબ ટૂંકમાં રજૂ કરવામાં આવે છે.

**સવાલ** : ઝૈદનું એક તળાવ છે. ઝૈદે તે તળાવને ૨૦ રૂપિયાના બદલામાં એક મહિનાની મર્યાદા નક્કી કરીને અમરને ઉપયોગ કરવા માટે આપ્યું અને કહ્યું કે મર્યાદિત દિવસોમાં આ તળાવના પાણીને તું જે રીતે ચાહે ઉપયોગ કરી શકે છે. અને આ તળાવની માછલીઓ પકડી શકે છે. તો શું આ પ્રમાણે કરવું સહીહ છે કે નહીં ?!

**જવાબ** : સામાન્યતઃ કિતાબોમાં આ પ્રમાણે કિરાયા પર આપવાને હરામ તથા નાજાઈઝ તેમજ બાતિલ ઠરાવવામાં આવ્યું છે. અને એ જ મઝહબના નિયમો તથા કાયદાઓ મુજબ છે. અને જામિઉલ મુઝમરાતમાં જાઈઝ હોવાનો ફત્વો આપવામાં આવ્યો છે :–

**فی الدر المختار: جاز اجارة القناة والنهر مع الماء،**

**به يفتی، لعموم البلویٰ۔ مضمرات۔ انتهی**

(દુર્રે મુખ્તાર)માં છે કે તળાવ તથા નદીને કિરાયા પર આપવું પાણી સાથે જાઈઝ છે. અને ઉમૂમે બલ્વાના કારણે તેના પર જ ફત્વો છે. મુઝમરાત. –*(નિઝામ)*

અને બેહતર એ છે કે તળાવના કિનારાની થોડીક જમીનને નક્કી કરીને હદ બનાવી તેને ભાડેથી આપે અને પાણી વગેરેના ઉપયોગને મુબાહ કરી આપે આમ કરવાથી આ (ભાડેથી આપનાર) વ્યક્તિને ભાડૂ મળી જશે અને તેને (ભાડેથી લેનારને) પાણી, માછલી, ઘાસ વગેરે જાઈઝ રીતે મળી જશે..... અથવા

ખેતીને તેના કિનારાની જમીન તેમજ તળાવ જેનાથી તે જમીનને પાણી આપવામાં આવે આ તમામને મિલાવીને ભાડેથી આપે જેથી તળાવને કિરાયા પર આપવું પણ જાઈઝ થઈ જશે. *(ફતાવા રઝવિય્યહ્, ૮/૧૫૭)*

આગાહી : પહેલા પ્રકારમાં જે મસાઈલ બયાન કરવામાં આવ્યા છે તેમાંથી અમુકને અહીંયાં (બીજા પ્રકારમાં) પણ ઉદાહરણ તરીકે રજૂ કરી શકાય છે. કેમ કે તે મઝહબે હનફીના એવા મસાઈલ છે કે બાદમાં આવનારા ઈમામોએ જેનાથી વિરુદ્ધ ફત્વો આપ્યો છે.

ફિક્હે હનફીના આ પાંચ મસાઈલ થયાં :–

- ❑ યહૂદીઓનો વિશેષ પોશાક તૈલ્સાન નામની ચાદર ઓઢવું પહેલાં નાજાઈઝ હતું પછી જાઈઝ થઈ ગયું.
- ❑ તિલાવતે કુર્આનમાં એઅ્રાબની ભૂલો નમાઝમાં હોય તો પહેલાં નમાઝ ફાસિદ થઈ જતી હતી અને હવે નમાઝ સહી થઈ જશે, બિલ્કુલ નમાઝ ફાસિદ થવાનો હુકમ નહીં લાગે.
- ❑ ફળો લાગતાં પહેલાં તેની લે વેચ પહેલાં બાતિલ તથા હરામ હતી હવે જાઈઝ તથા સહીહ છે.
- ❑ ગૈર કફૂની સાથે ઔરતનું પોતે નિકાહ કરી લેવું પહેલાં જાઈઝ હતું અને હવે બાતિલ તથા નિકાહ થશે નહીં.
- ❑ તળાવની ભાડેથી લેવડ દેવડ પહેલાં નાજાઈઝ હતી અને હવે જાઈઝ ઠરાવવામાં આવી.

ઉપરોક્ત તમામ મસાઈલ એ સ્પષ્ટ હકીકતને પુરવાર કરે છે કે શરીઅતના હુકમો, મસ્લહતો તથા સંજોગો પર આધારિત છે તેના પરિવર્તનથી હુકમોમાં પણ પરિવર્તન થતુ રહે છે. અને ક્યારેક

ક્યારેક અસલ (મૂળ) મઝહબમાં પરિવર્તન થઈને નવો હુકમ સાબિત થાય છે અને ફરી તેમાં પરિવર્તન થઈને અસલ મઝહબ મુજબ હુકમ આપવામાં આવે છે. ટૂંકમાં જેમ જેમ આધારો બદલતા રહે છે તેમ તેમ હુકમો પણ બદલતા રહે છે.

## :: (ત્રીજો પ્રકાર) ::

**હન્ફી મઝહબના એવા પરિવર્તન થયેલ મસાઈલ જેના મુજબ ફક઼ીહે બેમિષાલ ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ એ ફત્વાઓ આવ્યા અથવા આપના ફત્વાથી પહેલાના હુકમમાં બદલાવ (ફેરફાર) થયો :-**

આ પ્રકારના મસાઈલ પણ ઘણા બધા છે. પહેલા અને બીજા પ્રકારમાં વર્ણવેલ મસાઈલ પણ આ (ત્રીજા) પ્રકારની સાથે એક પ્રકારની સાથે એક પ્રકારે સબંધ ધરાવે છે. અને નિમ્નલિખિત મસાઈલનો સબંધ આ પ્રકારની સાથે અધિક છે.

### (૧) સ્પ્રિટ મિશ્રિત પડીકી પાક હોવાનો હુકમ અને વારંવાર હુકમમાં થતું પરિર્વતન

ફતાવા રઝવિય્યહ્‌માં છે કે સ્પ્રિટ સૌથી ખરાબ પ્રકારની શરાબ તથા હરામ અને પેશાબની જેમ નજાસતે ગલીઝા છે. *(ફતાવા રઝવિય્યહ્‌, ૨/૧૩૯)*

ફતાવા રઝવિય્યહ્‌માં જ એક અન્ય જગ્યાએ છે :-

''સમર્થન પ્રાપ્ત થયેલ તથા પસંદ કરવામાં આવેલ ક઼ૌલમાં દરેક નશાવાળા પ્રવાહીનું એક એક ટીપુ શરાબની જેમ હરામ

તથા નાજાઈઝ છે, અને ન માત્ર હરામ બલ્કે પેશાબની જેમ બિલ્કુલ નજાસતે ગલીઝા છે. આ જ મઝહબ (કૌલ) ભરોસાપાત્ર તથા તેના મુજબ જ ફત્વો છે. ''તન્વીરુલ અબસાર''માં છે : **حرّم محمد مطلقاً۔ وبه يفتى۔** : ઈમામ મુહમ્મદે (તેને) મુત્લક્ન (બિલ્કુલ) હરામ ઠરાવ્યું છે અને તેના મુજબ જ ફત્વો આપવામાં આવે છે. *(ફતાવા રઝવિય્યહ્, ૧૧/૫૧)*

અસલ (મૂળ) મઝહબ જે શૈખૈનનો છે એટલે કે ઈમામે આ'ઝમ તથા ઈમામ અબૂ યૂસુફ رضی اللہ عنہનો મઝહબ તેનાથી અલગ છે અને તે પણ દલીલ તથા પુરાવાના એતેબારથી ઘણો ઠોસ છે. પરંતુ અમુક કારણોના આધારે હન્ફી મશાઈખે તથા ખુદ ઈમામે અહમદ રઝા رحمۃ اللہ علیہએ તે મૂળ મઝહબથી હટીને ઈમામ મુહમ્મદ رحمۃ اللہ علیہના કૌલ મુજબ ફત્વો આપ્યો. ત્યારબાદ સંજોગોમાં પરિવર્તન થવાના કારણે ઈમામ અહમદ રઝાએ ઈમામ મુહમ્મદ رحمۃ اللہ علیہના કૌલથી રજૂઅ કરીને (હટીને) (મૂળ) શૈખેનના મઝહબ મુજબ ફત્વો આપ્યો. એટલે કે **એકવાર** મૂળ (અસલ) મઝહબથી હટીને ઈમામ મુહમ્મદના કૌલ મુજબ ફત્વો આપવામાં આવ્યો, અને **બીજી વાર** ઈમામ મુહમ્મદના કૌલથી હટીને ફરી પાછો મૂળ મઝહબ (શૈખૈનના કૌલ) મુજબ ફત્વો આપવામાં આવ્યો. જે આપણો અસલ (મૂળ) મઝહબ છે. હવે તેનું એક ઉદાહરણ જુઓ.

આજથી ૧૧૮ વર્ષ પહેલાં આ'લા હઝરત رحمۃ اللہ علیہને આ સવાલ કરવામાં આવ્યો કે :–

''મિસ્રી (સાકર) એક લાલ રંગના કાગળમાં બાંધેલી હતી. જે કાગળ વિશે પ્રબળ અનુમાન (કવી ગુમાન) છે કે પડીકીના રંગમાં રંગવામાં આવી હશે તેનો લાલ રંગ મિસ્રી (સાકર)માં આવી

ગયો. તો શું આવી મિસ્રીને ખાવામાં આવે કે નહીં ? અને ન ખાઈએ તો શું ફેંકી દઈએ ? શું કરીએ ?''

આ સવાલ એટલા માટે થયો હતો કે લોકો પડીકામાં (ઉપયોગ થતા કાગળમાં) સ્પ્રિટની મિલાવટનું ગુમાન (આશંકા) રાખતા હતા. અને જેમ કે ફતાવા રઝવિય્યહના હવાલાથી (ઉપર) વર્ણન થયું છે કે સ્પ્રિટ પેશાબની જેમ નાપાક તથા હરામ છે. આ સવાલના જવાબમાં આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

''પડીકીમાં સ્પ્રિટની મિલાવટ (મિશ્રિત) હોવું જો શરઈ તરીક઼ાથી સાબિત પણ હોય તો તેમાં શંકા નથી કે હિન્દુસ્તાનીઓનું તેની રંગતમાં સપડાવું સામાન્ય થઈ ગયું છે. (તે પડીકીઓના રંગથી બચી શકવું મુશ્કેલ છે) અને ''ઉમૂમે બલ્વા'' (લોકોનું મોટાભાગે સામાન્યપણે કોઈ કામમાં સપડાવું) સર્વ સંમતિથી સાબિત થયેલ નજાસત (નાપાકી)માં તખ્ફીફ (હુકમમાં સહૂલત થઈ જવા)નું કારણ છે.

**حتیٰ فی موضع النص القطعی کمافی ترشُّش البول قدرَ رُؤس الابرِ، کما حقّقه المحقق علی الا طلاق فی فتح القدیر۔**

*(ત્યાં સુધી કે જે વસ્તુઓનું નાપાક હોવું તથા હરામ હોવું નસ્સે ક઼તઈ (કુર્આનો હદીષની ઠોસ દલીલ)થી સાબિત હોય તેમાં પણ તખફીફ થઈ જાય છે. જેમ કે સોયના નાકા બરાબર પેશાબના છાંટામાં. મોહક્કિ઼કે અલલ ઈત્લાકે (શયખ અબ્દુલહક્ક઼ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ એ) ફત્હુલ ક઼દીરમાં તેની તેહક઼ીક઼ ફર્માવી છે. –નિઝામ)*

- એવો મસ્અલો કે જે સહાબાએ કિરામના જમાનાથી લઈને મુજતહીદોના દૌર સુધી બરાબર ઈખ્તેલાફી (વિવાદાસ્પદ) રહ્યો હોય.
- જ્યાં સાહિબે મઝહબ હઝરત ઈમામે આ'ઝમ તથા ઈમામ અબૂ યૂસુફ رحمۃ اللہ علیہما નો અસલ (મૂળ) મઝહબ પાક હોવું હોય અને ત્યાં જ ત્રીજા ઈમામ મુહમ્મદ رحمۃ اللہ علیہ થી પણ એક રિવાયત (તે પ્રમાણે જ હોય) અને તેને જ ઈમામ તહાવી વગેરે જેવા તરજીહો તથા તસ્હીહના ઈમામોએ પસંદ કર્યો હોય અને પ્રાથમિકતા આપી હોય.
- એવી પરિસ્થિતિમાં જેમાં તે મસ્લેહત (કારણ)ને પણ (હુકમમાં) દખલ ન હોય જે મસ્લેહત બાદના એહલે ફતવા ઈમામોને અસલ મઝહબથી હટીને તથા ઈમામ મુહમ્મદની રિવાયતને ક઼બૂલ કરવા પ્રેરિત કરે.
- જ્યારે મસ્લેહત ઉલટા તેને (હુકમને) છોડવા તથા અસલ (મૂળ) મઝહબ મુજબ ફત્વો આપવાનું જરૂરી ઠરાવી આપે.

(તો જો આ ઉપરોક્ત મુજબની સ્થિતિઓ ન હોય) તો એવી સ્થિતિમાં વિના કોઈ કારણે બલ્કે કોઈ કારણ વિરૂધ્ધ સાહિબે મઝહબ ઈમામે આ'ઝમ رحمۃ اللہ علیہ ના મઝહબને છોડીને મુસલમાનોને તંગી તથા પરેશાનીમાં નાખવા તથા હિંદુસ્તાનના દરેક જગ્યાના તમામ મો'મિન મર્દો તથા સ્ત્રીઓની નમાઝો મઆઝલ્લાહ બાતિલ કરવી તથા તેમને ગુનેહગાર ઠરાવવા તેમ જ કબીરા ગુનાહો પર ઈસ્રાર (વારંવાર ગુનો કરવો) કરવાવાળા બનાવી દેવા ફિક્હી રવિશ તથા માર્ગ (કાર્ય પધ્ધતિ)થી દૂર રહેવું છે. وبا للہ التوفیق۔ *(ફતાવા રઝવિય્યહ, ૨/૪૯)*

આ ફત્વામાં આ'લા હઝરત رحمۃ اللہ علیہએ એ સ્પષ્ટતા ફર્માવી છે કે અસલ (મૂળ) મઝહબથી હટીને ઈમામ મુહમ્મદ رحمۃ اللہ علیہના ક઼ૌલ પર જે મસ્લેહતના આધારે હન્ફી મશાઈખે ફત્વો આપ્યો હતો તે મસ્લેહત અહિંયા બદલાય ગઈ છે. અને હિન્દુસ્તાનીઓ સ્પ્રિટ મિશ્રિત પડીકીઓની રંગતમાં સામાન્ય રીતે સપડાયેલા છે. એટલા માટે હવે સાહિબે મઝહબ ઈમામ અબૂ હનીફા رحمۃ اللہ علیہના (મૂળ) મઝહબથી હટીને ફત્વા આપવાનું કોઈ કારણ નથી. અને ઈમામે આ'ઝમના મઝહબ મુજબ આવી પડીકીઓ પાક છે. જેથી ઉમૂમે બલ્વાના આધારે ફક઼ીરનો ફત્વો એ જ છે કે (આવી) મિસ્રી પાક છે અને તેનું ખાવું જાઈઝ છે.

જુઓ ! અસલ મઝહબે હન્ફી ઈમામે આઝમ رحمۃ اللہ علیہનો મઝહબ છે પરંતુ સંજોગોના પરિવર્તનથી મસ્લેહતનો તકાઝો ઈમામ મુહમ્મદની રિવાયત મુજબ ફત્વો આપવાનો થયો, તો ફુક઼હાએ કિરામે અસલ મઝહબથી હટીને ઈમામ મુહમ્મદની રિવાયત મુજબ (આવી પડીકીઓના નાપાક હોવાનો) ફત્વો આપવાનું શરૂ કરી આપ્યું. અને ફરી એકવાર ત્યારે ઈમામ અહમદ રઝાના જમાનામાં મસ્લેહત બદલાય ગઈ તો આપે ફરીથી અસલ મઝહબે હન્ફી તરફ પલ્ટીને ફત્વો આપ્યો.

વારંવાર હુકમમાં થતા આવા પરિવર્તનને જોઈને એક સામાન્ય વ્યક્તિ તેને મઝહબથી ઈખ્તેલાફ તથા ફરી જવું સમજશે, પરંતુ ફિક઼્હી મસ્લેહતો તથા આધારો પર ગેહરી નિગાહ (દષ્ટિ) ધરાવનાર સારી રીતે સમજે છે કે આ મઝહબથી ઈખ્તેલાફ તથા ફરી જવું નથી બલ્કે હક઼ીક઼તમાં સાહિબે મઝહબની પૈરવી છે.

## (૨) ગામડાઓમાં જુમ્આની નમાઝની ઈજાઝત તથા અસલ મઝહબને છોડવું

આ'લા હઝરત رحمۃ اللہ علیہએ પોતાના કેટલાયે ફત્વાઓમાં એ સ્પષ્ટતા કરી છે કે ગામડાઓમાં જુમ્આની નમાઝ નથી. ઈમામે આ'ઝમ عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُનો મઝહબ એ જ છે. પરંતુ એક ફત્વામાં આપે અમુક મસ્લેહતોના આધારે તેનાથી (ઈમામે આ'ઝમના મઝહબથી) હટીને ઈમામ અબૂ યૂસુફ رحمۃ اللہ علیہની એક નાદિર (દુર્લભ) રિવાયત પર અમલ કરવાની ઈજાઝત આપી છે, તે ફત્વો તમે પણ વાંચો.

આ'લા હઝરત رحمۃ اللہ علیہ ફર્માવે છે : હન્ફી ઈમામોની સંમતિથી હકીકતમાં ગામડાઓમાં જુમ્આ તથા ઈદૈનની નમાઝો મનાઈ તથા નાજાઈઝ છે કે જે નમાઝ શરીઅતની દષ્ટિએ સહીહ નથી તેનું પઢવું પણ જાઈઝ નથી.

**فی الدر المختار: وفی القنية: صلاة العيد فی القری تكره تحريما أی لأنه اشتغال بما لا يصح۔ اه فی ردالمحتار: ومثلُهٗ الجمعة۔ ح۔**

''દુરે મુખ્તારમાં છે કે કિનીયામાં છે કે ઈદની નમાઝ ગામડાઓમાં મકરૂહે તહરીમી છે. કેમ કે તે એવી નમાઝ પઢવી કે જે (ગામડાઓમાં) સહીહ નથી. અને રદુલ મોહતારમાં છે, જુમ્આ પણ ઈદની જેમ જ છે.''

જુમ્આમાં તેના સિવાય પણ નાજાઈઝ હોવાનું અન્ય કારણ છે. જેમ કે અમારા ફતાવાઓમાં છે.

હા ! ઈમામ અબૂ યૂસુફ رحمۃ اللہ علیہથી એક નાદિર રિવાયત

પણ આવી છે કે **જે વસ્તીમાં એટલા મુસલમાન આકિ઼બ, બાલિગ મર્દો રહેતા હોય જેઓ એવા તંદુરુસ્ત કે જેમના ઉપર જુમ્આની નમાઝ ફર્ઝ થઈ શકે જો તેઓ તે આ વસ્તીની મોટી મસ્જિદમાં જમા થાય તો તેમાં ન સમાય શકે ત્યાં સુધી તેઓને જુમ્આ માટે જામે મસ્જિદ બનાવવી પડે તો જુમ્આના સહીહ થવા માટે વસ્તીને શહેર સમજવામાં આવશે**. ઈમામ અકમલુદ્દીન બાબરતી હિદાયહની શરહ ઈનાયહમાં એ પ્રમાણે જ ફર્માવે છે :–

**(وعنه) ای عن ابی یوسف انهم ( إذا اجتمعوا) ای اجتمع من تجب علیهم الجمعة لا کلُّ من یسکن فی ذلك الموضع من الصبیان والنساء والعبید۔ قال ابن شجاع: أحسنُ ما قیل فیه: اذا کان اهلها بحیث لو اجتمعوا (فی اکبر مساجدهم لم یسعهم) ذلك حتی احتاجوا الی بناء مسجد اخر للمجمعة الخ۔**

જે ગામડામાં એવી સ્થિતિ હોય તો તે ગામમાં નાદિર રિવાયતના આધારે જુમ્આ તથા ઈદૈન થઈ શકે છે. ભલે અસલ મઝહબના વિરૂધ્ધ છે પરંતુ તેને પણ બાદમાં આવનાર ઈમામોની એક જમાઅતે અપનાવેલ છે. અને જ્યાં સ્થિતિ તે મુજબ ન હોય ત્યાં હરગિઝ જુમ્આ અથવા ઈદની નમાઝ હન્ફી મઝહબમાં જાઈઝ નથી થઈ શકતી, બલ્કે ગુનો છે. *(ફતાવા રઝવિય્યહ્, ૩/૭૦૧, ૭૦૨, સુન્ની દારુલ ઈશાઅત, મુબારકપુર)*

આ ફત્વા પછી આ'લા હઝરત رحمۃ اللہ علیہ એ ગામડાઓમાં

જુમ્આની નમાઝના નાજાઈઝ હોવાનો હુકમ આપ્યો છે. તેનું કારણ મુઝ નાચીઝ (મૂળ લેખક)ના ખયાલમાં એ છે કે જાઈઝ હોવાનો ફત્વો કોઈ મહત્વની મસ્લેહતના આધારે આપ્યો હતો એટલા માટે જ્યાં તે મસ્લેહત હશે તો જાઈઝ હોવાનો હુકમ આપવામાં આવશે, અને જ્યાં તે મસ્લેહત ન હોય ત્યાં હુકમ અસલ મઝહબ મુજબ નાજાઈઝ હોવાનો રહેશે.

## (3) ઘઉંની લે વેચમાં વજનનો એતેબાર

આ'લા હઝરત رحمۃ اللہ علیہ ફર્માવે છે : ચાર વસ્તુઓને અલ્લાહના રસૂલ صلی اللہ علیہ وسلمએ ''કૈલી'' (માપીને વેચાય એવી) ફર્માવી છે : ઘઉં, જવ, ખારેક, નમક. આ ચાર વસ્તુઓ હમેશાં કૈલી (એટલે કે માપીને વેચાય એવી) રહેશે, ભલે લોકો તેને વજન કરીને વેચવા લાગે. તો હવે જો ઘઉંના બદલામાં ઘઉં બરાબર તોલીને વેચે તો હરામ કહેવાશે, બલ્કે માપમાં બરાબર હોવું જોઈએ. અને બે વસ્તુઓને હુઝૂરે અક્દસ صلی اللہ علیہ وسلمએ વજની ફર્માવી છે : સોનું અને ચાંદી. આ બે વસ્તુ હમેશાં વજની જ રહેશે. આ વસ્તુઓ સિવાય (દરેક વસ્તુની લે વેચનો આધાર) ઉર્ફ તથા આદત મુજબ રહેશે. અને જે ગજો (મીટર, ફૂટ વગેરે) અથવા ગણતરી કરીને (નંગ પર) વેચાય છે તે અંદાજાથી ખારિજ ગણાશે. (એટલે કે કૈલી તથા વજની નહીં ગણાય) *(ફતાવા રઝવિય્યહ્, ૭/૮૦, સુન્ની દારૂલ ઈશાઅત, મુબારકપૂર)*

પરંતુ તેના વિરૂધ્ધ આપે પોતાના એક ફત્વામાં ઈમામ અબૂ યૂસુફ رحمۃ اللہ علیہના કૌલ મુજબ ઘઉંમાં વજનનો એતેબાર કર્યો છે. જેમ કે ફતાવા રઝવિય્યહ્માં છે : ''શુ ફર્માવે છે ઓલમાએ દીન આ મસ્અલામાં કે બકરે ઝૈદથી કારતક મહિનામાં એક મણ ઘઉં

વાવેતર માટે લીધા. અને પાક થવા પર ચૈત્ર મહિનામાં એક મણના બદલામાં એક મણ ઘઉં પાછા આપ્યા. એટલે કે કાંઈ પણ વધઘટ ન થઈ. તો શું આ પ્રમાણે કરવું જાઈઝ છે કે નહી ? **અલ જવાબ** : જાઈઝ છે.

**عملاً بقول الامام ابی یوسف مِن اعتبار العرف فی الکیل والوزن مطلقاً وقد تعامل به الناس وشاع بینهم استقراض الحنطة وزناً۔ ولا حول ولا قوة الا بالله العلی العظیم۔**

*(આ હુકમ ઈમામ અબૂ યૂસુફ رضی اللہ عنہ ના કૌલ મુજબ આપ્યો છે કે માપ તથા વજનમાં મુત્લક્ન ઉર્ફનો એતેબાર થશે. અને તેના પર નિશ્ચિત રીતે લોકોનો અમલ તથા ઉર્ફ છે. અને લોકોમાં ઘઉંની ઉધાર લે વેચ વજનથી પ્રચલિત છે. –નિઝામ)*

## (૪) મસ્જિદના સામાનના હુકમમાં પરિવર્તન

કોઈ મસ્જિદની વસ્તુઓ તથા ઓજારો ભલે ને તે જરૂરતનાં ન હોય તેને બીજી મસ્જિદમાં માલિકીના તૌર પર અથવા ઉધાર આપવું પણ જાઈઝ નથી.

**لَا یَجُوْزُ نَقْلُهٗ وَ لَا نَقْلُ مَالِهٖ اِلٰی مَسْجِدٍ اٰخَر۔۔۔اه**

"મસ્જિદ તથા તેના માલ સામાનને બીજી મસ્જિદમાં લઈ જવું (સ્થળાંતર કરવું) જાઈઝ નથી." *(ફતાવા રઝવિય્યહ, ભાગ–૬, પેજ–૪૨૮, રદ્દુલ્ મુહતારના હવાલાથી)*

**یَجُوْزُ لِلْقَیِّمِ شِرَی الْمُصَلِّیَاتِ لِلصَّلَاةِ عَلَیْهَا وَ لَا یَجُوْزُ اِعَارَتُهَا لِمَسْجِدٍ اٰخَرَ۔ اه ملخصًا**

"મસ્જિદના વ્યવસ્થાપકે ફર્શ (જેમ કે ચટાઈ, દરી વગેરે)

નમાઝ પઢવા માટે ખરીદવું જાઈઝ છે. અને બીજી મસ્જિદમાં તે વસ્તુઓને ઉધાર આપવું જાઈઝ નથી. ત્યાં સુધી કે ભલે ને મસ્જિદ વેરાન થઈ ગઈ હોય તો પણ અસલ મઝહબ એ છે કે તેના માલ સામાનને બીજી મસ્જિદમાં આપી નથી શકતા''. *(ફતાવા રઝવિય્યહ, ભાગ–૬, પેજ–૪૫૫)*

પરંતુ બાદના ફુક્હાએ કિરામે જ્યારે પોતાના જમાનાની પરિસ્થિતિઓમાં બદલાવ જોયો કે લોકોમાં અલ્લાહનો ખૌફ પહેલાં કરતાં ઓછો થઈ રહ્યો છે, અને લોકો અમાનત તથા દયાનતદારીના વિરૂધ્ધ કોઈ પણ કામ કરી નાખવામાં કોઈ પણ પ્રકારનો સંકોચ તથા શરમ નથી રાખતા. જેથી ફુકહાએ કિ઼રામે અસલ મઝહબ વિરૂધ્ધ મસ્જિદના માલસામાનને બીજી મસ્જિદમાં આપવાની ઈજાઝત આપી દીધી. જેમ કે ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ ફર્માવે છે : ''જે મસ્જિદ વેરાન થઈ ગઈ હોય અને તેના આબાદ થવાની કોઈ પોઝિશન ન હોય, અને તેના સામાનની હિફાઝત ન થઈ શકતી હોય તો હવે ફતવો તેના પર છે તે મસ્જિદના કડા, તખતાઓ વગેરે બીજી મસ્જિદમાં આપી શકાય છે.

## (૫) ઔરતના મુર્તદ થઈ જવાથી નિકાહ ફસ્ખ થવા (નાબૂદ થવા, તૂટી જવા)ના હુકમમાં પરિવર્તન

જાહેર મઝહબ એ છે કે પતિ પત્નીમાંથી કોઈ એક ઈસ્લામથી ફરીને કાફિર થઈ જાય તો તેના નિકાહ તુરંત જ નાબૂદ થઈ જશે.

પરંતુ હવે ફત્વો એ છે કે ઔરત મુર્તદ થવાના કારણે નિકાહથી ખારિજ (બહાર) થશે નહીં. મુજદ્દિદે ઈસ્લામ ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ ફર્માવે છે :–

"હવે ફત્વો તેના પર છે કે મુસલમાન ઔરત મઆઝલ્લાહ મુર્તદ થઈને પણ નિકાહમાંથી નથી નીકળી શકતી. તે પહેલાંની જેમ પોતાના પતિના નિકાહમાં છે." *(ફવાઈદે રઝવિય્યહ હાશિયા ફતાવા રઝવિય્યહ, ભાગ–૧, પેજ–૩૯૩)*

**وَمِنْ ذٰلِكَ إِفْتَائِى مِرَارًا بَعْدَمِ انْفِسَاخَ نِكَاحِ امْرَأَةٍ**

**مُسْلِمٍ بِارْتَدَادِهَا لِمَا رَأَيْتُ مِنْ تَجَاسُرِهِنَّ مُبَادَرَةً**

**إِلٰى قَطْعِ الْعِصْمَةِ كَمَا بَيَّنْتُهٗ فِى السِّيَرِ مِنْ فَتَاوَانَا**

**وَكَمْ لَهٗ مِنْ نَظِيْرٍ**

(એટલા માટે જ મેં વારંવાર ફત્વો આપ્યો કે મુસલમાનની પત્નીનો નિકાહ તેણીના મુર્તદ થઈ જવાથી નાબૂદ નહીં થશે, કેમ કે મેં ઔરતોને નિકાહના સુરક્ષિત બંધનમાંથી મુક્ત થવા બાબતે ઉતાવળી તથા નીડર (બેબાક) જોઈ છે. મેં તેને પોતાના ફતાવાની કિતાબુસ્સિયરમાં વર્ણન કર્યું છે. અને તેના ઘણા ઉદાહરણો પણ છે–*નિઝામ*) *(ફતાવા રઝવિય્યહ, ભાગ–૧, પેજ–૩૯૩, ૩૯૪, રિસાલા અજલ્લિયુલ અઅલામ)*

## (૬) પહેલા નફલ તથા સુન્નત નમાઝો ઘરમાં પઢવી અફઝલ હતી અને હવે મસ્જિદમાં

નફલ તથા સુન્નત નમાઝો ઘરમાં પઢવી અફઝલ છે. હદીષ શરીફમાં છે કે હુઝૂર સૈયદે આલમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યું :–

**عليكم با لصلوٰة فى بيو تكم فانّ خير صلاة**

**المرء فى بيته إلّا المكتوبة**

"તમો લોકો પોતાના ઘરોમાં નમાઝ પઢો કેમ કે મર્દ

(પુરુષ)ની બેહતર નમાઝ તેના ઘરમાં છે, ફર્ઝ સિવાય) *(મુસ્લિમ શરીફ, ભાગ–૧, પેજ–૨૬૬, ફતાવા રઝવિય્યહ, ભાગ–૩, પેજ–૪૫૭)*

તેમજ અબૂ દાઊદ શરીફમાં છે કે હુઝૂર સૈયદે આલમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યું :–

**صلاةُ المرء فی بیته افضل من صلاته فی مسجدی هذا إِلَّا المکتوبة**

મારી આ મસ્જિદમાં નમાઝ પઢવા કરતાં મર્દની પોતાના ઘરમાં નમાઝ પઢવી અફઝલ છે, ફર્ઝ નમાઝો સિવાય. *(સુનને અબી દાઊદ, ભાગ–૧, પેજ–૪૫૭)*

**પરંતુ હવે અફઝલ એ છે કે સુન્નતો પણ મસ્જિદમાં જ પઢવામાં આવે,** આ'લા હઝરત رحمة الله علیه ફર્માવે છે : ''સુન્નતો તથા નફલનું ઘરમાં પઢવું અફઝલ છે અને રસૂલુલ્લાહ ﷺની આદતે તય્યબહ પણ એ જ છે ......... પરંતુ હવે મુસલમાનોનો સામાન્યત : અમલ સુન્નતો વિશે એ છે કે તેને મસ્જિદોમાં જ પઢ છે. અને તેમાં મસ્લેહતો છે કે તેમાં (ઘરોમાં) ઈત્મિનાન ઓછુ હોય છે જે મસ્જિદોમાં (હોય છે). અને કૌમની આદતની વિરૂધ્ધ વર્તવું, ટીકા ટીપ્પણ તથા આંગળી ચીંધવાનું તેમજ શંકા કુશંકાઓને જન્મ આપવાનું તથા ગીબતનો દરવાજો ખોલવાનું કારણ બને છે. અને હુકમ માત્ર મુસ્તહબ હોવાનો હતો, તો આ મસ્લેહતોને ધ્યાનમાં રાખવી તે (હુકમથી વિરૂધ્ધ વર્તવાનુ) અનિવાર્ય કારણ બને છે. દીનના ઈમામો ફર્માવે છે : **الخروج عن العادة شهرة ومکروه** ''આદતના વિરૂધ્ધ કરવું શોહરતપસંદી (વાહ વાહની ચાહના) તથા મકરૂહ છે.'' *(ફતાવાએ રઝવિય્યહ, ભાગ–૩, પેજ–૪૫૮, ૪૫૯, બાબુલ વિત્ર વન્નફલ)*

## (૭ થી ૨૩) લે વેચના કેટલાયે એવા મામલા જે પહેલાં નાજાઈઝ હતા અને હવે જાઈઝ થઈ ગયા

ફિક્હની કિતાબોમાં એવી કેટલીયે લે વેચોનું ષબૂત મળે છે જે એક જમાનામાં ફાસિદ શરતના કારણે ફાસિદ ઠરાવવામાં આવતી હતી, બાદમાં (ફાસિદ) શરતોના સામાન્ય તથા પ્રસિધ્ધ થઈ જવાના કારણે તે તમામ લે વેચો જાઈઝ થઈ ગઈ. જેમ કે ઘડિયાળો, ઈલેક્ટ્રિક પંખા, બેટરી, ઈન્વરટર, ફ્રિજ, વોશિંગ મશીન, કૂલર, શૂટકેસ તેમજ બીજાં અન્ય પ્રકારનાં મશીનોમાં ગેરંટી અથવા વોરંટીની શરત જે અસલ મઝહબમાં નાજાઈઝ છે પરંતુ હવે લોકોમાં સામાન્ય થઈ જવાના કારણે તથા લોકોના સામાન્યપણે તેના પર અમલ કરવાના કારણે જાઈઝ છે. જેનો મૂળ આધાર ફિક્હનો આ સર્વ વ્યાપી નિયમ છે.

**كل شرط لا يقتضيه العقد وفيه منفعة لأحد**
**المتعاقدين يُفسِده إِلّا ان يكون متعارفًا لان**
**العرف قَاضٍ على القياس**

"જે શરત લે વેચના તકાઝાની વિરૂધ્ધ હોય અને તેમાં લેનાર અથવા વેચનારમાંથી કોઈ એકને નફો થતો હોય તો (તેવી શરત) લે વેચને ફાસિદ કરી આપશે. પરંતુ જો તે શરત લોકોમાં પ્રસિધ્ધ (પ્રચલિત) હોય તો તે લે વેચ જાઈઝ રહેશે. કેમ કે લોકોનો ઉર્ફ ક્યાસ ઉપર હુજ્જત (મોટી દલીલ) છે જેના કારણે ક્યાસને છોડી દેવામાં આવશે". *(હિદાયા, ભાગ–૩, પેજ–૪૩, બયએ ફાસિદનું બયાન)*

બહારે શરીઅતમાં છે : "અથવા તે શરત એવી છે જેના પર

મુસલમાનોનો આમ તૌર પર (સામાન્યતઃ) અમલ છે જેમ કે આજ કાલ ઘડીયાળોમાં ગેરંટી એક વર્ષ, બે વર્ષની હોય છે કે તે મુદ્દતમાં જો ખરાબ થઈ જાય તો તેને ઠીક કરવાની જવાબદારી વેચનાર (દુકાનદાર)ની છે. આવી શરત પણ જાઈઝ છે. *(બહારે શરીઅત, ભાગ–૧૧, પેજ–૭૦૧, મકબતુલ મદીના)*

ફતાવા રઝવિય્યહ, ભાગ–૮, પેજ–૨૦૪થી ૨૦૮માં આ'લા હઝરત رحمۃ اللہ علیہએ એવી કેટલીયે લે વેચોનું વર્ણન ફિક્હી ઈબારતો (લખાણો) સાથે કર્યું છે જે અસલમાં તો નાજાઈઝ તથા ફાસિદ હતી અને ઉર્ફ તથા લોકોના અધિક અમલના કારણે જાઈઝ છે. જેમ કે : પગરખાં (Shoes)ની લે વેચ એ શરતે કરવી કે બીજી એની જોડ બનાવી આપે, તેમાં (બાંધવાની) દોરી લગાડી આપે. ચામડાની ખરીદી એ શરતે કરવી કે તેના જોડા આપે, પગરખાની લે વેચમાં તળ્યુ લગાડી આપવાની શરત, પીંજેલા ઉનની લે વેચ એ શરતે કે તેની ટોપી બનાવી આપે. ટોપી એ શરતે વેચે કે અસ્તર પોતાની પાસેથી લગાડે, ફાટેલા જૂના મોજા અથવા કપડાની લે વેચ થીંગડુ મારી દેવાની શરતે, ખાલ (ચામડુ) એ શરતે વેચે કે તેના મોજા બનાવી આપે. આ પ્રકારની અન્ય કેટલીયે પણ એવી લે વેચો છે જે ફાસિદ (ખોટી) શરતના કારણે ફાસિદ હતી અને બાદમાં જ્યારે તે શરતોનું ચલણ વધી ગયું તથા (લોકોનો) અમલ અધિક થઈ ગયો તો ફુક્હાએ કિરામે તેના જાઈઝ હોવાનો હુકમ સાદિર ફર્માવી આપ્યો.''

## (૨૪ થી ૪૪) કેટલીયે નાજાઈઝ વક્ફ તથા લે વેચો તેમજ કરજોની ઈજાઝત

એવા પણ ઘણાય મસાઈલ જે અસલ મઝહબમાં નાજાઈઝ

હતા તે બાદમાં નવા ઉપસ્થિત થયેલા ઉર્ફના કારણે જાઈઝ થઈ ગયા. જેમ કે સ્થળાંતર થઈ શકતી વસ્તુઓને વક્ફ કરવી અસલ મઝહબમાં નાજાઈઝ છે. પરંતુ જ્યારે કેટલીયે સ્થળાંતર થઈ શકતી વસ્તુઓને વક્ફ કરવાની પ્રથા મુસલમાનોમાં પ્રચલિત થઈ ગઈ તો ફુક્હાએ એના તમામ વક્ફોને જાઈઝ ઠરાવી આપ્યું. આ'લા હઝરત رضی اللہ عنہએ ફતાવા રઝવિય્યહ, ભાગ–૮માં એવા બાવીસ મસ્અલાઓને ફિક્હી પુરાવાઓની સાથે વર્ણન કર્યા છે, જે આ પ્રમાણે છે :–

''જનાઝા માટે ચારપાઈ, ચાદરો, તથા મૈયતના ગુસ્લ માટે ઘડાઓ. લોટાઓ વક્ફ કરવા. જરૂરતમંદો માટે કુહાડીઓ, કોદાળીઓ, આડીઓ, પાવડાઓ વગેરેને વક્ફ કરવું. મુસાફરો માટે થાળીઓ, હાંડલીઓ, મોટી દેગો વગેરે વક્ફ કરવી, મસ્જિદોમાં લગાડવા માટે ચિરાગ બત્તી માટેની રસ્સી, સાંકળ વગેરે વક્ફ કરવું.

કુર્આન મજીદ, કિતાબો, અનાજ, ગાય, દિરહમો, દીનારો વક્ફ કરવા, લોટને લોટના બદલે તોલીને વેચવું, માપથી નહીં, તોલીને આટો ઉધાર લેવો. રોટીઓની ઉધાર લે વેચ, રોટલીઓનું ગણીને કરજે લેવું, ઘઉં, જવ, ખજૂર, નમક, સોનું ચાંદીમાં માપ તથા વજનનો રિવાજ (ઉર્ફ) બદલાવાથી ઈમામ અબૂ યૂસુફનું ઉર્ફનો લેહાજ કરવું. આ તમામ (મસાઈલ) અસલ (મઝહબ) તથા ક્યાસના વિરૂધ્ધ છે, જેમને ઈમામોએ તથા ઓલમાએ લોકોના અધિક અમલ તથા ઉર્ફ પર આધારિત ફર્માવ્યા છે.'' *(ફતાવા રઝવિય્યહ, ભાગ–૮, પેજ–૨૦૮, ૨૦૯, અલ્ મિના વદુરર)*

આ છે સંજોગોના પરિવર્તનથી **બદલાયેલા** એવા **ચુમ્માલીસ (૪૪) મસાઈલ જે ફતાવા રઝવિય્યહમાં છે.** ગેરંટીવાળો મસ્અલો

**બહારે શરીઅત**થી લેવામાં આવ્યો છે. ટૂંકમાં તેનાથી અનુમાન કરી શકાય છે કે ફિક્હના ફુરૂઈ મસાઈલમાં સંજોગોના પરિવર્તનનો લેહાજ કેટલા એહતેમામની સાથે (કાળજીપૂર્વક) ફર્માવ્યો છે. એ અલગ વાત છે કે ક્યાંક પોતાનાથી આગળના ફુક્હાએ કિરામે બદલેલા મસાઈલને જેમના તેમ જ રાખીને પોતાની રાય તરફ રહનુમાઈ ફર્માવી છે.

## :: (ચોથો પ્રકાર) ::

## ફતાવા રઝવિય્યહ્‌ના એવા મસાઈલ જે બાદના ફુક્હાએ અહલે સુન્નતના નવા ફત્વાઓ તથા ફૈસલાઓ દ્વારા બદલાઈ ગયા

આ પ્રકારના મસાઈલની સંખ્યા પણ ઘણી જ છે. જો કે સાહિબે નઝર (દષ્ટિવાળા) આલિમે દીન આ મસાઈલને જમા કરે તો એક મુનાસિબ કિતાબ તૈયાર થઈ શકે છે. પરંતુ આ આજિઝ કમજાણકાર (મૂળ લેખક) ''અતાયા નબવિયા વ ફતાવા રઝવિય્યા''ના વિશાળ સમુદ્રના માત્ર એક કિનારાની સૈર કરાવવા માગે છે. એટલા માટે અમુક નમૂના રજૂ કરવા પૂરતા છે. અલ્લાહ કરે આ ઉદાહરણો આંખો ખોલનારા તથા પાઠ શિખવનારાં બને.

### (૧) વિદ્યૂત પંખા તથા લાઈટો મસ્જિદો તથા ઘરમાં લગાડવાની મનાઈ અને હવે તેની ઈજાઝત

આજે સામાન્ય રીતે ઘરો તથા મસ્જિદોમાં વિદ્યૂત પંખાઓ તથા લાઈટોનો ઉપયોગ કરવામાં આવે છે, પરંતુ શરીઅતની

દૃષ્ટિએ શું એ જાઈઝ પણ છે કે નહીં ? તે તેહક઼ીક઼ને પાત્ર છે. એક સદી પહેલાં આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہએ એક અગત્યનો ફત્વો જારી કર્યો હતો. જેમાં આપે ઘરોમાં તથા મસ્જિદોમાં વિદ્યુત લાઈટો તથા પંખાઓ લગાડવાને મનાઈ તથા નાજાઈઝ વ હરામ ઠરાવ્યું હતું, તેનાં કેટલાયે કારણો હતાં. અહીંયાં ફતાવા રઝવિય્યહ્માંથી પહેલાં સવાલો ત્યાર બાદ તેના જવાબો રજૂ કરવામાં આવે છે જેથી વાંચકો પર સ્પષ્ટ થઈ જાય કે તે ક્યા કારણો હતાં જેના આધારે વિદ્યુત લાઈટો તથા પંખાઓના ઉપયોગને મનાઈનો ફત્વો જારી થયો, અને તેનાથી એ પણ સ્પષ્ટ થઈ શકે છે કે તે કારણો આજે મૌજૂદ નથી.

## ❑ સવાલો ❒

૧૬/રજબ હિ.સ. ૧૩૩૪ મુંબઈ, કામ્બેકર સ્ટ્રીટથી એક વ્યક્તિએ નિમ્નલિખીત સવાલો કર્યા :–

**સવાલ નં. ૧ :** ..........................

**સવાલ નં. ૨ :** મસ્જિદ એવા સ્થળે છે જેની ચારેબાજુ મકાન નથી. અને દીવાલોમાં મોટા મોટા જંગલાઓ (બારીઓ) ઘણી સંખ્યામાં બનાવવામાં આવ્યા છે. હવા દરેક સમયે ત્યાં આવતી રહે છે, બલ્કે ક્યારેક તો હવા વધુ પ્રમાણમાં હોવાના કારણે બારીઓ બંધ કરી દેવામાં આવે છે. તો શું આવી સ્થિતિમાં વક઼્ફના માલથી વિદ્યુત પંખાઓ મસ્જિદમાં લગાડવા શરીઅતની દૃષ્ટિએ જાઈઝ છે કે નહીં ?

**સવાલ નં. ૩ :** અનુભવના અધારે એ વાત જાહેર છે કે જ્યારે વિદ્યુત પંખાઓ ચલાવવામાં આવે છે ત્યારે તેમાંથી એક

અવાજ આવે છે જેનાથી નમાઝમાં ખલેલ (અવરોધ) પડે છે તથા નમાઝમાં ખુશૂઅ, ખુઝૂઅ બાકી રહેતું નથી. તો શું આવા પંખાઓ જરૂરત વિના મસ્જિદના માલમાંથી (ખરીદીને) લગાડવા શરીઅતની દૃષ્ટિએ જાઈઝ છે કે નહીં ?

**સવાલ નં. ૪** : એ વાત પણ સંપૂર્ણ તેહક઼ીક઼થી સાબિત છે કે પંખાઓ ચલાવવાના ડબ્બા (મશીન)માં જે ગ્રીસ ઉપયોગ કરવામાં આવે છે તે (ગ્રીસ) નાપાક વસ્તુઓથી મિશ્રિત હોય છે. આવી વિશેષ સ્થિતિમાં આવા પંખાઓ મસ્જિદોમાં વકફના માલથી લગાડવાનો શરીઅતમાં શું હુકમ છે ?

**સવાલ નં. ૫** : ઈલેક્ટ્રીસીટીના નિષ્ણાતોથી એ વાત સારી રીતે જાણવામાં આવી છે કે ગેસ કરતાં ઈલેકટ્રીક લાઈટો તથા પંખાઓમાં આગ લાગવાનો અધિક ભય છે. જેમ કે ઈલેકટ્રીસી દ્વારા આ પ્રકારની આગ લાગવાની દુર્ઘટનાઓ ઘણી થઈ ચૂકી છે જેનાથી કેટલાયે લોકો વાકેફ છે. તો શું આવી પરિસ્થિતિમાં આવી ભયાનક તથા ખતરનાક વસ્તુને લગાડવી શરીઅતમાં જાઈઝ છે કે નહીં ?

**સવાલ નં. ૬** : એ વાત પણ યાદ રહે કે તબીબો (ડોકટર)નાં મંતવ્ય મુજબ વિદ્યુતનો પ્રકાશ આંખો માટે હાનિકારક છે. તેમજ વિદ્યુત પંખાઓની હવા પણ સ્વાસ્થ્ય માટે નુકસાનકારક છે. જેમ કે આ વિષયનો એક લેખ ચાલુ વરસના તા. ૧ જુનના ''અખ્બારે તબીબ''માં પ્રકાશિત થયો છે જે ''જનાબ હાઝિકુલ મલિક મૌલવી હકીમ અજમલખાન સાહબ બહાદૂર રઈસે દહેલી''ની નિગરાનીમાં પ્રકાશિત થાય છે. તો શું આવી સ્વાસ્થ્ય માટે હાનિકારક વસ્તુ મસ્જિદમાં લગાડવી શરઅન જાઈઝ છે કે નહીં ?
*(ફતાવા રઝવિય્યહ્, ૬/૩૮૨)*

## ❑ જવાબો ❒

**જવાબ નં. ૧ :** ..........................

**જવાબ નં. ૨ :** પહેલા તો અમે અમારા ફત્વાઓમાં બયાન કર્યું છે કે, મસ્જિદમાં ફર્શી પંખા (ટેબલ ફેન) લગાડવા બિલ્કુલ નાપસંદ છે. મદખલ ઈલાશ્શરીઅહ્માં છે :–

**قد منع علماؤنا رحمهم الله تعالٰى المر اوح؛ إذ اَنّ اتخاذها فى المسجد بدعة**

"આપણા ઉલમાએ કિરામ رحمۃ اللہ علیہم اجمعین એ પંખા લગાડવાની મનાઈ ફર્માવી છે, કેમ કે તેને મસ્જિદમાં લગાડવા બિદઅત છે."

બીજુ એ કે જ્યારે પરિસ્થિતિ એવી છે કે જરૂરત બિલ્કુલ નથી તો પોતાના માલથી પણ જાઈઝ નથી. અને વકફના માલથી પણ જાઈઝ નથી.

**قال الله تعالٰى : لا تسرفوا ان الله لايحب المسر فين۔**

"અલ્લાહ તઆલા ફર્માવે છે : ફુઝૂલખર્ચી ન કરો બેશક ! અલ્લાહ ફુઝૂલખર્ચી કરનારાને પસંદ નથી ફર્માવતો."

**وقال ﷺ : انّ اللّٰه تعالٰى كره لكم ثلثا : قيل و قال وكثرة السّؤ ال و إضاعة المال۔**

"અલ્લાહના રસૂલ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો : અલ્લાહ તઆલા તમારી ત્રણ વાતોને નાપસંદ કરે છે. ફુઝૂલ બક બક (કરવું), વધારે સવાલ કરવા તથા માલને બરબાદ કરવો."

ત્રીજુ (નાજાઈઝ હોવાનું કારણ) એ કે આ (પંખા લગાડવા) વક્ફમાં એક નવા ખર્ચને જગા આપવી છે, જેની ઈજાઝત મુતવલ્લીને નથી હોય શકતી.

ચોથુ એ કે તિબ્બ તથા આરોગ્ય વિભાગના મંતવ્ય મુજબ પંખાની હવા સ્વાસ્થ્ય માટે હાનિકારક છે. તો તેનું કોઈ મુસલમાનના ઘરમાં પણ પોતાના ખાસ માલમાંથી અથવા મસ્જિદમાં પોતાના માલથી અથવા વકફના માલમાંથી લગાડવું નાજાઈઝ થશે.

**જવાબ નં. ૩** : બેશક ! મસ્જિદમાં આવી વસ્તુઓને લગાડવાની મનાઈ છે. બલ્કે એવી જગ્યાએ નમાઝ પઢવી મકરૂહ છે. "તન્વીરુલ અબ્સાર" તથા "દુર્રે મુખ્તાર"માં છે :–

**کرو قوت حضور طعام تاقت نفسه اليه وكذا كل ما يشغل بالَهٗ عن افعالها ويُخل بخشو عها كائنا ماكان**

ખાવાની ઈચ્છા હોય તો નમાઝ પઢવી મકરૂહ છે. એ જ પ્રમાણે કોઈ એવી વસ્તુ જેનાથી નમાઝમાં ધ્યાન હટી જાય તથા તેના ખુશૂઅ્માં ખલેલ પડે તે (વસ્તુ) કરાહત પાત્ર (મકરૂહ) છે.

એ જ પ્રમાણે "શરહે તન્વીર"માં છે : **ولذا تكره فى طاحون** "ઘરમાં જો ચક્કી (ઘંટી) ચાલતી હોય તો ત્યાં નમાઝ મકરૂહ છે."

"રદ્દુલ મુહ્તાર"માં છે :–

**لعل وجهه شغل البال بصوتها** "કદાચ ! તેનું કારણ ચક્કીના અવાજથી દિલ (ધ્યાન)નું નમાઝથી હટી જવું છે."

**જવાબ નં. ૪** : આ સ્થિતિમાં તે પંખો બિલ્કુલ (સ્વંય) નાજાઈઝ છે. ભલે ઉપરોક્ત (નાજાઈઝ હોવાના ચાર કારણો) પણ ન હોય. (૧) ફુઝૂલખર્ચી (૨) વકફના માલમાં નવો ખર્ચો લાગુ કરવો, (૩) સ્વાસ્થ્ય માટે હાનિકારક હોવું, (૪) નમાઝમાં તેનાથી ખલેલ પડવો.

"તન્વીરુલ અબ્સાર"માં છે :–

كره ادخال بخاسة فيه فلا يجوزالا ستصباح بدهن نجس فيه

"મસ્જિદમાં નાપાક વસ્તુ લઈને જવું મકરૂહે તહરીમી છે. એટલા માટે નાપાક તેલથી દીવો સળગાવવો મસ્જિદમાં જાઈઝ નથી."

**જવાબ નં. ૫** : આ પંખાઓ તથા લાઈટોની મનાઈ માટે આ કારણ પણ પર્યાપ્ત છે. રસૂલુલ્લાહ ﷺ ફર્માવે છે :–

اذا نتم فأطفؤا السراج فان الفارة تاخذ افتيلة فتحرق اهل البيت۔ رواه أحمد والطبر انى والحاكم بسند صحيح عن عبد الله بن سر جس والحديث فى الصحيحين من وجوه

સૂતા પહેલાં દીવાને બુઝાવી નાખો. કેમ કે ઉંદર તેની બત્તી (દિવેટ) લઈ જઈને ઘરવાળાઓને સળગાવી શકે છે. આ હદીષને અહમદ, તિબ્રાની તથા હાકિમે સહીહ સનદની સાથે અબ્દુલ્લાહ બિન સરજિસથી રિવાયત કરી છે. અને આ હદીષ સહીહ બુખારી તથા મુસ્લિમમાં અલગ અલગ સનદોની સાથે મૌજૂદ છે.

**જવાબ નં. ૬** : જ્યારે તિબ્બ (ડોકટરી)ની દૃષ્ટિએ તેની (હવા)નું હાનિકારક હોવું સાબિત હોય તો આ એક નાજાઈઝ હોવાનું મોટું કારણ છે. કેમ કે તેમાં મુસલમાનોને નુકસાન પહોંચાડવું છે અને તે હરામ છે. રસૂલુલ્લાહ ﷺ ફર્માવે છે :–

"لاضرر ولا ضرار" رواه احمد وابن ماجة عن عُبادة رضى الله تعالٰى عنهم۔

"ન તકલીફ આપો, ન તકલીફમાં પડો." આ હદીષને અહમદ, ઈબ્ને માજાએ હઝરત ઉબાદા رضی اللہ عنہથી રિવાયત કરી છે.

તેમાં મુસલમાનોની બદ્ખ્વાહી (બુરું સોચવું) છે અને તે દીનના વિરુદ્ધ છે. રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ફર્માવે છે :–

**"إن الدين النصيحة لله ولكتابه ولرسوله ولأ ئمّة المسلمين وعامّتهم۔" رواه احمد و مسلم و ابو داؤد والنسائی عن تمیم الداری رضی اللہ تعالٰی عنہ۔**

"બેશક ! દીન ખૈરખ્વાહી (નું નામ) છે. અલ્લાહ માટે અલ્લાહની કિતાબ માટે, મુસલમાનોના ઈમામો તથા હાકિમો માટે તથા તમામ મુસલમાનો માટે (સારું વિચારવું). આ હદીષ અહમદ મુસ્લિમ, અબૂ દાઊદ તથા નિસાઈએ હઝરત તમીમદારી رضی اللہ عنہથી રિવાયત કરી છે. (*ફતાવા રઝવિય્યહ્, ૬/૩૮૩, ૩૮૪, સુન્ની દારુલ ઈશાઅત, મુબારકપુર*)

**આ છે ફક઼ીહે બેમિષાલનો ફત્વો જે આજની પરિસ્થિતિમાં જારી નથી કરી શકાતો, અને ન તો ક્યાં જારી થાય છે. ખુદ મર્કઝના દારુલ ઈફતાઓ પણ આજે એ વિષયમાં ચૂપ છે. બલ્કે તેનાથી વિરુદ્ધ સર્વ આલમ તથા ખવાસ પોતાના ઘરોમાં તથા મસ્જિદોમા ઈલેક્ટ્રીક લાઈટો તથા પંખાઓનો ઉપયોગ કરે છે અને તે પણ એટલી બેપરવાહીથી કે કોઈને તેના નાજાઈઝ તથા હરામ હોવાનો વહેમ પણ નથી થતો, તેનું કારણ શું છે ? શું આપણી તમામ અવામ તથા ખવાસ આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہના મસ્લકથી ફરી ગયા છે ?!! આમ બિલ્કુલ નથી.**

*ઈન મસાઈલ મેં હૈ કુછ ઝરફ નિગાહી દરકાર*

*યે હકાઈક હૈં, તમાશ–એ લબે બામ નહીં*

આ'લા હઝરત رحمۃ اللہ علیہએ જે શરઈ કારણોના આધારે હુકમો જારી કર્યા છે તે તમામ આપની નજરો સમક્ષ છે. **તે કારણો જો આજે પણ ઉપસ્થિત હોય તો હુકમ નાજાઈઝ હોવાનો જ રહેશે.** પરંતુ સચ્ચાઈ એ છે કે આજે તે તમામ સંજોગો તથા કારણો જમાનાના પરિવર્તનથી બદલાઈ ગયાં છે. અને સાધારણ રીતે ઘરોમાં તથા મસ્જિદોમાં તેની જરૂરત પડે છે. અને આજે કોઈ સંકોચ વિના આખી દુનિયા તેનો ઉપયોગ કરે છે. જેથી વિદ્યુત લાઈટો તથા પંખાઓ ઘરોમાં તથા મસ્જિદોમાં દરેક જગ્યાએ લગાડવું તથા તેનો ઉપયોગ કરવો જાઈઝ છે. હા ! તેના સિવાય કે ક્યાંક કોઈ વિપરિત પરિસ્થિત હોય (તો ત્યાં હુકમ અલગ રહેશે.)

## (૨) ગુમ થઈ ગયેલ (લાપતા) પતિની પત્ની શું કરે ?

પતિ લાપતા થઈ જાય અને એ પણ ખબર ન પડી શકે કે તે જીવે છે કે મૃત્યુ પામી ગયો છે, તો પણ પત્ની ઉપર ફર્ઝ છે કે બીજા ઠેકાણે પોતાના નિકાહ ન કરે, બલ્કે શોહર (પતિ)નો ઈન્તેઝાર કરે. જ્યારે તેની (શોહરની) વય તેના જન્મની તારીખથી સપૂંર્ણ સિત્તેર વર્ષ થઈ જાય ત્યારે કાઝી પાસે જઈને અરજી કરે, તે કાઝી તેના પતિના મૃત્યુનો હુકમ આપી દે ત્યારબાદ તે પત્ની ચાર મહિના દસ દિવસ વફાતની ઈદ્દત પસાર કરીને બીજા સાથે નિકાહ કરી શકે છે.

આ છે હનફી મઝહબ જેને આ'લા હઝરત رحمۃ اللہ علیہએ પોતાના કેટલાયે ફત્વાઓમાં વર્ણન કર્યો છે. જેમ કે એક ફત્વામાં લખે છે :–

''અને આપણા મઝહબમાં પત્ની પર ઈન્તેઝાર (કરવો) ફર્ઝ છે. ત્યાં સુધી કે પતિની ઉમર (તેની જન્મ તારીખથી લઈને) સિત્તેર (૭૦) વર્ષ ગુઝરી જાય. જો પચાસ (૫૦) વર્ષની વયે ગુમ થઈ ગયો હોય તો વીસ (૨૦) વર્ષ ઈન્તેજાર કરે. અને સાઈઠ (૬૦) વર્ષની વયે ગુમ થયો હોય તો દસ વર્ષ પછી તેની મોત (મૃત્યુ)નો હુકમ આપવામાં આવે અને ઔરત ચાર મહીના અને દસ દિવસની ઈદ્દત પૂરી કરે ત્યાર બાદ બીજાથી નિકાહ કરી શકે છે. આ જ મઝહબ ઈમામ શાફઈ رحمۃ اللہ علیہ નો છે. તેના જ તરફ તેમણે રજૂ ફર્માવ્યું અને આજ ક઼ૌલ ઈમામ અહમદ رحمۃ اللہ علیہ નો છે. અને બીજો ક઼ૌલ ઈમામ માલિકના ક઼ૌલની જેમ છે.'' رِضْوَانُ اللہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْنَ *(ફતાવા રઝવિય્યહ, ૬/૩૧૮)*

એક બીજા ફત્વામાં આપ તેહરીર ફર્માવે છે કે:

''હનફી ઈમામોના મઝહબમાં તથા જમહૂર (અધિકતર) ઈમામોના મઝહબમાં ખોવાય ગયેલ પતિવાળી પત્ની ઉપર ઈન્તેઝાર ફર્ઝ છે ત્યાં સુધી કે એટલો જમાનો (મુદ્દત) પસાર થઈ જાય કે સ્વભાવિક રીતે ગુમ થયેલ પતિના મૌતનું ગુમાન થઈ જાય. અને તેની મુદ્દત ફત્વા તથા હદીષ મુજબ એ છે કે ગુમ થયેલના જન્મના દિવસથી સિત્તેર વર્ષ પસાર થઈ જાય. ઈમામે માલિક رضی اللہ عنہ પણ ખોવાય ગયેલા માલની બાબતમાં આ જ હુકમ આપે છે પરંતુ ગુમ થયેલ પતિની બાબતમાં વિરૂધ્ધ કરે છે. *(ફતાવા રઝવિય્યહ, ૬/૩૧૯)*

આ'લા હઝરત رحمۃ اللہ علیہ જે ઔરતનો પતિ ગુમ થઈ ગયો હોય તેના વિશે આ જ હુકમ જારી ફર્માવાતા હતા. પરંતુ આપના વિસાલના એક અરસા બાદ ઈદારએ શરઈયા પટનાની સ્થાપ્નાના

સમયે જ્યારે રઈસુલની ક઼લમ હઝરત અલ્લામા અર્શદુલ ક઼ાદરી رحمۃ اللہ علیہએ એહલે સુન્નતના મુફતીઓની મજલિસમાં આ મસ્અલો રજૂ કર્યો તો મુફ્તિયાને કિરામે બહષ તથા ચર્ચા કર્યા બાદ શરઈ જરૂરતના આધારે તેવી પત્ની જેનો પતિ લાપતા થઈ ગયો હોય તેના વિશે ઈમામે માલિક رضی اللہ عنہના મઝહબ મુજબ અમલની ઈજાઝત આ પ્રમાણે આપી :–

"જરૂરત તથા મસ્લેહતના સમયે ઈમામ માલિક رحمۃ اللہ علیہના મઝહબ મુજબ અમલ કરતાં હનફી ક઼ાઝી પણ છૂટાછેડાનો હુકમ આપી શકે. જેમ કે અલ્લામા શામીએ રદુલ મુહ્તારમાં ફર્માવ્યું છે." *(દારૂલ ક઼ઝા કે ફરાઈઝો મસાઈલ, પેજ–૪)*

અને પીરે તરીક઼ત હઝરત મૌલાના મુફતી ઉબૈદુર્રહમાન રશીદી رحمۃ اللہ علیہ સજ્જાદાનશીન ખાનક઼ાહે રશીદિયા જોનપૂર દ્વારા જાણવા મળ્યું કે હઝરત મલિકુલ ઉલમા અલ્લામા ઝફરૂદ્દીન શમ્સુલ્હુદા رحمۃ اللہ علیہ પટનાથી રિટાયર્ડ થઈને જ્યારે જામિઆ લતીફિયા બહુરૂલ ઉલૂમ, અમ્લા ટોલી, કટિહાર, બિહારમાં સદર મુદર્રિસીનની હૈસિયતથી તશરીફ લાવ્યા તો ત્યાં આપની ખિદમતમાં એક ઔરતે જેનો પતિ ગુમ થઈ ગયેલ હતો અરજી દાખલ કરી અને આપે તપાસ તથા તેહક઼ીક઼ કર્યા બાદ ઈમામ માલિકના મઝહબ મુજબ ફૈંસલો કર્યો. મુફતી ઉબૈદુર્રહમાન રશીદીએ બતાવ્યું કે તે સમયે તેઓ હિદાયતુન્નહવના તાલિબે ઈલ્મ હતા.

હા ! આ'લા હઝરત رحمۃ اللہ علیہએ પોતાના એક ફત્વામાં ઈમામ માલિક رحمۃ اللہ علیہનો મઝહબ નકલ કરીને એ લખ્યું છે કે ! "હનફી નિશ્ચિત જરૂરતના સમયે તેના ઉપર અમલ કરી શકે છે." *(ફતાવા રઝવિય્યહ, ૬/૩૨૦)*

પરંતુ આપના (આ'લા હઝરત رحمۃاللہعلیہના) ફત્વાઓથી એ જાહેર નથી થતું કે આપે પોતાના દૌરમાં સહીહ જરૂરત (આવશ્યકતા)ની ઉપસ્થિતિ માની હોય. તેનાથી વિરૂધ્ધ આપના શેહઝાદા હિબરૂલ્ ઉમ્મત, મુફતીએ આ'ઝમ હઝરત અલ્લામા મૌલાના મુફતી શાહ મુસ્તફા રઝા ખાન رحمۃاللہعلیہએ પોતાના દૌરમાં સહીહ શરઈ જરૂરત (આવશ્યકતા)નો સ્વીકાર કર્યો અને એહલે સુન્નતના મુફતિયાને કિરામના સદરે આ'લાની હૈસિયતથી ઈમામ માલિક رحمۃاللہعلیہના મઝહબ મુજબ કાઝીને ફૈંસલો આપવાની ઈજાઝત આપી અને ત્યારથી જ આપણા ઉલમાએ કિરામ તેના મુજબ જ ફત્વો તથા ફૈંસલો આપે છે. ફતાવા રઝવિય્યહમાં આ'લા હઝરતે ઈમામ માલિક رحمۃاللہعلیہનો મઝહબ આ પ્રમાણે વર્ણન કર્યો છે ! ''તેમનો (ઈમામ માલિકનો) મઝહબ એ છે કે તે ઔરત જેનો પતિ ગુમ થઈ ગયો હોય કાઝી એ શરઅની સમક્ષ અરજી દાખલ કરે, કાઝી તેહકીક (તપાસ) કર્યા બાદ અરજી દાખલ કર્યાથી લઈને ચાર વર્ષ સુધીની મોહલત પોતાના તરફથી આપે. ઔરત આ દિવસો (ચાર વર્ષ) ગુજારી લે. ત્યાર બાદ ફરીથી કાઝીને ત્યાં અરજી દાખલ કરે. અને કાઝી તેહકીક કર્યા બાદ છૂટાછેડાનો ફૈંસલો કરે. ત્યારબાદ તે ઔરત (ચાર મહીના દસ દિવસની) ઈદ્દતમાં બેસે, ત્યાર બાદ તેણી નિકાહ કરી શકે છે. પોતે ઈમામ માલિકે પોતાની સંપાદિત કરેલ કિતાબમાં તેની સ્પષ્ટતા કરી છે અને સાફ ઈર્શાદ ફર્માવ્યું છે કે અરજી દાખલ કર્યા પહેલાં ભલે વીસ વરસ વીતી ગયાં હોય તેને બિલ્કુલ ગણવામાં નહીં આવે. આજથી (અરજી દાખલ કરવાના સમયથી) ચાર વર્ષ ગણવામાં આવશે.''

*–(ફતાવા રઝવિય્યહ, ૬/૩૨૦, સુન્ની દારુલ ઈશાઅત, મુબારકપુર)*

## (૩) હવે ભરણપોષણથી વંચિત ઔરતના નિકાહ નાબૂદ કરવાની ઈજાઝત

પત્નીને પતિ તરફથી ભરણપોષણ ન મળે તેવી ઔરતને "માદૂમતુન્નફકહ" (ભરણપોષણથી વંચિત સ્ત્રી) કહે છે. હનફી મઝહબમાં ભરણપોષણથી વંચિત હોવાથી તેણીના પતિથી તેણીનો નિકાહ ખતમ કરવાની ઈજાઝત નથી, એટલા માટે પતિના મૌત અથવા તલાક઼ સિવાય પતિ પત્નીમાં છૂટાછેડા નથી થઈ શક્તા. ફક઼ીહે બેમિષાલ આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہનો ફત્વો પણ આ પ્રમાણે જ છે. જેમ કે આપ એક ફત્વામાં લખે છે :

"મૌત અથવા તલાક઼ના કારણથી છૂટાછેડા સિવાય બીજા કોઈ (કારણ)થી બીજા સાથે નિકાહ નથી થઈ શક્તા. આપણા નજીક (આપણા મઝહબમાં) પતિનું ગાઈબ થઈ જવું ભલે ને તે તંગી (પતિનું મુફલિસ તથા તંગદસ્ત હોવા)ના કારણે ભરણપોષણનો ખર્ચ આપવાથી પતિનું લાચાર હોવું અથવા ભરણપોષણ પ્રાપ્ત કરવાથી સ્ત્રીનું વંચિત હોવું તફરીક (છૂટાછેડા)નું કારણ નથી. *(ફતાવા રઝવિય્યહ્, પેજ : ૫૦૧, કિતાબુત્તલાક઼)*

પરંતુ તેનાથી વિરુદ્ધ આપણા બાદના અકાબિર ઓલમાએ અહલે સુન્નત رحمۃ اللہ علیہم اجمعینએ તે મઝહબ અપનાવ્યો કે ભરણપોષણથી આજિઝ (ભરણપોષણનો ખર્ચ આપવાની શક્તિ ન) હોવાની બંને સ્થિતિઓમાં નિકાહ ખતમ કરવાની તથા છૂટાછેડાની ઈજાઝત છે. વર્ણન આ પ્રમાણે છે :–

મઅ્દમતુન્નફક઼હ (ભરણપોષણથી મેહરૂમ) : એવી સ્ત્રી જેને શોહર તરફથી ભરણપોષણ ન મળતું હોય તેની બે સ્થિતિઓ છે :–

**પ્રથમ** : શોહર મૌજૂદ છે પરંતુ મુફલિસી તથા ગરીબીના કારણે પોતાની પત્નીને ભરણપોષણનો ખર્ચ આપવાથી આજિઝ છે (ખર્ચ દઈ નથી શક્તો) આવી પરિસ્થિતિમાં જો પત્ની ક઼ાઝી સમક્ષ છૂટાછેડાની માગણી કરે તો ક઼ાઝી પતિની લાચારી સાબિત થઈ ગયા બાદ, પતિ પત્ની દરમિયાન છૂટાછેડા કરાવી આપે.

**બીજી સ્થિતિ** : પતિ ભરણ પોષણ આપવાની શક્તિ ધરાવે છે પરંતુ ગાયબ હોવાના કારણે ભરણપોષણ નથી આપતો અને પત્ની પતિના માલમાંથી ભરણપોષણ વગેરે લેવાની શક્તિ નથી ધરાવતી. તો આવી પરિસ્થિતિમાં જો પત્ની ક઼ાઝી સમક્ષ છૂટાછેડાની માગણી કરી તો દાવો સત્ય સાબિત થઈ ગયા બાદ ક઼ાઝી પતિ પત્ની વચ્ચે છૂટાછેડા કરાવી આપે.

ઉપરોક્ત બંને સ્થિતિઓનો હુકમ હઝરત ઈમામ શાફઈ رحمۃ اللہ علیہના મઝહબ મુજબ છે. પરંતુ જરૂરત તથા મસ્લેહતના પેશે નઝર આપણા અમુક ઓલમાએ તેના મુજબ ફત્વા આપ્યો છે. જેમ કે "મજમઉલ્ અન્હર"માં છે.

અબ્દુહુલ્ મુઝનિબ

**મુહમ્મદ ઉબૈદુર્રહમાન ગુફિરલહૂ**

*(સદર મુદર્રિસ : મદ્રસા ફૈઝુલ ઉલૂમ–જમશેદપુર)*

*૨૬ જુમાદલ આખિરા, હિ.સ. ૧૩૮૯*

**(١) صحيح الجواب بعون الملك الوهاب والمجيب العلّام مصيب و مُثَاب**

**અબ્દુલ અઝીઝ ગુફિરલહૂ**

*(દારુલ ઉલૂમ અશરફિયા, મુબારકપુર, યુ.પી.)*

(۲) الجواب صحیح۔ واللّٰہ تعالٰی اعلم۔

**મુહમ્મદ શરીફુલ હક્ક઼ અમજદી**

*(જામિઆ અરબિયા, અન્વારુલ કુર્આન, બલરામપુર, ગોંડા)*

(૩) ફક઼ીર આ ફત્વાની તસ્દીક તથા ભરોસાપાત્ર ઠરાવીને તેના પૂછનાર તથા લખનાર માટે અજરે અઝીમની દુઆ કરે છે.

**ફક઼ીર અબ્દુલ બાકી બુરહાનુલ્ હક્ક઼ જબલપુરી**

(૨૭, રમઝાન, લયલતુલ કદ્રનો દિવસ, હિ.સ. ૧૩૮૯)

## દારુલ કુઝાતના ફરાઈઝ તથા મસાઈલ

بسم اللّٰہ الرحمٰن الرحیم

الٰی سادۃ علماء الاسلام

યા વર્ષે દારુલ કુઝાતની સ્થાપના ના સંબંધે મશહૂર ઓલમાએ એહલે સુન્નત સમક્ષ એક ઈસ્તિફતા (ફત્વા જાણવા સવાલ) રજૂ કરવામાં આવ્યો જેના જવાબનો ખુલાસો નીચે મુજબ છે :–

**(૧)** આજે હિંદુસ્તાનમાં આપણા એ મામલાઓના ફૈંસલા માટે જેમાં "મુસલમાન હાકેમ" (બાદશાહ) હોવાની શરત છે. જમ્હૂર મુસલમાનોને શરીઅતની દ્રષ્ટિએ એ અધિકાર પહોંચે છે કે તે કોઈ બાશરઅ આલિમને પોતાના કાઝી તરીકે નિયુક્ત કરી લે. આવા કાઝીનો ફૈંસલો પોતાની ખાસ હદોમાં જાઈઝ તથા લાગુ થવા પાત્ર રહેશે. *(શામી, જામિઉલ્ ફસૂલૈન, ફતાવા રઝવિય્યહ, બહારે શરીઅત)*

**(૨)** એવી સ્ત્રી જેનો પતિ લાપતા થઈ ગયો હોય, એવી સ્ત્રી જે ભરણ પોષણના ખર્ચથી વંચિત હોય. જેનો પતિ નપૂંસક હોય, જેનો પતિ પાગલ હોય (અસ્થિર) હોય, જે સ્ત્રીને શરતી

તલાક્ આપવામાં આવી હોય, વગેરે મસાઈલમાં શરીઅત તરફથી મુસલમાનોએ નિયુક્ત કરેલ ક઼ાઝી ઔરતની અરજી પર પતિ પત્નીના છુટાછેડા પણ કરાવી શકે છે, અને સખત જરૂરતના સમયે ગુમ થયેલ પતિ પર હુકમ પણ લાગુ કરી શકે છે. *(ફ઼ત્હુલ કદીર, શામી, જામિઉર્રુમૂઝ, મજમઉલ્ અન્હર)*

(૩) મુસલમાનોએ નિયુક્ત કરેલ ક઼ાઝી વિશેષ શરતો તથા નક્કી કરેલ શરતોના આધારે બન્ને પક્ષોના બયાનો સાંભળ્યા પછી પોતાની યોગ્ય દ્રષ્ટિ મુજબ કેસોનો ફૈંસલો પણ કરી શકે છે, અને શરીઅતમાં તેનો ફૈંસલો સ્વીકાર્ય તથા લાગુ થશે. *(શામી, વગેરે)*

ઉપરોક્ત જવાબોનું જે ઓલમાએ એહલે સુન્નતે સમર્થન કર્યું તથા જવાબોને ભરોસાપાત્ર ઠરાવ્યા હતા તેમનાં નામો આ છે :

૦૧. તાજદારે એહલે સુન્નત હુઝૂર મુફ્તીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہ

૦૨. સૈયદુલ ઓલમા હઝરત મૌલાના સૈયદ શાહ આલે મુસ્તફા સાહબ ક઼િબ્લા رحمۃ اللہ علیہ

૦૩. ઉસ્તાઝુલ્ ઓલમા હઝરત મૌલાના અબ્દુલ અઝીઝ સાહબ ક઼િબ્લા رحمۃ اللہ علیہ

૦૪. અમીને શરીઅત હઝરત મૌલાના રિફ઼ાક઼ત હુસૈન સાહબ ક઼િબ્લા رحمۃ اللہ علیہ

૦૫. મુજાહિદે મિલ્લત હઝરત મૌલાના હબીબુર્રહમાન સાહબ ક઼િબ્લા رحمۃ اللہ علیہ

૦૬. હઝરત અલ્લામા ક઼ાઝી શમ્સુદ્દીન સાહબ જોનપૂરી رحمۃ اللہ علیہ

૦૭. હઝરત અલ્લામા અલ્હાજ અબ્દુર્રશીદખાન સાહબ મુફ્તીએ નાગપૂર رحمۃ اللہ علیہ

૦૮. હઝરત અલ્લામા મુફતી શરીફુલ હક્ક અમજદી મુફતીએ અશરફિયા رحمۃ اللہ علیہ

તેમજ ફૈઝુર્રસૂલ બ્રાઉન શરીફના ઉલમા હઝરાત. *(દારૂલ કઝા કે ફરાઈઝ વ મસાઈલ)*★

આ ઐતિહાસિક ફૈસલાઓને ઈમામે આ'ઝમ અબૂ હનીફા તેમજ બીજા અન્ય હન્ફી ફુકહા તથા ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہم اجمعین ના વિરૂધ્ધ ન કહી શકાય. તો પછી આજે આ બુઝુર્ગોના નકશે કદમની પેરવીને પણ ઈખ્તેલાફ નહીં પણ ''ઈત્તેબાઅ'' (પેરવી) સમજવી જોઈએ.

## (૪) સીપ (છીપલા)નો ચૂનો હલાલ કે હરામ ?

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ એ સીપના ચૂનાને ખાવું ફતાવા રઝવિય્યહ્‌માં તથા ફવાઈદે રઝવિય્યહ્‌માં

---

★ *ઉલમાએ એહલે સુન્નતની એકમતિવાળી કરારદાદ (એગ્રિમેન્ટ)નું નામ સરળતા ખાતર આ લખનારે (લેખકે) ''દારુલ કુઝાકે ફરાઈઝ વ મસાઈલ'' રાખ્યું છે. એ ફુલ સ્કેપ સાઈઝના બાર પેજો પર આધારિત છે. આ એગ્રિમેન્ટ મને મોહિબ્બે ગિરામી હઝરત મૌલાના મુહમ્મદ અલી ફારૂકી સાહબ દામ મજ્દહુમ મોહતમિમ યતીમખાના ઈસ્લાહુલ મુસ્લિમીન (રાયપુર, છત્તીસગઢ)ના થકી ૨૦–શવ્વાલુલ્ મુકર્રમ હિ.સ. ૧૪૩૪ બુધવારે અસર પહેલાં મળ્યો. અમે એના માટે મૌલાના મૌસૂફના દિલના ઊંડાણથી આભારી છીએ. ખુદાએ પાક તેમને જઝાએ ખૈર અતા ફર્માવે. અને તેમને આ કરારદાદ (એગ્રિમેન્ટ) ખૂદ કાઈદે મિલ્લત, રઈસુલ કલમ હઝરત અલ્લામા અર્શદુલ કાદરી رحمۃ اللہ علیہ ના હાથે મળ્યો. અમે આ સંપૂર્ણ એગ્રિમેન્ટ ફાયદાના હેતુથી ''મજલિસે શરઈકે ફૈસલે''ની પ્રસ્તાવનામાં પ્રસિધ્ધ કરી રહ્યા છીએ. –**(મુહમ્મદ નિઝામુદ્દીન ગુફિરલહૂ)***

હરામ લખ્યું છે કે, ''ફવાઈદ''ના શબ્દો આ પ્રમાણે છે : ''સીપનો ચૂનો હરામ છે. જે પાનમાં તે ચૂનો લાગ્યો હોય તેનું ખાવું **હરામ** છે.'' *(ફવાઈદે રઝવિય્યહ્, ફતાવા રઝવિય્યહ્ના હાસ્યામાં, ૧/૭૦૧)*

પરંતુ બિહારના ઉલમાએ તેને હલાલ ઠેરવ્યો છે. જેમ કે શારેહે બુખારી હઝરત અલ્લામા મુફતી મુહમ્મદ શરીફુલહક્ક્ અમજદી رحمۃاللہعلیہ લખે છે :–

''બિહારના ઉલમા સીપના ચૂનાને હલાલ જાણે છે. કેટલાક ઉલમાએ તેને હલાલ હોવાનો ફત્વો પણ લખેલો છે.'' *(ઈસ્લામ ઔર ચાંદ કા સફર, વિષય : મઅ્ઝિરત, પેજ : ૨૦)*

સીપ (છીપલુ) જમીનના પ્રકારમાંથી છે એટલા માટે આ'લા હઝરત رحمۃاللہعلیہએ તેને હરામ ફર્માવ્યું, પરંતુ બિહાર, ચંપારન તથા તેના આસપાસના યુ.પી.ના લોકો સીપને આગમાં જલાવીને રાખને પાણીમાં મીલાવીને ચૂનો બનાવે છે અને પાન વગેરેની સાથે તેને ખાય છે, અને તેમાં તે ઈલાકાના આમ લોકો તથા ખાસ લોકો બધા જ સપડાયેલા હતા. તે ઉમૂમે બલ્વા (અધિક્તર લોકોના અમલ)ના કારણે આ ઈલાકાઓમાં હુકમમાં નરમી તથા સહૂલત થઈ ગઈ. પરંતુ ઉત્તર પ્રદેશના (અન્ય) આમ ઈલાકાઓમાં તે સમયે ઉમૂમે બલ્વાની સ્થિતિ ન હતી એટલા માટે ત્યાં હુકમ તે જ હતો જે ફતાવા રઝવિય્યહ્માં લખેલ છે કે સીપનો ચૂનો હરામ છે.

બિહારના ઉલમાઓનું આ પ્રમાણે કરવું આ'લા હઝરતથી ઈખ્તિલાફ નથી, બલ્કે સંજોગોના બદલાવથી અહકામના બદલાય જવાનું ઉદાહરણ છે.

## (૫) ફોટો પડાવવો ક્યારે હરામ અને ક્યારે હલાલ ?

કોઈ વ્યક્તિનું પોતાનો ફોટો પડાવવો હરામ તથા ગુનોહ

છે. આ વિષયમાં આ'લા હઝરત رحمۃ اللہ علیہનાં કેટલાયે ફત્વાઓ છે જેમાં એક ફત્વો તો ઘણો જ તેહક઼ીક઼ી છે. જે ક઼ાયદેસર રીતે કિતાબી રૂપમાં "અતાયાલ્ કદીર ફી અહકામિ તસ્વીર"ના નામથી વારંવાર છપાય ચૂક્યો છે. આ ફત્વો મારા (મૂળ લેખકના) મુર્શિદે બરહક઼ હુઝૂર મુફતીએ આ'ઝમ તથા હુઝૂર હાફિઝે મિલ્લત મૌલાના શાહ અબ્દુલ અઝીઝ મુહદ્દિષે મુરાદાબાદી رحمۃ اللہ علیہماનો પણ હતો. આ બુઝુર્ગોની શાન તો ઘણી નિરાલી હતી, તેઓ હરામ કહેતા હતા તો શક્ય હોય ત્યાં સુધી તેનાથી બચતા પણ હતા. એ જ કારણે છે કે આ બુઝુર્ગોએ હજ્જે કા'બાના સફરનો ઈરાદો ત્યાં સુધી ન કર્યો જ્યાં સુધી કે તેમને ફોટો વિના હજ્જ કરવાની પરવાનગી ન મળી ગઈ.

સાચુ ફર્માવ્યું છે કોઈએ :–

*જો હો ઝૌક઼ે યક઼ીં પૈદા તો કટ જાતી હૈં ઝંજીરેં*

પરંતુ બાદમાં હઝરત મૌલાના મુફતી અજમલ શાહ સંભલી رحمۃ اللہ علیہએ **ફર્ઝ હજ્જ માટે ફોટો પડાવવાની ઈજાઝત** આપી. આ વિષય પર તેમનો વિસ્તૃત ફત્વો "ફોટો કા જવાઝ દર હક઼્ક઼ે આઝિમાને હજ્જ" કેટલીયેવાર છપાય ચૂક્યો છે.

પછી જ્યારે હિ.સ. ૧૪૧૫ અને ઈ.સ. ૧૯૯૪માં મજલિસે શરઈ જામિઆ અશ્રફિયાના બીજા ફિક઼્હી સમેનિારના મોક઼ા પર હઝરત અલ્લામા અર્શદુલ ક઼ાદરી رحمۃ اللہ علیہ એ વોટ આપવાના અધિકાર માટે ફોટોના જરૂરી હોવાના સંબંધે ચીફ ઈલેકશન કમિશનર ઓફ ઈન્ડિયા, ટી.એન. સેશનની જાહેરાત તથા તેના ફાયદાઓ અને નુકસાનોના વિષયમાં જણાવતાં "ફોટો પડાવવા"ના મસ્અલા પર બહષ તથા ચર્ચાનો પ્રસ્તાવ રજૂ કર્યો તો તે વિષય પર અલગ અલગ રીતે બહષો તથા ચર્ચા થઈ. ત્યાર

પછી જરૂરતના સમયે ફોટો પડાવવાના જાઈઝ હોવાને પ્રત્યે સેમિનારનાં શરીક તમામ મુફતીઓની સહમતિ થઈ ગઈ.

તેના ઉપર એક વાંધો એ રજૂ કરવામાં આવ્યો કે અત્યારે શરઈ જરૂરત ઉપસ્થિત નથી તો જાનશીને મુફતીએ આ'ઝમ હઝરત અલ્લામા મુફતી અખ્તર રઝા ખાન અઝહરી مدظلہ العالی એ ફર્માવ્યું કે, ''માગણીના સમયે **શરઈ જરૂરતના આધારે ફોટો પડાવવાની ઈજાઝત** છે.''

ત્યાર બાદ આપે જ ફેંસલો બતાવ્યો જેના શબ્દો આ પ્રમાણે છે : જેમ કે આ સ્થિતિમાં માગણીના સમયે અનિવાર્ય સંજોગો અથવા સખત હાજત (જરૂરત) ઉપસ્થિત થઈ જશે. એટલા માટે ખાસ ઓળખ કાર્ડ માટે ફોટો પડાવવાની ઈજાઝત રહેશે.

**الضرورات تبيح المحظورات۔ والحاجة تنزل منزلة الضرورة۔ وما ابيح للضرورة يتقدر بقدرها۔ كذا فى الا شباه۔ والله تعالٰى اعلم۔**

*–મુહમ્મદ અહમદ મિસ્બાહીના કલમથી.*

**ફકીર મુહમ્મદ અખ્તર રઝા કાદરી અઝહરી ગુફિરલહૂ**
૨૨ રજબ, રાત્રે હિ.સ. ૧૪૧૫

**ઉલમાએ કિરામની તસ્દીકો** : (૧) મુહમ્મદ શરીફુલહક્ક અમજદી (સદર : ફત્વા વિભાગ જામિઆ અશ્રફિયા–મુબારકપુર) (૨) અર્શદુલ કાદરી ગુફિરલહૂ (જામિઆ નિઝામુદ્દીન ઔલિયાના સ્થાપક) (૩) ઝિયાઉલ મુસ્તફા કાદરી (સદર મુદર્રિસ : જામિઆ અશ્રફિયા–મુબારકપુર) (૪) અબ્દુલ હફીઝ અફી અન્હૂ(સરબરાહે આ'લા જામિઆ અશ્રફિયા–મુબારકપુર) (૫) જલાલુદ્દીન અહમદ, અલ્ અમજદી (સદર ફત્વા વિભાગ, ફૈઝુર્રસૂલ, બ્રાઉન શરીફ) (૬) બહાઉલ મુસ્તફા કાદરી (ઉસ્તાઝ :

દારુલ ઉલૂમ મંઝરે ઈસ્લામ, બરેલી શરીફ) (૭) શબ્બીર હસન રઝવી (મુફતી જામિઆ ઈસ્લામિયા, રોનાહી) (૮) ખ્વાજા મુઝફ્ફર હુસૈન (સદર મુદર્રિસ : દારુલ ઉલૂમ નૂરુલ હક્ક઼, ચિર્રા–મુહમ્મદપુરા) (૯) મુહમ્મદ અબ્દુલ મુબીન નોઅ્માની (સદર મુદર્રિસ : દારુલ ઉલૂમ ક઼ાદરિયા ચિરૈયા કોટ) (૧૦) મુહમ્મદ નિઝાદ્દમુદ્દીન (નાઈબ મુફતી : જામિઆ અશ્રફિયા–મુબારકપુર (૧૧) મુહમ્મદ અબ્દુલહક્ક઼ રઝવી (ઉસ્તાઝ : જામિઆ અશ્રફિયા–મુબારકપુર (૧૨) મુહમ્મદ મેઅરાજ અલ્ ક઼ાદરી (સભ્ય મજલિસે શરઈ, મુબારકપુર) (૧૩) ક઼ાઝી શમ્સુદ્દીન અશ્રફી (નાઝિમ : મુફતી મદની અરબિક કોલેજ–હુબ્લી) (૧૪) આબિદહુસૈન મિસ્બાહી (મુફતી : ફૈઝુલ ઉલૂમ–જમશેદપુર (૧૫) અખ્તરહુસૈન ક઼ાદરી (ઉસ્તાઝ : દારુલ ઉલૂમ રબ્બાનિયા–બાંદા) (૧૬) ક઼ાઝી શહીદ આલમ (મુફતી : મદ્રસા શમ્સુલ ઉલૂમ) (૧૭) ઝાહિદ અલી સલામી (નાઝિમ : મદ્રસા ફૈઝુલ ઉલૂમ–સંભલ)

શું આ ઉલમાએ ફતાવા રઝવિય્યહ્ તથા આ'લા હઝરત رحمۃاللہعلیہથી ઈખ્તિલાફ કર્યો હતો ?! ના ! એમ નથી, બલ્કે સત્ય એ છે કે આ લોકોએ સંજોગોના બદલવાથી શરીઅતના હુકમમાં પરિવતનને જાહેર ફર્માવ્યું હતું.

## (૬) પેશાબના છાંટા લાગેલા કપડાથી પાણી નાપાક થશે કે નહીં ?

પેશાબના નાના (બારીક) છાંટા કપડા પર પડી જાય તો કપડુ નાપાક થશે નહીં, પરંતુ તે કપડુ થોડાક પાણીમાં પડી જાય તો પાણી નાપાક થશે કે નહીં, તેના વિશે આ'લા હઝરત رحمۃاللہعلیہ ફર્માવે છે કે, (પાણી) નાપાક થઈ જશે. ત્યાર બાદ

સદરુશ્શરીઅહ્ رحمۃ اللہ علیہએ ફર્માવ્યું કે, નાપાક નહીં થાય. સાબિતી માટે ફતાવા રઝવિય્યહ્‌ના હાશિયા ફવાઈદ તથા બહારે શરીઅતની નિમ્ન લિખિત સ્પષ્ટતાઓ નિહાળો :–

ફવાઈદે રઝવિય્યહ્‌માં છે : નાપાક પાણીના અથવા પેશાબના સોઈના નાકા બરાબર બારીક બારીક છાંટાઓ કપડા અથવા બદન પર લાગી જાય (તો) માફ રહેશે, ભલે ને (તે છાંટાઓને) ભેગા કરવામાં આવે તો (એક) રૂપિયા (ના સિક્કા)થી વધારેની જગ્યાને રોકી લે. પરંતુ પાણી પહોંચ્યું અને વહ્યું નહીં, અથવા ગેરજારી (રોકાયેલા) પાણીમાં તે કપડુ પડી ગયું તો પાણી નાપાક થઈ જશે અને હવે તેના (પાણીની) નાપાકીથી કપડુ પણ નાપાક થઈ જશે." *(હાશિયા : ફતાવા રઝવિય્યહ્, ૧/૧૩૫, બાબુલ ગુસ્લ)*

અને બહારે શરીઅતમાં છે : "પેશાબના નાના નાના બારીક છાંટા સોયના નાકા બરાબર બદન અથવા કપડા પર લાગી જાય તો કપડા તથા બદન પાક રહેશે. જે કપડા પર પેશાબના આટલા નાના બારીક છાંટાઓ લાગી જાય, જો તે કપડુ પાણીમાં પડી જાય તો પાણી પણ નાપાક નહીં થાય." *(બહારે શરીઅત, ભાગ : ૨, નાપાકીઓનું બયાન, મસ્અલા નં. ૨૩, ૨૪)*

નિશ્ચિત રીતે બહારે શરીઅતનો આ હુકમ ફવાઈદે રઝવિય્યહ્‌ના ઉપરોક્ત હુકમથી અલગ છે. તો શું તે ફતાવા રઝવિય્યહ્‌થી ફરી જવું છે ? અથવા સદરુશ્શરીઅહ્ જેવા બાઅદબ મુરીદ તથા શાગિર્દે પોતાના મુર્શિદે કરીમ તથા ઉસ્તાઝે જલીલથી ઈખ્તેલાફ કર્યો છે ?!

બિલ્કુલ તેમ નથી ! અહીંયાં ન ફરી જવું છે ન વિરોધ તથા ઈત્ત્લિાફ છે.

હક઼ીક઼ત એ છે કે સોયના નાકા બરાબર પેશાબના છાંટા

કપડામાં લાગવાથી ''ઉમૂમે બલ્વા'' (અધિક્તર લોકો તેમાં સપડાયેલ) છે. પરંતુ આવા કપડાના પાણીમાં પડી જવામાં ઉમૂમે બલ્વા નથી. એટલા માટે આ'લા હઝરત رحمۃ اللہ علیہએ પહેલી સ્થિતિમાં કપડાને પાક અને બીજી સ્થિતિમાં પાણીને નાપાક બતાવ્યું પરંતુ થોડાક સમય બાદ હઝરત સદરુશ્શરીઅહ્ رحمۃ اللہ علیہએ લોકોની પરિસ્થિતિને નિહાળી અને મહેસૂસ કર્યું કે બીજી સ્થિતિમાં પણ ઉમૂમે બલ્વા થઈ ચૂક્યો છે, કેમ કે લોકો આવા કપડાં સામાન્ય રીતે ધોવા માટે પાણીમાં નાખી દે છે, એ પાણીની નાપાકીનો તેમને કોઈ ખ્યાલ પણ નથી હોતો. એટલા માટે આપે તેને પણ માફીના દરજામાં મૂકી તે પાણી તથા કપડાના પાક હોવાનો હુકમ આપ્યો. તો હક્ક એ છે કે **આ પ્રકારનો મતભેદ તથા વિરોધ, ફરી જવું નથી,** બલ્કે **સંજોગોના પરિવર્તનના કારણે હુકમના પરિવર્તનનું ઉદાહરણ** છે.

અને આ'લા હઝરતના જાહેરી હુકમના વિરુધ્ધ સદરુશ્શરીઅહ્નો આ હુકમ પણ માત્ર એક થોડાક સમય (બહારે શરીઅત ઉપર તસ્દીક લખવાના પહેલા સુધી) માટે છે. કેમ કે બહારે શરીઅત, ભાગ–૨ પર આ'લા હઝરત رحمۃ اللہ علیہની તસ્દીક઼ે જલીલ છે, જે બહારે શરીઅતના ઉપરોક્ત હુકમથી સંમતિ તથા તેની તરફદારી છે. જેથી હવે આ'લા હઝરત رحمۃ اللہ علیہનો મહઝબ પણ તે જ થઈ ગયો જે બહારે શરીઅતમાં છે.

અને શરૂઆત (પ્રારંભ)માં તે વર્ણવી ચૂક્યા છીએ કે જરૂરત, હાજત વગેરે સાતેવ શરઈ આધારોના કારણે જે હુકમ બદલાય છે તે સાહિબે મઝહબથી ઈખ્તિલાફ નથી. કેમ કે જો સાહિબે મઝહબ તે ''શરઈ આધાર''ના ઉપસ્થિત થવાના સમય સુધી મૌજૂદ હોત

તો તે પણ એ જ હુકમ આપતા જે અત્યારે આપવામાં આવી રહ્યો છે. તેની સ્પષ્ટ સાબિતી આ'લા હઝરત رحمۃاللہعلیہની આ તસ્દીક઼ છે કે ઉમૂમે બલ્વા ન હોવાના કારણે આપે પાણીના નાપાક હોવાનો હુકમ આપ્યો હતો અને પછી જયારે હઝરત સદરુશ્શરીઅહ્ رحمۃاللہعلیہએ ઉમૂમે બલ્વાના ઉપસ્થિત થઈ જવાના કારણે પાકીનો હુકમ આપ્યો અને હુસ્ને ઈત્તેફાક઼ કે હજુ તે સમયે આ'લા હઝરત رحمۃاللہعلیہ બાહયાત હતા, આપે તેનાથી સમંતિ દર્શાવી આપી.

**હઝરત સદરુશ્શરીઅહ્ رحمۃاللہعلیہ તથા આ'લા હઝરત رحمۃاللہعلیہનો આ અમલ બાદવાળાઓ માટે દર્સે ઈબ્રત છે.** તેમનાથી અક઼ીદત ધરાવનારાઓએ પણ આ જ રવિશ તથા માર્ગ અપનાવવો જોઈએ.

## (૭) બાળકીઓને સ્ત્રીઓને લખતાં શિખવવું મના કે મુબાહ ?

બાળકીઓ અને સ્ત્રીઓને લખતાં શિખવવું શરીઅતમાં મના છે. આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃاللہعلیہ એક સવાલના જવાબમાં લખે છે :–

સ્ત્રીઓને લખતાં શિખવવું શરીઅતમાં મના અને ઈસાઈઓનો તરીક઼ો અને હજારો ફિત્નાઓના દ્વાર ખોલવું, મસ્તાને અશશાહના હાથોમાં તલ્વાર આપવું છે. જેનાં સખત નુકસાનો પર તાજા અનુભવો સાક્ષી છે. વિવિધ હદીષો તેની મનાઈમાં વર્ણન થયેલ છે. જેમનામાં અમુકની સનદ તેહક઼ીક઼ના આધારે ખુદ મજબૂત છે અને અસલ મતને હદીષના મશ્હૂર અને સુરક્ષિત હોવાનો ઈમામ બયહક઼ીએ ઈફાદો કર્યો અને પછી વિવિધ તરીક઼ાઓથી રિવાયત થયેલ હોવું બીજી કુવ્વત, અને ઉમ્મતનો અમલ તથા ઉલમાનું

(તેને) કૂબૂલ કરવું એ ત્રીજી કુવ્વત, અને (તેમાં) સાવચેતી (હોવી) અને ફિત્નાને રોકવું એ ચોથી કુવ્વત. તો હદીષ કમસે કમ હસન છે અને મનાઈમાં તેનું નસ્સે સરીહ હોવું ખુદ સ્પષ્ટ છે.

તેમજ ફત્વાના છેવટમાં છે :–

"શોધખોળ બાદ કેવળ અમુક સ્ત્રીઓની કિતાબત વિશે માલૂમ થવું જ બતાવી દે છે કે આગળ અને પાછળના ઉલમા તથા આમ મો'મિનોનો અમલ તેના ત્યજવા પર જ રહ્યો છે. પુરૂષ દરેક જમાનામાં લાખો કાતિબ થયા અને સ્ત્રીઓ ૧૩૦૦ વરસમાં અમુક થઈ. સ્પષ્ટ રીતે કિતાબત એક મહાન નફાકારક ચીજ છે અને તેને સ્ત્રીઓના લખવામાં વાંધો ન હોતો તો જમહૂર ઉમ્મત, પૂર્વજ બુઝુર્ગોથી લઈને આજ સુધી તેના ત્યજવા પર કેમ સંમતિ ન કરતા ?! સારાંશ કે સલામતીનો રસ્તો એમાં જ છે, માટે આ મહાન ઉલમાએ કિરામ ઈમામ હાફિઝુલ હદીષ અબૂ મૂસા તથા ઈમામ અલ્લામા તોરપુશ્તી તથા ઈમામ ઈબ્ને અષરી જઝ્રી તથા અલ્લામા તૈબી, ઈમામ જલાલુદ્દીન સ્યૂતિ, અલ્લામા તાહિર પટની, શૈખ મુહક્કિક઼ મૌલાના અબ્દુલ હક્ક઼ મુહદ્દિષે દહેલ્વી رحمۃ اللہ علیہم اجمعین વગેરેએ આને પસંદ ફર્માવ્યો કે તેઓ દરેક રીતે આપણાથી અધિક ઈલ્મવાળા હતા. હવે જે જાઈઝ કરવા તરફ જાય (તે) ક્યાં તો જમાનાની હાલતથી ગાફેલ છે અથવા તો ઉમ્મતે મર્હૂમાની ખૈર ખ્વાહીથી ગાફેલ છે.

**પરંતુ આજના ઉલ્માએ અહલે સુન્નતનો અમલ તેનાથી વિપરિત એ છે કે** તેઓ પોતાની બાળકીઓને દીની અને દુનિયવી દર્સગાહોમાં અન્ય જ્ઞાન વિદ્યાઓની સાથે લખતાં શિખવા અને શિખવવાની પણ તા'લીમ અપાવે છે. જેનાથી જાહેર એ જ છે કે

તેમનું મંતવ્ય જાઈઝ હોવાનું છે બલ્કે પચ્ચીસ ત્રીસ વરસની અંદર તાલિબાત માટે ઘણા મદ્રસા ઉલ્માએ સ્થાપ્યા જેમાં લખવાનું પણ શિખવવામાં આવે છે, અને તે મદ્રસાઓને અવામ તથા ખાસ લોકોની સહાય, ટેકો અને સરપરસ્તી પણ પ્રાપ્ત છે. અમે અહીંયાં અમુક ઉલ્માના નામ વર્ણવીએ છીએ :–

**(૧)** બહરુલ ઉલૂમ હઝરત મુફતી અબ્દુલ મન્નાન સાહબ કિબ્લા رحمۃ اللہ علیہ.

**(૨)** મુહદ્દિષે કબીર હઝરત અલ્લામા ઝિયાઉલ મુસ્તફા સાહબ કિબ્લા.

હઝરત **બહરુલ ઉલૂમ** એક લાંબા અરસા સુધી દારુલ ઉલૂમ અહલે સુન્નત શમ્સુલ ઉલૂમ ઘોસીના શૈખુલ હદીષ અને જલીલુશ્શાન મુફતી હતા. આપના જમાનામાં જ શમ્સુલ ઉલૂમનો મદ્રસએ નિસ્વાં કોઈ ઈન્કાર વિના સ્થાપિત થયો અને તે શાનથી ચાલી રહ્યો છે.

અને હઝરત **મુહદ્દિષે કબીર** તો પોત જ કુલ્લિયતુલ બનાત સ્થાપિત કરેલ છે જેમાં દૂરની તાલિબાતના રહેવા ખાવાનો પણ યોગ્ય બંદોબસ્ત છે અને ક઼ાયદેસર દારુલ ઉલૂમની રીતે હઝરત તેને ચલાવી રહ્યા છે.

એક આધેડ બુઝુર્ગ છે અલ્હાજ શૈખ ઈસ્માઈલ જાની જેઓ ઉલ્માની સંગતથી ખૂબ ફૈઝયાબ છે અને આ'લા હઝરત رحمۃ اللہ علیہ તથા ફતાવા રઝવિય્યહ્‌ના તો આશિક઼ છે. તેમણે પોતે મહારાષ્ટ્રના એક શહેર રત્નાગીરીમાં ''દારુલ ઉલૂમ ઈમામ અહમદ રઝા''ના નામથી એક મોટી સંસ્થા સ્થાપી છે અને તેમાં છોકરીઓની તા'લીમની ઉચ્ચ વ્યવસ્થા છે અને તે તા'લીમમાં લખતાં શિખવવું

પણ સામેલ છે. તે દારુલ ઉલૂમ જેની નિસ્બત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની તરફ હોય તેમાં જાહેરી રીતે આપના જ ફત્વા વિરુદ્ધ સ્ત્રીઓને લખવાની તા'લીમ આપવામાં આવે, આ નામ અને કામમાં આપ કોઈ વિરોધાભાસ અનુભવી રહ્યા છો ?!

**શું આ તમામ હઝરાત ફતાવા રઝવિય્યહ્થી વિમુખ થઈ ચૂકેલા છે ?** આમ કહેવું ઘણી બેઅદબી થશે. જેની ઈચ્છા હોય અમારા હાલના ઉલ્માથી સંપર્ક કરી લે, તેઓ ઈન્શાઅલ્લાહુ તઆલા સંતુષ્ટ કરી દેશે કે **જમાનાના હાલાત બદલાવાને કારણે અથવા અન્ય દીની અને કૌમી લાભાર્થે આવું પગલું લેવામાં આવ્યું છે અને જ્યારે જમાનાના હાલાત અથવા મસ્લેહતો બદલાય છે તો હુકમો પણ બદલાય જાય છે.**

## (૮) હવે વાદીએ મુહસ્સરમાં રોકાવાની ઈજાઝત

જે લોકો હજ્જ માટે જાય છે તેમના પર વાજિબ છે કે સુબ્હ સાદિક્ના તુલૂઅથી લઈને તુલૂએ આફતાબથી થોડાક સમય પહેલાં સુધી મુઝદલ્ફામાં રોકાઈને અલ્લાહ عزوجلનું ઝિક્ર અને ઈબાદત કરે. તેને ફિક્હની પરિભાષામાં ''વુકૂફે મુઝદલેફા'' કહેવામાં આવે છે. મુઝદલેફાની સાથે જ એક વાદી છે ''વાદીએ મુહસ્સર''. અહીંયાં અસ્હાબે ફીલ પર અબાબીલનો અઝાબ નાઝિલ થયો હતો, જેનું વર્ણન اَلَمْ تَرَ كَيْفَ فَعَلَ رَبُّكَ بِاَصْحٰبِ الْفِيْلِમાં છે. આ વાદી મુઝદલેફાનો ભાગ નથી કારણ કે જે સ્થળે ખુદાએ ક્હ્હારનો અઝાબ નાઝિલ થયો ત્યાંથી ઝડપથી પસાર થઈ જવાનો હુકમ છે પછી તે જગ્યા ઝિક્ર અને ઈબાદત માટે રોકવાનું સ્થળ કેમ કરીને બની શકે છે ?! એટલા જ માટે (હનફી) મઝહબના ફક્રીહોએ હાજીઓને ત્યાંથી જલ્દી પસાર થવાનો હુકમ આપ્યો છે અને

રોકવાની ઈજાઝત નથી આપી. આ જ હનફીઓનો મશ્હૂર મઝહબ છે અને તેના પર જ ફત્વો છે. તેનાથી વિપરિત એક હનફી ફક઼ીહ સાહિબે બદાએઅ્ની પોતાની રાય છે કે "વાદીએ મુહસ્સરમાં પણ રોકાવું કરાહતની સાથે જાઈઝ છે." પરંતુ મઝહબના (અન્ય) ફક઼ીહોએ તેને ઈખ્તિયાર ન ફર્માવ્યું અને ખુદ ફક઼ીહે બેમિષાલ ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ અને સદરુશ્શરીઅહ્ બદરુત્તરીક઼હ હઝરત મૌલાના અમજદ અલી رحمۃ اللہ علیہએ પણ તેની અવગણના કરીને મશ્હૂર ક઼ોલ પર જ અમલનો હુકમ આપ્યો, ફતાવા રઝવિય્યહ્ રિસાલા "અન્વારુલ બશારહ"ના શબ્દો આ છે :–

"જ્યારે વાદીએ મુહસ્સરમાં પહોંચો, ૫૪૫ હાથ બહુ જલ્દી ઝડપથી ચાલી નીકળી જાવ પરંતુ ન તે ઝડપ જેનાથી કોઈને તકલીફ થાય, અને તે દરમિયાનમાં આ દુઆ કરતા જાવ :–

اَللّٰھُمَّ لَا تَقْتُلْنَا بِغَضَبِكَ وَ لَا تُھْلِكْنَا بِعَذَابِكَ وَعَافِنَا قَبْلَ ذٰلِكَ

**(ભાવાર્થ)** : ઈલાહી ! પોતાના ગઝબથી અમને ક઼ત્લ ન કર અને પોતાના અઝાબથી અમને હલાક઼ ન કર ! અને તેનાથી પહેલાં અમને આફિયત આપ."

"વાદીએ મુહસ્સર" શું છે ?! તેના વિશે આ'લા હઝરત رحمۃ اللہ علیہ ફર્માવે છે : "આ મિના, મુઝદલેફાના વચમાં એક નાળુ છે, બંનેવની હદોથી બહાર મુઝદલેફાથી મિના જતા જમણા હાથે જ પહાડ આવે છે તેની ચોટીથી શરૂ થઈ ૫૪૫ હાથ સુધી છે, અહીંયાં અસ્હાબુલ ફીલ આવીને રોકાયા હતા અને તેમના પર "અઝાબે અબાબીલ" ઉતર્યો હતો, ત્યાંથી જલ્દી પસાર થવું અને અઝાબે ઈલાહીથી પનાહ માંગવી જોઈએ."

આ'લા હઝરત رحمۃ اللہ علیہનું ફિક્હ અને તેહકીકનું સ્થાન અત્યંત બુલંદ છે એટલા માટે આપે જે લખી દીધું એને અમે ચુંચા વિના સ્વીકારીએ છે. પરંતુ હવે શરઈ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા–બરેલી શરીફનું મંતવ્ય તેના વિરુધ્ધ એ છે કે કોઈ મોટી મજબૂરી હોય તો વાદિએ મુહસ્સરમાં રોકાય શકાય છે, ફૈંસલાના અસલ શબ્દો આ છે : ''સેમિનારમાં ભાગ લેનારા પણ આના પર જ સહમત છે. મોટી મજબૂરીની સ્થિતિમાં બદાએઅ્ના કૌલ પર અમલ કરી શકે છે.''

''બદાએઅ્નો કૌલ'' ઉપર વર્ણન થઈ ચૂક્યો કે : ''વાદીએ મુહસ્સરમાં રોકાવું કરાહત સાથે જાઈઝ છે.''

તો શરઈ કાઉન્સિલના ફૈંસલાની ઈબારત (લખાણ)નો અર્થ એ થયો કે : મોટી મજબૂરી હોય તો વાદીએ મુહસ્સરમાં રોકાય શકે છે. આનાથી વાજિબ કરાહતની સાથે અદા થઈ જશે.

વુકૂફે મુઝદલેફામાં શરઅન ઉઝ્રનો એ'તેબાર છે અને ખુદ આ'લા હઝરત رحمۃ اللہ علیہના ઈર્શાદ મુજબ શરીઅતે મુજબૂરીવાળાઓનો એટલી હદે લેહાઝ રાખ્યો છે કે તેમનાથી ''વકૂફે મુઝદલ્ફા''ને આકિત (માફ) ફર્માવી દીધું છે. આપે લખે છે :–

''અને સ્ત્રીઓ અને ખૂબ કમજોર પુરૂષો અને બીમારોને ભીડના ભયના કારણે ખુદ શરીઅત પણ રાતથી જ ચાલી નીકળવાની ઈજાઝત અતા ફર્માવે છે, તેમને કોઈ દંડ દેવો પડશે નહીં.''

પરંતુ હવે શાયદ કોઈ ''મોટી મજબૂરી'' એવી ઉપસ્થિત થઈ ગઈ છે જેના આધારે ''વકૂફે મુઝદલ્ફા'' છોડયા વગર વાદીએ મુહસ્સરમાં રોકાવાની ઈજાઝત આપવામાં આવી છે. હું તો હુસ્ને ઝન (સદ્‌ગુમાન)ના આધારે એ જ સમજું છું કે જમાનાના હાલાત

બદલાવાથી કોઈ ખાસ પ્રકારના માઝૂરને "વાદીએ અઝાબ"માં રોકવાની ઈજાઝત આપવામાં આવી છે અને હક઼ીક઼તે હાલ ખુદાએ અલીમો ખબીરને ખૂબ માલૂમ છે.

## (૯) આલ્કોહોલયુક્ત દવાઓનો હુકમ

આલ્કોહોલનો અર્થ થાય છે "શરાબની રૂહ, શુદ્ધ દારૂ" (દારૂનો માદ્દો) તેને દવાઓની હિફાઝત તથા સુરક્ષા માટે ઉપયોગ કરવામાં આવે છે. અંગ્રેજી દવાઓમાં લગભગ દરેક પ્રવાહી દવામાં તેમજ અમુક ઈંજેક્શનોમાં તેને મિક્સ કરવામાં આવે છે. અને હોમિયોપેથિકની તો સો ટકા દવાઓમાં તેની મિલાવટ હોય છે. એ આલ્કોહોલ જ હોમિયોપેથિક દવાઓનું મોટુ તત્વ તથા ભાગ હોય છે. મૂળ તથા અસલ મઝહબમાં આવી દવાઓનો ઉપયોગ હરામ છે.

ફતાવા રઝવિય્યહ્‌માં છે :–

સહી એ છે કે જેટલી વસ્તુઓ પ્રવાહી તથા પાતળી હોય અને નશો લાવનારી હોય ભલે ને તે મહુવાથી બનાવવામાં આવે કે ગોળ અથવા અનાજ અથવા લાકડુ કોઈ પણ વસ્તુથી બનાવવામાં આવે તે દરેક શરાબ તથા દારૂ છે. તેનું એક ટીપું પણ હરામ છે અને પેશાબની જેમ નાપાક પણ છે અને તેનો નશો કરવા પર દારૂની જેમ "હદ" (ઈસ્લામી સજા) પણ લાગુ થશે. અને સહી એ છે કે દવાઓમાં પણ તેનો ઉપયોગ હરામ છે. દુર્રે મુખ્તારમાં છે :

**حرّمها محمد مطلقًا قليلها وكثيرها۔ وبه يفتى**

ઈમામ મુહમ્મદે તેને બિલ્કુલ હરામ ઠરાવ્યું ભલે ને ઓછુ હોય કે વધારે અને તે મુજબ જ ફત્વો આપવામાં આવે છે." *(ફતાવા રઝવિય્યહ્‌, ૧૧/૮૫)*

આ ફત્વાની એક સદી બાદ જ્યારે પરિસ્થિતિ ઘણી બદલાય ગઈ અને લોકોનું આલ્કોહોલ મિશ્રિત દવાઓથી બચવું મુશ્કેલ થઈ ગયું તો જામિઆ અશરફિયા મુબારકપુરમાં આ વિષય પર ફિક્હી સેમિનાર યોજાયો. આ જામિઆ અશરફિયા મુબારકપુરની મજલિસે શરઈ થકીનો પહેલો સેમિનાર હતો જેમાં ૭૦ ઓલમાએ અહલે સુન્નત શરીક થયા હતા તેમાંના વિશેષ નામો આ હતાં :–

(૧) જાનશીને હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ હઝરત અલ્લામા અખ્તર રઝાખાં અઝહરી دام ظلہ العالی બરેલી શરીફ (૨) નાઈબે મુફતીએ આ'ઝમે હિંદ હઝરત અલ્લામા મુફતી મુહમ્મદ શરીફુલ હક્ક઼ અમજદી رحمۃ اللہ علیہ ઘોસી. (૩) બહરુલ ઉલૂમ હઝરત અલ્લામા મુફતી અબ્દુલમન્નાન આ'ઝમી رحمۃ اللہ علیہ (૪) હઝરત મૌલાના સૈયદ ઝહીર અહમદ ઝૈદી શાર્ગિદે હઝરત સદરુશ્શરીઅહ્ رحمۃ اللہ علیہ, અલીગઢ (૫) મુહદ્દિષે કબીર હઝરત અલ્લામા ઝિયાઉલ મુસ્તફા ક઼ાદરી, સદર મજલિસે શરઈ મુબારકપુર (૬) ફક઼ીહે મિલ્લત મુફતી જલાલુદ્દીન અમજદી رحمۃ اللہ علیہ (૭) હઝરત અલ્લામા ખ્વાજા મુઝફ્ફરહુસૈન રઝવી (૮) હઝરત મૌલાના મુફતી મુહમ્મદ આ'ઝમ સાહબ ટાંડવી, શયખુલ હદીષ દારુલ ઉલૂમ મઝહરે ઈસ્લામ તથા સદર મુફતી રઝવી દારુલ ઈફતા બરેલી શરીફ (૯) હઝરત મૌલાના મુફતી ક઼ાઝી અબ્દુર્રહીમ બસ્તવી رحمۃ اللہ علیہ મુફતી મર્કઝી દારુલ ઈફતા બરેલી શરીફ.

સેમીનારમાં શરીક થયેલા ઓલમાએ તમામ મક઼ાલાઓ (લખાણો)ને સાંભળીને તથા તેના ઉપર ચર્ચા વિચારણા કર્યા બાદ બહષનું પરિણામ ફૈસલ બોર્ડને રજૂ કર્યું :–

''આલ્કોહોલ મિશ્રિત દવાઓનો ઉપયોગ જાઈઝ છે કે નાજાઈઝ તે વિચારવા પાત્ર છે. વધુ પડતા ઓલમાનું મંતવ્ય જાઈઝ હોવાનું છે.''

ત્યારબાદ ૩,૪, શાબાન હિ.સ. ૧૪૧૪ મુતાબિક્ ૧૬, જાન્યુઆરી ૧૯૯૪ (શનિ, રવિ અને સોમવારની રાત્રે) ફૈસલ બોર્ડની બેઠક બનારસમાં થઈ જેમાં બનારસના ઓલમા તથા ઓલમાએ અશરફિયા પણ શરીક હતા. ત્યાં પણ બહષો થઈ. ત્યાર બાદ ફૈસલ બોર્ડે આ ફૈંસલો લખ્યો :–

"મજલિસે શરઈની તમામ બહષો તથા મુફ્તિયાને કિરામ દ્વારા પ્રાપ્ત થયેલા મક઼ાલાઓ (લખાણો) પર વિચાર કર્યા બાદ ફૈસલ બોર્ડ આ પરિણામે પહોંચ્યું છે :–

"આ યુગમાં અંગ્રેજી દવાઓ એટલે કે સ્પ્રિટ, અલ્કોહોલ તથા ટિંકચર મિશ્રિત દવાઓનો ઉપયોગ "ઉમૂમે બલ્વા"ની હદ સુધી પહોંચી ચૂક્યો છે. મુજદ્દિદે આ'ઝમ આ'લા હઝરત رحمۃ اللہ علیہએ સ્પ્રિટ મિશ્રિત પડીકીઓની રંગતના વિષયમાં ઉમૂમે બલ્વા તથા હરજ (મુશ્કેલી)ને દૂર કરવાના આધારે તેના પાક હોવા તથા જાઈઝ હોવાનો ફત્વો આપ્યો છે. જેમ કે ફતાવા રઝવિય્યહ્, ભાગ : ૨, પેજ : ૪૫ તથા પેજ : ૫૦, તેમજ ફતાવા રઝવિય્યહ્, ભાગ : ૧૧, પેજ : ૫૪ **الفقه التسجيلی فی عجين النار جيلی** માં છે. આ ઈર્શાદની રોશનીમાં ફૈસલ બોર્ડના સભ્યો એ વાત પર સહમત છે કે ઉપરોક્ત અંગ્રેજી દવાઓના ઉપયોગની પણ ઉમૂમે બલ્વાના કારણે તથા હરજ દૂર કરવા માટે ઈજાઝત આપવામાં આવે છે. હા ! આ ઈજાઝત માત્ર તે જ પરિસ્થિતિઓમાં રહેશે જેમાં સામાન્યતઃ લોકો સપડાયેલ હોય તથા હરજ (દુશ્વારી)ની ઉપસ્થિતિ હોય.

ફૈસલ બોર્ડના સભ્યો :–

૧. જાનશીને મુફતીએ આ'ઝમે હિંદ હઝરત અલ્લામા અઝહરીમિયાં સાહબ કિબ્લા دام ظلہ العالی

૨. મુહદ્દિષે કબીર હઝરત અલ્લામા ઝિયાઉલ મુસ્તફા સાહબ કાદરી

૩. ફકીહે મિલ્લત હઝરત મૌલાના મુફતી જલાલુદ્દીન અહમદ અમજદી رحمۃ اللہ علیہ

આ હઝરતોનો ઉપરોક્ત ફેંસલો નિશ્ચિત રીતે ફતાવા રઝવિય્યહથી ઈન્હેરાફ (વિમુખ થવું) તથા ઈખ્તિલાફ ન કહી શકાય બલ્કે હકીકતમાં તે પરિસ્થિતિઓ તથા સંજોગોમાં પરિવર્તનથી હુકમમાં પરિવર્તનનું ઉદાહરણ છે.

આપણે આજના અસ્હાબે ફિક્હ તથા તેહકીક ઓલમાએ કિરામની તેહકીકોને પણ એ જ નજરથી પઢવી તથા સમજવી જોઈએ.

## (૧૦) ચાલતી રેલગાડીઓમાં નમાઝનો હુકમ

રેલ લગભગ દોઢ સદી પહેલાંની શોધ છે, જેથી તેનો હુકમ મઝહબની કિતાબોમાં નથી જોવા મળતો. આપણા હનફી ઈમામોએ ચાલતા જાનવર પર તથા નાવડી (હોડી)માં નમાઝના હુકમોને સામે રાખીને ચાલતી ટ્રેનમાં નમાઝના હુકમો પર તેહકીક કરી અભ્યાસ કર્યો પરંતુ તેમની તેહકીકો અલગ અલગ થઈ ગઈ. અમુકે જાઈઝ હોવાનો કૌલ કર્યો★ તો અમુકે જાઈઝ ન હોવાનો કૌલ કર્યો અને અમુકે જાઈઝ ન હોવાને "અધિક સાવધાની" ઠરાવ્યું છે.

---

*★ જેમ કે : હઝરત અલ્લામા અબ્દુલ હય્ય ફિરંગી મહલ્લી લખનવી આપે પોતાની કિતાબ "મજમુઅતુલ ફતાવામાં" ચાલતી રેલમાં નમાઝને દુરૂસ્ત તથા જાઈઝ કહ્યું છે. જેમ કે જાઈઝ હોવાના ફત્વા પર તસ્દીક કરતાં લખે છે : Farsi તેમાં કોઈ શંકા નથી કે નમાઝ ભલે ફર્ઝ હોય અથવા ફર્ઝ સિવાય રેલગાડીમાં જાઈઝ છે ભલે*

ચૌદમી સદી હિજરીના એક મહાન ફક઼ીહ તથા મુહદ્દિષ, મુહક્કિક઼ હઝરત મૌલાના વસી અહમદ સૂરતી رحمۃ اللہ علیہએ નાજાઈઝ હોવાને વધારે સાવધાની બતાવ્યું. પરંતુ જે તેહક઼ીક઼ પર જમ્હૂર (વધુ પડતા) ફુક઼હાએ કિરામે સામાન્ય રીતે ભરોસો તથા અમલ કર્યો છે તે તેહક઼ીક઼ છે ફક઼ીહે બેમિષાલ આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની. આપના ફતવાનો એક ટુકડો આ પ્રમાણે છે :–

---

*ને તે ચાલતી હોય કે રોકાયેલી. અને ઉપરોક્ત સવાલમાં રજૂ કરેલા કારણો તથા ઉઝરો (મજબૂરીઓ) નિશ્ચિત છે. અલ્લાહ બેહતર જાણે છે.*

**લખનાર** : *અબુલ હસનાત મુહમ્મદ અબ્દુલ હય્ય* عفا اللہ عنہ *(મજમુઅતુલ ફતાવા કિતાબુસ્સલાત, ખુલાસતુલ ફતાવાના હાશિયા પર, ભાગ : ૧, પેજ ૯૮) ઉમ્દતુર્રિઆયા હાશિયા શરહે વક઼ાયામાં પણ આ જ પ્રમાણે છે. મુહદ્દિષે સૂરતી* رحمۃ اللہ علیہ*એ પણ અત્તઅલીકુલ્ મુજલ્લીમાં તેની સ્પષ્ટતા કરી છ કે અમુક ઓલમા ચાલતી ટ્રેનમાં નમાઝ સહી હોવાનું મંતવ્ય ધરાવે છે. અને ત્યારબાદ પણ ઈસ્લામી જગતના કેટલાયે ઓલમા ચાલતી રેલમાં નમાઝના જાઈઝ હોવાના ક઼ાઈલ રહ્યા છે અને આજે પણ છે. જેમ કે ફક઼ીહે આ'ઝમે પાકિસ્તાન હઝરત મૌલાના મુહમ્મદ નૂરુલ્લાહ નઈમી ક઼ાદરી બાની દારુલ ઉલૂમ હનફિયા બસીરપૂરે ચાલતી ટ્રેનમાં નમાઝ જાઈઝ હોવાની સ્પષ્ટતા પોતાના કેટલાયે ફતવાઓમાં કરી છે. એક ફત્વાનો ટુકડો આ પ્રમાણે છે : બપોરના સૂરજની જેમ સ્પષ્ટ થયું કે ચાલતી રેલમાં ફર્ઝ જાઈઝ છે....... અને ચાલતી ગાડીમાં નમાઝના જાઈઝ હોવાની ત્રીજી દલીલ એ છે કે જો મુસાફિરને ઉતારવામાં જાનનો અથવા બીમાર થઈ જવાનો અથવા બીમારી વધી જવાનો અથવા દરિંદા જાનવર અથવા દુશ્મનનો ખતરો અથવા ગાડી ઉપડી જવાનો ખતરો હોય તો આવી પરિસ્થિતિમાં ચાલતી ગાડીમાં નમાઝ જાઈઝ છે. (ફતાવા નૂરિયા, ભાગ : ૧, પેજ : ૧૨૮, ૫૯)*

"ફર્ઝ તથા વાજિબ જેમ કે વિત્ર, મન્નત (ની નમાઝ) અને તેના જેવી એટલે કે ફજરની સુન્નત ચાલતી રેલ પર નથી થઈ શક્તી. જો રેલ ન રોકાય અને (નમાઝનો) સમય જતો હોય તો પઢી લે અને રોકાયા બાદ તેને દોહરાવી લે. તેહક઼ીક઼ એ છે કે રોકાવું (સ્થિર થવું) સંપૂર્ણપણે તથા કોઈ આધાર દ્વારા જમીન પર અથવા જમીન પર સ્થિર કોઈ વસ્તુ પર હોય. જે (ઉપરોક્ત) નમાઝોના સહી થવા માટે શરત છે. હા ! જો કોઈ ઉઝર (કારણ) હોય તો (અલગ વાત છે). એટલા માટે જ ચોપાયા જાનવર પર કોઈ કારણ વિના જાઈઝ નથી.....હા ! ચાલતી કશ્તી, હોડી કે જેનાથી ઉતરવું મયસ્સર નથી થતું કે તેને જો રોકાવામાં પણ આવે તો તે પાણી પર સ્થિર રહેશે, જમીન પર નહીં. જેથી તેનું ચાલવું તથા ઉભુ રહેવું બરાબર છે. પરંતુ જો રેલ રોકાવામાં આવે તો તે જમીન પર જ સ્થિર થશે અને તખ્તની જેમ થઈ જશે. અંગ્રેજોના ખાવા પીવા વગેરે માટે રોકાવામાં આવે છે અને નમાઝ માટે નહીં. તો આ

---

*તેનાથી જાહેર થયું કે ચાલતી ટ્રેનમાં નમાઝના સહી હોવા ન હોવાનો મસ્અલો પ્રારંભથી જ ઈખ્તિલાફી રહ્યો છે અને આજે પણ ઈખ્તિલાફી છે. આ મસ્અલો ન તો ઈજમાઈ હતો, ન છે. વળી ઈજમાઅ નામ છે દરેક મુજતહિદ ફક઼ીહોની સહમતિનું અને એક લાંબા અરસાથી ઈજિતહાદનો દરવાજો બંધ થઈ ચૂક્યો છે. સદીઓથી મુજતહિદો થયા જ નથી. એટલા માટે હવે કોઈ મસ્અલામાં "ઈજમાએ શરઈ" થઈ નથી શકતું અને "મેહફિલે મીલાદ શરીફ" જે હક઼ીક઼તમાં "મેહફિલે ઝિક્રે રસૂલ ﷺ" છે. તેના જાઈઝ હોવાને ઓલમાએ "ઈજમાઈ" ઠરાવ્યું છે તેનું કારણ એ છે કે તેની બુનિયાદો તથા કિતાબ સુન્નતથી સાબિત તથા ઈજમાઈ છે. શામીમાં છે :–*

**اجمع العلماء علٰی استحبا الذکر سلفاً و خلفًا**

*–(મુહમ્મદ નિઝામુદ્દીન ગુફિરલહૂ)*

રોકવું બંદાઓ તરફથી થયું અને આવી રોકાવાની સ્થિતિમાં હુકમ એ જ છે કે નમાઝ પઢી લે અને જ્યારે રોક દૂર થાય તો દોહરાવી લે.'' *(ફતાવા રઝવિય્યહ્, ભાગ : ૩, પેજ : ૪૪)*

આ ફત્વામાં આ'લા હઝરત رحمۃ اللہ علیہ એ નિમ્ન લિખિત વાતોનો ફાયદો પહોંચાડયો છે :–

**(અ)** ફર્ઝ, વાજિબ તથા ફજરની સુન્નતના સહી થવા માટે જમીન પર એક જગ્યાએ સ્થિર રહેવું જરૂરી છે. ચાલતામાં પઢશે તો નમાઝ થશે નહીં.

**(બ)** હા ! જો કોઈ ઉઝર તથા કારણ હોય તો ચાલતા ચોપાયા જાનવર ઉપર પણ નમાઝ સહી છે. ઉઝરથી મુરાદ ઉઝરે સમાવી છે.

**(ક)** ચાલતી રેલમાં નમાઝ પઢવી પણ ઉઝર (વાંધા)ના કારણે છે કેમ કે જ્યારે રેલ ચાલતી હોય તો તેમાંથી ઉતરી નથી શકતા.

**(ડ)** પરંતુ આ ઉઝર (કારણ, વાંધો) સમાવી (હકીકી) નથી. કેમ કે અંગ્રેજોના ખાવા વગેરે માટે રેલ ઉભી રાખવામાં આવે છે અને નમાઝ માટે નહીં. તો આ બંદાએ પોતાના ઈખ્તિયાર (શક્તિ, મરજી)થી પેદા કરેલ ઉઝર તથા કારણ છે. અને બંદો જો પોતાના ઈખ્તિયારથી કોઈ વાંધો પેદા કરે તો હુકમ એ જ છે કે નમાઝ પઢી લે અને વાંધો (કારણ) દૂર થઈ ગયા બાદ દોહરાવી લે.

જ્યારે અંગ્રેજો નાસી ગયા અને ૧૯૫૦માં રેલ્વે વ્યવસ્થા હિંદુસ્તાની ગવર્મેન્ટના હાથમાં આવી ગઈ તો હવે તમામ મુસાફરોના ખાવા પીવા વગેરે માટે ટ્રેન રોકવામાં આવવા લાગી. વીસ, બાવીસ વર્ષ પહેલાં જ્યારે રેલ્વે વિભાગે ટ્રેનમાં અંદર જ

મુસાફરો સુધી ભોજન પહોંચાડવાની વ્યવસ્થા કરી આપી તો ત્યાર બાદથી ટ્રેન કોઈના પણ ખાવા માટે રોકવામાં નથી આવતી.

લગભગ એક સદી પહેલાં આ'લા હઝરત رحمۃاللہعلیہએ જે આધારોને લઈને ચાલતી રેલમાં નમાઝ સહી ન હોવાનો ફત્વો આપ્યો હતો તે આધારો ૨૦મી સદીના છેલ્લા દસકામાં બદલાય ગયા હતા એટલા માટે હવે હુકમ પણ બદલાય જવો જોઈતો હતો.

## :: નોંધપાત્ર પહેલી વાત ::

પરંતુ તેના માટે ગૌરો ફિક્ર (ચર્ચા વિચારણા) તથા નઝરેષાની (ફેર વિચારણા)ની જરૂરત હતી. તમને એ જાણીને ખુશી થશે કે બદલાયેલા સંજોગોના આધારે આ'લા હઝરત رحمۃاللہعلیہના ફત્વા ઉપર બીજીવાર નજર કરવાનું કામ ખુદ આપ رحمۃاللہعلیہના ઘરેથી જ શરૂ થયું અને તે પણ એક વાસ્તાથી આપ رحمۃاللہعلیہના જાનશીન હુઝૂર તાજુશ્શરીઅહ અલ્લામા અખ્તર રઝા ખાન અઝહરી دام ظلہ العالیની સ્થાપિત કરેલ *શરઈ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા, જામિઅતુર્રઝા* થકી થયું.

૨૦૦૩માં જ્યારે નવા ઉદ્ભવેલા મસાઈલના શરઈ હુકમોની તેહક઼ીક઼ માટે "શરઈ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા બરેલી શરીફ"ની સ્થાપ્ના થઈ તો તેમાં સૌથી પહેલાં આ જ (ચાલતી ટ્રેનમાં નમાઝના) મસ્અલાને ચર્ચા તથા બહષનો વિષય બનાવવામાં આવ્યો. ફુક઼હાએ અહલે સુન્નતને આ વિષય પર તેહક઼ીક઼ી મક઼ાલા (લખાણો) લખવાની દા'વત આપવામાં આવી. તેનાથી ઓલમાને એક હોંસલો મળ્યો અને કેટલાયે ઓલમાએ તથા ફુક઼હાએ બદલાયેલા સંજોગોના આધારે નમાઝ જાઈઝ હોવાનું સહી હોવા વિશે મક઼ાલાઓ લખ્યા. અને જ્યારે જામિઅતુર્રઝામાં બહષ તથા ચર્ચાની બઝમ સજાવવામાં આવી તો તેના વિશે ખૂબ બહષો થઈ.

કોઈ જાઈઝ ન હોવાની દલીલ રજૂ કરતા તો કોઈ જાઈઝ હોવાની. બંને પક્ષોના પુરાવાઓ તથા દલીલો મહત્વની તથા અગત્યની હતી. અને કોઈ પણ દલીલને રદ કરવી મુશ્કેલ મામલો હતો જેથી ફૈસલ બોર્ડ પણ કોઈ ફૈંસલો ન કરી શક્યું અને પોતાના ફૈંસલાને દફા ૩/૪ હેઠળ આ પ્રમાણે લખીને તેને ઝેરે ગૌર (વધુ વિચારણાને પાત્ર) ઠરાવ્યો કે :–

''**(૩)** બાકી આ સ્થિતિઓ ધ્યાનપાત્ર છે કે આજના સંજોગોમાં ટ્રેનોના સફરમાં શાફઈ મઝહબ મુજબ સ્ટેશન પર અથવા રોકાયેલી ટ્રેનમાં બે નમાઝોને ભેગી કરીને પઢવી જાઈઝ છે કે નહીં.

**(૪)** એ જ પ્રમાણે ચાલતી ટ્રેનથી ઉતરવામાં જ્યારે કે જાન તથા માલ જવાનો ખતરો હોય તો ટ્રેનમાં પઢવામાં આવેલી નમાઝને દોહરાવવાનો મતલબ કઝા છે અથવા તેનો અર્થ વાજિબ એહતિયાત છે (તે પણ વિચારણા હેઠળ છે). વલ્લાહુ તઆલા અઅ્લમ. *(માસિક સુન્ની દુન્યા, બરેલી શરીફનો શરઈ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાનો ફિક્હી સેમિનાર વિશેષાંક, પેજ : ૨૩)''*

આ રીતે ફતાવા રઝવિય્યહનો તે તેહકીકી ફત્વો જે લગભગ એક સદીથી તમામ ઓલમાએ અહલે સુન્નતના નજીક ભરોસાપાત્ર તથા સ્વીકાર્ય હતો તે સૌથી પહેલાં ચર્ચાનો વિષય બન્યો. ત્યાર બાદ કાબિલે ગૌર (વિચારણા પાત્ર) થયો. પાંચ વરસ સુધી કોઈ ફૈંસલો થયો નહીં અને ચાલતી ટ્રેનમાં નમાઝના જાઈઝ હોવા તથા નાજાઈઝનો મસ્અલો વિચારણા હેઠળ જ રહ્યો. ત્યાર બાદ ૨૪/૨૫ રજબ હિ.સ. ૧૪૩૦, અંગ્રેજી તારીખ ૧૮/૧૯ જુલાઈ ૨૦૦૯ના રોજ શરઈ કાઉન્સિલે આ બહષ લખી :–

''ટ્રેનો પર નમાઝના જાઈઝ તથા નાજાઈઝ હોવા વિશેની

બહષો બાદ એ નક્કી થયું કે ટ્રેનોનું રોકવું, ચલાવવું બંદાઓના ઈખ્તિયારમાં છે. તેમાં "તયમ્મુમમાં નિશ્ચિત થયેલ ઉઝરોના કારણો"માંથી કોઈ કારણ તથા ઉઝર જોવા મળતુ નથી કે ચાલતી ટ્રેનોમાં ફર્ઝ વાજિબના અદા કરવાથી ફર્ઝ વાજિબ સાકિ્ત (અદા) થઈ શકે. જેથી સમય થઈ રહ્યો હોય તો જે રીતે પઢવી શક્ય હોય પઢી લે અને જ્યારે મોકો મળે તો દોહરાવી લે.

આ'લા હઝરત رحمۃ اللہ علیہના જમાનાથી લઈને આજ સુધી ટ્રેનોના ચાલવા, રોકવા તથા ટ્રેનોથી ઉતરવા, ચઢવા વગેરેની સ્થિતિઓમાં કોઈ બદલાવ થયો નથી એટલા માટે તેમના ફત્વાથી હટવાનું કોઈ ખાસ કારણ નથી. વલ્લાહુ તઆલા અઅ્લમ." *(માસિક સુન્ની દુન્યા, સપ્ટેમ્બર–૨૦૦૯, પેજ : ૯૫)*

આ શરઈ કાઉન્સિલ બરેલી શરીફના ફૈસલ બોર્ડનો આ'લા દરજ્જાનો એહતિયાત (સાવધાની) તથા દયાનતદારી છે કે "અતાયા નબ્વિયા"ના એક તેહકીકી ફત્વાને પાંચ વર્ષ સુધી ઝેરે ગૌર (વિચારણા હેઠળ) રાખ્યા બાદ જ્યારે તેઓને તેનાથી હટીને ફત્વો આપવાનું કોઈ યોગ્ય કારણ ન મળ્યું તો તે જ ફત્વાને જારી રાખ્યો અને આ જ હક્ક પહેચાનવાનો ઉમ્દા તકાઝો છે.

આ ફત્વાથી વિરુદ્ધ ન કરવાના મુખ્ય બે કારણો ફૈંસલામાં રજૂ કરવામાં આવ્યા છે :–

"**(અ)** ટ્રેનોના ચાલવા, રોકાવા, ટ્રેનમાંથી ઉતરવા ચઢવા વગેરેની સ્થિતિઓમાં કોઈ પરિવર્તન થયું નથી."

આ પહેલા મુદ્દામાં કેટલીયે બાજુએથી ચર્ચા થઈ શકે છે. પરંતુ આપણે માની લઈએ છીએ કે જે પ્રમાણે આ'લા હઝરત رحمۃ اللہ علیہના જમાનામાં ટ્રેનો ચાલતી, રોકાતી હતી એ જ પ્રમાણે

આજે પણ ચાલે છે, રોકાય છે અને જે રીતે લોકો તે જમાનામાં ટ્રેનોથી ઉતરતા તથા ચઢતા હતા એ જ રીતે આજે પણ ઉતરે છે, ચઢે છે. અને આ બિલ્કુલ સહી (યોગ્ય) છે. આ તરીક઼ો ન બદલાયો છે અને ન તો તેને બદલવાની કોઈ આશા છે.

''**(બ)** ટ્રેનોનું રોકવું તથા ચલાવવું બંદાના પોતાના ઈખ્તિયાર તથા મરજીથી છે.''

આ પણ સહી છે કે ડ્રાઈવર ટ્રેનને ચલાવે પણ છે અને રોકે પણ છે. આ અતાયાએ નબ્વિયાના ફત્વા ઉપર બીજીવાર વિચાર કરવા તથા નઝર કરવાનો પહેલો મોક઼ો હતો જે ફરી ફરીને ત્યાં જ પહોંચ્યો જ્યાંથી પ્રારંભ થયો હતો.

## :: ચર્ચા વિચારણાનો બીજો પ્રસંગ ::

મજલિસે શરઈ મુબારકપુરે શરઈ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા–બરેલી શરીફના નક઼શે ક઼દમ પર ચાલીને તેના પહેલા સેમીનારની બહષો તથા મક઼ાલાઓના આધારે ક઼લામે રઝાને સમજવાની કોશિશ કરી. અને એ ન ક્કી કર્યું કે ખૂદ ''કલામે રઝા'' દ્વારા જ આજના બદલાયેલ હાલાતમાં જાઈઝ હોવાનો કોઈ માર્ગ નીકળી શકે તો તેને અપનાવવામાં આવે, નહીં તો અમલનો જે માર્ગ નક્કી થઈ ચૂક્યો છે તેનાથી રજમાત્ર પણ આમ તેમ ન થઈએ.

મજલિસે શરઈ ''કલામે રઝા''ને ખુદ કલામે રઝાથી જ સમજવાને પ્રાથમિક્તા આપે છે તેને અહીંયાં પણ યથાવત રાખ્યું જેમ કે નિમ્ન લખાણથી આપને અંદાજો થઈ જશે.

આ'લા હઝરત رحمۃ اللہ علیہના આ શબ્દોને ધ્યાનથી પઢો :–

''અંગ્રેજોના ખાવા વગેરે માટે (રેલ) રોકવામાં આવે છે અને

નમાઝ માટે નહીં તો (આ) બંદાનું નમાઝથી રોકવું થયું."

બંદાનું નમાઝથી રોકવું ક્યારે સાબિત થશે ? તેના માટે આ'લા હઝરત رحمۃ اللہ علیہએ બે શરતો વર્ણન કરી છે :–

૧. અંગ્રેજોના ખાવા વગેરે માટે રેલનું રોકવામાં આવવું.

૨. નમાઝ માટે ન રોકવામાં આવવું.

તેનાથી સ્પષ્ટ જાહેર છે કે જ્યારે આ બે શરતો પામવામાં આવશે તો "બંદાનું પોતાના ઈખ્તિયાર દ્વારા નમાઝથી રોકવું" પામી લેવામાં આવશે. અને જ્યારે ઉપરોક્ત બંને શરતો ઉપ્લબધ ન થાય. "ન અંગ્રેજોના ખાવા વગેરે માટે રોકવું, ન નમાઝ માટે રોકવું" તો બંદાનું પોતાના ઈખ્તિયાર દ્વારા નમાઝથી રોકવું, સાબિત નહીં થાય. આ અમારા તરફથી કોઈ વાત નથી બલ્કે ખૂદ આ'લા હઝરત رحمۃ اللہ علیہના જામેઅ કલામનો અર્થ તથા ભાવાર્થ છે.

અને આજના બદલાયેલા સંજોગોમાં વીસ બાવીસ વર્ષથી રેલ ન તો અંગ્રેજોના ખાવા વગેરે માટે રોકવામાં આવે છે, ન તો કોઈ અન્ય ધર્મના મુસાફરોના ખાવા વગેરે માટે રોકવામાં આવે છે, અને ન તો નમાઝ માટે રોકવામાં આવે છે. **આ વાત દરેક વ્યક્તિ સ્પષ્ટ રીતે જાણે છે.** અને લોકોનો અનુભવ તથા મુશાહિદો પણ છે, જેનાથી કોઈ પણ દષ્ટિ ધરાવનાર ન્યાયપ્રિયને વિરોધ નહીં હોય.

જેથી ખુદ સૈયદી આ'લા હઝરત رحمۃ اللہ علیہના કલામથી સાબિત થયું કે આજના જમાનામાં ટ્રેનમાં નમાઝથી બંદાના પોતાના ઈખ્તિયાર દ્વારા રોકવું પામી લેવામાં આવશે નહીં. આ એક સ્પષ્ટ સીધો અર્થ છે જે કલામે રઝા દ્વારા સાફ સાફ સમજી શકાય છે.

અને જ્યારે "બંદાનું નમાઝથી રોકવું" ન હોય તો ચાલતી સવારી પર જે નમાઝ પઢવામાં આવે તેને દોહરાવવાની જરૂરત નથી હોતી.

અહીંયાં આ'લા હઝરત رحمۃ اللہ علیہએ એકી સાથે બે વાતોને વર્ણવી છે. તેમાંથી એક વાત તો સ્પષ્ટ શબ્દોમાં જાહેર છે અને બીજી વાત ગુપ્ત, શબ્દોમાં ગેર જાહેર છે. અને તે છે કલામનો વિરોધાર્થ.

૧. સ્પષ્ટ શબ્દોમાં જાહેર વાત : તો એ છે કે જ્યારે ઉપરોક્ત બે શરતો પામી લેવામાં આવશે તો "બંદાનું નમાઝથી રોકવું" પણ પામી લેવામાં આવશે અને પઢેલી નમાઝ દોહરાવવી પડશે.

૨. વિરોધાર્થ : એ છે કે જ્યારે ઉપરોક્ત બે શરતો પામી લેવામાં ન આવે તો "બંદાનું નમાઝથી રોકવું" પણ પામવામાં આવશે નહીં. અને પઢેલી નમાઝને દોહરાવાની જરૂર નહીં પડે.

અને ફુક્હા તથા ઈમામોના કલામમાં વિરોધાર્થ પણ દલીલ તથા પુરાવો છે. કેટલાય ઠેકાણે પોતે આ'લા હઝરત رحمۃ اللہ علیہએ તેને (વિરોધ અર્થ મુરાદ લેવાને) સાફ સાફ વર્ણન કર્યું છે. જેમ કે આપનું એક લખાણ છે :–

"કલામે સહાબા તથા બાદના ઓલમાના કલામમાં મફહૂમે મુખાલિફ ( વિરોધાર્થ મુરાદ લેવો) વિના કોઈ વિરોધે મોઅતબર તથા સ્વીકાર્ય છે. જેમ કે તેહરીરુલ ઉસૂલ તથા નહરે ફાઈક઼ તેમજ દુર્રે મુખ્તાર વગેરે કિતાબોમાં તેની સ્પષ્ટતા છે. અને મેં પોતાના રિસાલા "અબ્ કતૂફુદાનિયહ"માં તે કિતાબોની ઈબારતો નક઼લ કરી છે." *(અરબી લખાણના તર્જુમા સાથે, ફતાવા રઝવિય્યહ, ૨/૩૯૫)*

અને એ વાત પણ નિશ્ચિત છે કે જ્યારે કોઈ શરત ન રહે તો તેના પર (તે શરત પર) આધારિત હુકમ પણ બાકી નથી રહેતો અને અહીયાં એ જ પ્રમાણે છે કે સંજોગોના બદલાય જવાથી શરત જ બાકી ન રહી. જેનું ઉદાહરણ ઈલેકટ્રિક પંખા તથા લાઈટોનો ઉપયોગ છે જેનું વર્ણન થઈ ચૂક્યું છે.

સહાબાએ કિરામ તથા બાદના ઓલમાના કલામમાં ''વિરોધાર્થ'' (મફ્હૂમે મુખાલિફ) વડે પુરાવો તથા દલીલ પૂરી પાડવી બરાબર એક હુજ્જત રહ્યું છે. અને તેને સહાબા તથા ઓલમાના કલામ દ્વારા જ પુરવાર તથા સાબિત કરવું ગણવામાં આવતું રહ્યું છે. તો આજે જો ફક઼ીહે બેમિસાલ આ'લા હઝરત رحمۃ اللہ علیہના કલામના વિરોધાર્થ દ્વારા દલીલ તથા પુરાવો આપવામાં આવે છે તો તે પણ કલામે રઝા દ્વારા જ ઈસ્તિદલાલ તથા પુરવાર કરવું કહેવાય. તેને ''ઈખ્તિલાફ'' કહેવું ફક઼ીહોની શાનથી દૂર છે.

હા ! એ સહી છે કે ટ્રેનો પર ચઢવા, ઉતરવાનો તરીક઼ો નથી બદલાયો પરંતુ આ'લા હઝરત رحمۃ اللہ علیہએ આ વાત પર (ટ્રેનો પર ચઢવા, ઉતરવાના) હુકમને આધારિત પણ નથી કર્યો. આપે હુકમનો આધાર તેના સિવાયની બે શરતો પર રાખ્યો છે. જેમ કે ઉપર વર્ણન થયું.

હવે રહી એ વાત કે : ''ટ્રેનોનું રોકાવું, ચાલવું બંદાના ઈખ્તિયાર (મરજી)થી છે.''

તે સહી છે. ડ્રાઈવર ક઼ાનૂન મુજબ રેલ ચલાવે તથા રોકે છે. પરંતુ ક઼ાનૂન વિરુદ્ધ રેલ ચલાવવી, રોકવી, શરઅન તેના ઈખ્તિયારમાં નથી. કેમ કે આ'લા હઝરત رحمۃ اللہ علیہએ પોતાના કેટલાયે ફત્વાઓમાં હુકૂમતના ક઼ાનૂન (નિયમ)ની વિરુદ્ધ કરવાને

નાજાઈઝ તથા ગુનોહ બતાવ્યું છે. ત્યાર બાદ કાનૂન વિરુદ્ધ રેલ ચલાવવા, રોકાવાથી દિલમાં જે ખૌફ પેદા થશે તે અલ્લાહ તઆલા તરફથી હોય છે. જેમ કે ફતાવા રઝવિય્યહમાં તેની પણ સ્પષ્ટતા છે.

આપણા ફુક્હાએ કિરામ સારી રીતે એ વાતને જાણે છે કે બે મસ્અલાઓ જાહેરમાં એક જ પ્રકારના હોય છે પરંતુ કોઈ બારીક ફર્કના કારણે તેના હુકમો અલગ અલગ થઈ જાય છે. આવા મસાઈલ ''હિદાયા''માં કેટલાયે છે અને ''અલ અશ્બાહ વન્નાઈઝાર''માં તો આવા જ મસાઈલને સમજાવવા માટે મુહક્કિક ઈબ્ને નુજૈમ رحمۃ اللہ علیہએ ''ફન્ને જમઅ્ વ ફરક્''નું ટાઈટલ આપીને ઘણી તફસીલની સાથે ફિક્હી મસાઈલને બયાન કર્યા છે. બલ્કે હકીકતમાં આવા જ મસાઈલને ''અશ્બાહ વન્નઝાઈર'' કહેવામાં આવે છે. અહીંયાં બંદાના ઈખ્તિયારમાં હોવા, ન હોવાનો મસ્અલો પણ એ જ મસાઈલે અશ્બાહ વન્નઝાઈરમાંથી છે કે આ'લા હઝરત رحمۃ اللہ علیہના દૌરમાં પણ બંદો રેલને ચલાવતો, રોકતો હતો અને આજના દૌરમાં પણ બંદો ચલાવે તથા રોકે છે. પરંતુ સમાનતા હોવા છતાં બંનેના હુકમોમાં ફર્ક છે. એક સદી પહેલાં રેલવે વ્યવસ્થા પ્રાઈવેટ કંપનીઓના હાથમાં હતી તે નમાઝ માટે રેલ રોકી શકતી હતી, જેમ કે અંગ્રેજોના ખાવા વગેરે માટે રોકતી હતી. અને તે કંપનીઓ કોઈ કાનૂનના દબાવના કારણે મજબૂર, લાચાર ન હતી. જ્યારે કે આજે રેલ્વે વ્યવસ્થા હુકૂમત (ગવર્નમેન્ટ)ના કબ્જામાં છે. અને પોતે સરકારી લોકો રેલના નિયમો લાગુ થઈ ગયા બાદ કાનૂની દબાવના કારણે મજબૂર છે.

ખૂદ ફતાવા રઝવિય્યહમાં આ પ્રકારના કેટલાયે મસાઈલ છે. અહીયાં ખાસ કરીને બે મસ્અલા એવા રજૂ કરવામાં આવે છે જેમાં ''રોકવું'' જાહેરમાં તે બંદા તરફથી છે પરંતુ આપે સ્પષ્ટતા

કરી છે કે એક મસ્અલામાં ઉઝર (વાંધો) બંદા તરફથી અને બીજામાં ઉઝર (વાંધો, કારણ) સમાવી (આસ્માની) છે.

ફતાવા રઝવિય્યહ, ૧/૬૧૪માં રિસાલા "હુસ્નુત્તઅ્મ્મુમ"માં છે :–

૧. રેલમાં છે અને તે ડબ્બામાં પાણી નથી અને દરવાજો બંધ છે તો તયમ્મુમ કરે. પરંતુ જ્યારે પાણી પામે તો વુઝૂ કરીને નમાઝ દોહરાવે. કેમ કે રોકવું (વાંધો) બંદા તરફથી છે.

૨. અને જો (રેલથી) ઉતરીને પાણી લાવવામાં માલ જવાનો ભય હોય તો દોહરાવી પણ નહીં પડે. અને જો (ઉતરીને પાણી લાવવામાં) રેલ છૂટી જવાનો ભય હોય તો પણ તયમ્મુમ કરે અને દોહરાવે. ન આ તે મસ્અલાના હુકમમાં છે કે પાણી (એક) માઈલથી ઓછા (અંતરે) છે પરંતુ એટલું દૂર છે કે જો ત્યાં જાય તો ક઼ાફલો નીકળી જશે અને તેની નજરોથી ઓજલ થઈ જશે.

**હું કહું છું** : અથવા ભલે હજુ નજરોથી ઓજલ નહીં થાય પરંતુ એટલો કમજોર છે કે (ક઼ાફલાથી) મળી શકશે નહીં.

"قال فی البحر : عن ابی یوسف : إذا کان بحیث لو ذهب إلیه وتوضأ تذهب القافلة وتغیب عن بصره فهو بعید ویجوز له التیمم واستحسن المشایخ هذه الروایة، کذا فی التجنیث۔اه۔"

બહરુર્રાઈકમાં છે કે ઈમામ અબૂ યૂસુફ رحمۃ اللہ علیہથી રિવાયત છે કે જ્યારે પાણી એટલી દૂરી પર હોય કે ત્યાં જઈને વુઝૂ કરે તો ક઼ાફલો ચાલતાં ચાલતાં નિગાહોથી ઓજલ થઈ જશે તો તે પાણી દૂર ગણવામાં આવશે અને તેના માટે તયમ્મુમ જાઈઝ થઈ જશે.

મશાઈખે આ રિવાયતને મુસ્તહસન ઠરાવી છે અને એ જ પ્રમાણે "તજનીસ"માં છે.

આ મસાઈલની રોશનીમાં રેલના આ મસ્અલાને સમજી શકાય છે.

**અંદાઝે બયાં ગરચે બહુત શોખ નહીં હૈ**
**શાયદ કે તેરે દિલમેં ઉતર જાએ મેરી બાત**

જેમ કે રિસાલતકાળથી લઈને આજ સુધી સેંકડો મસાઈલમાં સમય સંજોગોના બદલાવાથી હુકમોમાં પરિવર્તન થયું છે, તો પણ તે સાહિબે મઝહબની પેરવી ગણાય છે, બરાબર **એ જ પ્રમાણે ચાલતી ટ્રેનમાં નમાઝનો મસઅલો પણ સ્થિતિના બદલાય જવાથી બદલાય ગયો છે.** અને તે પણ સાહિબે મઝહબની જ પૈરવી તથા આ'લા હઝરત رحمۃ اللہ علیہની ઈત્તેબાઅ છે.

## (૧૧) પેન્ટ, શર્ટ, કોટ, પાટલૂન પહેરવું સખત હરામ, પરંતુ હવે....?

આજથી લગભગ ૧૨૦ વર્ષ પહેલાં ૧૭ જમાદીઉલ આખર હિ.સ. ૧૩૧૩ના રોજ મુજદ્દિદે આ'ઝમ આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہએ ફત્વો જારી કર્યો હતો :–

"અંગ્રેજી પોશાકના કપડાં પહેરવાં **હરામ, સખત હરામ** અને તેને પહેરીને **નમાઝ (પઢવી) મકરૂહે તહરીમી,** હરામથી નજીક, વાજિબુલ ઈઆદા (જેને **દોહરાવવી વાજિબ**), (ત્યાં સુધી) કે જાઈઝ કપડાં પહેરીને ન લોટાવે તો ગુનેહગાર, અઝાબને પાત્ર (છે)." *(ફતાવા રઝવિય્યહ, ૩/૪૨૨, ૪૨૩)*

ફકીહે બેમિષાલના ફત્વાના તેવરને જુઓ કે અંગ્રેજી પહેરવેશનાં કપડાં, પેન્ટ, શર્ટ, કોટ, પાટલૂન પહેરવું ન માત્ર

હરામ બલ્કે સખત હરામ, બલ્કે ઘણુ જ સખત હરામ છે.

હવે આજના યુગની પરિસ્થિતિ જુઓ અને વિચારો કે શું આજે તેના પર કોઈ અમલ કરે છે ? એને કોઈ હરામ કહે છે ?!

આજે તો સામાન્ય રીતે મુસ્લિમ જગત આ પહેરવેશને સારો સમજીને પહેરે છે અને પોતાની ઔલાદને પહેરાવે છે. અને ક્યારેય પણ તેમના મગજમાં એ ખયાલ નથી આવતો કે આ લિબાસ સખત હરામ અથવા નાજાઈઝ અથવા મકરૂહ પણ છે ! બલ્કે કેટલાયે ઠેકાણે તો ઓલમા પણ આ લિબાસ પહેરે છે અને તેમને તેના હરામ હોવાનો વિચાર તો દૂર મકરૂહ હોવાનો ખયાલ પણ નથી આવતો. અને આજના કોઈ આલિમ, મુફતી, ફક़ીહ તથા કાઝીના વિશે હું (મૂળ લેખક) નથી જાણતો કે જેઓએ અંગ્રેજી લિબાસને હરામ તથા નાજાઈઝ ઠરાવ્યો હોય !

તો શું આ'લા હઝરત رحمۃ اللہ علیہના ફત્વાથી તમામ ઓલમા તથા અવામ ફરી ગયા ?! અથવા તેઓ ફત્વાના વિરોધી બની ગયા ?!!

અલ્લાહની પનાહ ! એવું હરગિઝ નથી ! આવી સોચ કોઈ આમ વ્યક્તિની હોઈ શકે છે, પણ કોઈ આલિમની નહીં. કેમ કે એક આલિમ હકીકત સારી રીતે જાણે છે કે આ'લા હઝરત رحمۃ اللہ علیہએ આજથી સવા સો વર્ષ પહેલાં જયારે અંગ્રેજી પહેરવેશના કપડાંને સખત હરામ ઠરાવ્યાં હતાં ત્યારે તે કપડાં અંગ્રેજોની ખાસ ઓળખ હતી. તે લોકો પોતાના આ પ્રકારના લિબાસથી ઓળખવામાં આવતા હતા અને ગૈર કૌમની ખાસ ઓળખને પસંદ કરીને અપનાવવું સખત હરામ બલ્કે ક્યારેક તો કુફ્ર પણ થઈ જાય છે. જેમ કે ફતાવા રઝવિય્યહ, ભાગ : ૯માં તેની સ્પષ્ટતા છે.

પરંતુ આજે આ લિબાસ (પહેરવેશ) અંગ્રેજોની ઓળખ નથી રહ્યો, સામાન્યતઃ આખા જગતના લોકો આ લિબાસને અપનાવે છે અને હવે આ કોઈ ખાસ કૌમની પેહચાન નથી રહ્યો. ટૂંકમાં એ કે જે આધાર પર ફતાવા રઝવિય્યહ્માં તેને હરામ, સખત હરામ ઠરાવવામાં આવ્યો હતો તે આધારો આજે બાકી નથી રહ્યા, એટલા માટે કોઈ પણ હકીકત જાણનાર આલિમ આજે તેને હરામ નહીં કહી શકે. તો આજે જો મુસલમાનોના આ લિબાસને અપનાવવા પ્રત્યે ઓલમા તથા ફુક્હા ખામોશ છે તો તેનો મતલબ એ નથી કે તેઓ તબ્લીગ તથા અમ્ર બિલ મઅરૂફની જવાબદારી નથી નિભાવી રહ્યા બલ્કે તેનું મૂળ કારણ એ છે કે સંજોગોના બદલાઈ જવાથી હુકમ પણ બદલાય ગયો છે.

## (૧૨) વસ્તુઓના ઉત્પાદન પહેલાં તેની લે વેચનો હુકમ

જે વસ્તુઓ ફર્માઈશ (ઓર્ડર) કરીને બનાવવામાં આવે છે અને તેના બનતા પહેલાં જ તેની ખરીદી થઈ જાય છે, શું તે જાઈઝ છે કે ફાસિદ ?

આ વિષયમાં શરીઅતનો હુકમ એ છે કે જો આ જ પ્રમાણે એ વસ્તુઓની લે વેચ સામાન્યપણે થતી હોય અને તેના પર લોકોનો અધિક અમલ હોય અને વસ્તુ લેવા દેવાની મુદ્દત બે, ચાર, દસ દિવસ હોય અથવા તેથી વધુ હોત તો પણ એક મહિનાથી ઓછી હોય તો આ પ્રકારની લે વેચ જાઈઝ દુરુસ્ત છે. આવી લે વેચને "બયએ ઈસ્તિષનાઅ્" એટલે કે ફર્માઈશી લે વેચ કહેવામાં આવે છે. અને જો સામાનની લેવડ દેવડની મુદત એક મહિનો અથવા તેથી વધુ હોય તો "બયએ સલમ" (ઉધાર લે વેચ)ની તમામ શરતોનું હોવું જરૂરી છે. નહીં તો આ લે વેચ ફાસિદ તથા નાજાઈઝ

થશે. હન્ફી ફુક્હાનો આ જ મઝહબ છે. અને ફકીહે બેમિષાલ આ'લા હઝરત رحمۃ اللہ علیہનો પણ આ જ ફત્વો છે.

પરંતુ તેના વિરુદ્ધમાં શરઈ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા, બરેલી શરીફે સખત હરજ (મોટો વાંધો) દૂર કરવા માટે તેવી લે વેચને જાઈઝ તથા દુરૂસ્ત ઠરાવી છે અને ઈમામે આ'ઝમના મઝહબને છોડીને સાહિબૈન (હઝરત ઈમામ અબૂ યૂસુફ તથા ઈમામ મુહમ્મદ)ના મઝહબ પર અમલ કરવાની ઈજાઝત આપી. તેનું કારણ એના સિવાય શું હોય શકે કે સંજોગોના પરિવર્તનથી હુકમ બદલાય ગયો છે. હવે શરઈ કાઉન્સિલનો અસલ ફેંસલો વાંચો :–

## લે વેચના આધુનિક તરીકાની શરઈ હૈસિયત

વેપારના આધુનિક તરીકા હેઠળ આ મસ્અલો ચર્ચાનો વિષય બન્યો કે વસ્તુના ઉત્પાદન પહેલાં તથા તેના પર કબજો કર્યા પહેલાં જે તેને વેચવા તથા ખરીદવાનો અમલ વેપારીઓમાં સામાન્યતઃ પ્રચલિત થઈ ગયો છે કે એક વ્યક્તિ બીજાને વસ્તુ તૈયાર કરવાનું કહી તેને ખરીદી લે છે, જ્યારે કે વસ્તુ અસ્તિત્વમાં પણ નથી આવી અને તે બીજાને વેચી આપે છે. જ્યારે કે હજુ તે વસ્તુનું ઉત્પાદન પણ નથી થયું અને તેના પર કબજો પણ નથી મેળવ્યો. અને એ જ પ્રમાણે તે બીજી વ્યક્તિ ત્રીજીને ત્રીજી ચોથીને (વેચી આપે છે) તેમાં સવાલ એ છે કે આ પ્રમાણેની લે વેચ બૈઅ્ (ખરીદ વેચાણ)ના કયા પ્રકારમાં દાખલ થશે ?

(૧) એ નક્કી થયું કે પ્રથમ ખરીદ વેચાણ ઈસ્તિષનાઅ્ (ફર્માઈશી લે વેચ) છે. અને તે **લોકોના અધિક્તર અમલના કારણે જાઈઝ છે.** આથી જે જે વસ્તુઓમાં આ પ્રકારનું ખરીદ વેચાણ પ્રચલિત થઈ ગયું છે તે જાઈઝ છે. અને અહીંયાં લોકોના

અધિક્તર અમલના કારણ બનવા માટે એ જ કાફી છે કે તેનો રિવાજ થઈ ગયો હોય તથા જાણ થયા બાદ ઓલમાએ તેને નકારી ન હોય.

ઉપરોક્ત ફર્માઈશી ખરીદ વેચાણમાં ઘણીવાર એક મહિનાની અથવા એથી વધુની મુદ્દત રાખવામાં આવે છે. જે ઈમામે આ'ઝમના મઝહબ મુજબ તે ફર્માઈશી બૈઅ્ના બદલે "સલમ" (ઉધાર લે વેચ) થઈ જાય છે. અને તેમાં લેવડ દેવડના સહી થવા માટે ઉધાર ખરીદ વેચાણની તમામ શરતો જરૂરી છે. અને સાહિબૈનના મઝહબ મુજબ એક મહિનો અથવા તેથી વધુની મુદ્દત જલ્દી કરવા માટે હોય, ન કે શરત રૂપે. તો શું આ મસ્અલામાં ઈમામે આ'ઝમ رضی اللہ عنہના કૌલથી વિરુદ્ધ કરવું યોગ્ય છે ?! જો યોગ્ય હોય તો ક્યા આધારે ?

(૨) સર્વ સંમતિથી એ નક્કી થયું કે ફર્માઈશી ખરીદ વેચાણમાં એક મહિના અથવા તેથી વધુની મુદ્દત રાખવી ઈસ્તિઅ્જાલ (જલ્દી કરવા) માટે છે જે સાહિબૈન رحمۃ اللہ علیہم اجمعینનો કૌલ છે. આ મસ્અલામાં ઈમામે આ'ઝમના કૌલથી વિરુદ્ધ કરવું (ઈમામે આ'ઝમ رضی اللہ عنہનો મઝહબ છોડીને તેમના બે ખાસ શાગિર્દોના કૌલને અપનાવવો) સખત હરજ (પરેશાની, અડચણ)ને દૂર કરવા માટે છે." *(સુન્ની દુન્યા માસિકનો ફિક્હી સેમિનાર અંક : ૮૩)*

ઉપર ઉપરની નજરથી જોવામાં આવે તો આ ફૈસલો સિરાજુલ ઉમ્મહ ઈમામે આ'ઝમના મઝહબથી વિરુદ્ધ છે. અને છેલ્લા દૌરના હનફી મઝહબના બેમિષાલ ફકીહ ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہના ફત્વાથી પણ વિરુદ્ધ છે, ત્યાં સુધી કે બહારે શરીઅતથી પણ વિરુદ્ધ છે. પરંતુ સખત હરજને દૂર કરવા માટે આ ફૈસલો કરવામાં આવ્યો

છે જેથી તે સર્વેના મુવાફિક છે. કેમ કે **હાલાતના બદલાય જવાથી આ હુકમ બદલાયો છે** અને સખત હરજના કારણે સાહિબૈનના મઝહબ મુજબ ફેંસલો આપવો હક઼ીક઼તમાં ઈમામે આ'ઝમના મઝહબ પર જ અમલ કરવો ગણાય. આ રીતે આ (ફેંસલો) આ'લા હઝરત رحمۃ اللہ علیہના વિરુદ્ધ પણ ન થયો. વાત દરેક સ્થિતિમાં આ પ્રમાણે ઈન્સાફ તથા ન્યાયની થવી જોઈએ. જેથી હાલાતે ઝમાના પર નજર રાખનારા ફુક઼હા જ્યારે આ પ્રમાણેનો કોઈ ફેંસલો કરે તો તેનો આવકાર તથા સ્વીકાર કરવો જોઈએ.

## (૧૩) અમાનતમાં ખયાનત તંગહાલ માટે જાઈઝ

હદીષે પાકમાં છે કે હુઝૂર સૈયદે આલમ رحمۃ اللہ علیہએ ઈર્શાદ ફર્માવ્યો : ''મુનાફિક઼ની ત્રણ નિશાનીઓ છે : (૧) જ્યારે વાત કરે તો જૂઠુ બોલે. (૨) વાયદો કરે તો તેને પૂરો ન કરે. (૩) અને જ્યારે તેની પાસે અમાનત રાખવામાં આવે તો ખયાનત કરે. *(સહીહ મુસ્લિમ, ૫૬–૨)*

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

''અમાનત રાખેલ વસ્તુ (સામાન)માં તેને (જેની પાસે અમાનત રાખેલ છે તેને) ફેરફાર કરવો હરામ છે. આ તે સ્થિતિઓમાં છે જેમાં દિરહમો તથા દીનારો (સોના ચાંદીના રૂપિયા) નક્કી થાય છે. તેને જાઈઝ નથી કે આ રૂપિયાના બદલામાં બીજો રૂપિયો રાખી દે ભલે ને તે (રૂપિયો) તેવો જ હોય, જો (આમ) કરશે તો અમીન નહીં રહે અને તાવાન (બદલો) આપવો પડશે.'' *(ફતાવા રઝવિય્યહ્, ૮/૩૧)*

''ઝકાત આપનારે વકીલને ઝકાતના રૂપિયા આપ્યા...... અને વકીલે પહેલાં તે રૂપિયાને ખર્ચી કાઢયા. બાદમાં પોતાના રૂપિયા ઝકાતમાં આપ્યો તો ઝકાત અદા ન થઈ. આ તબર્રુઅ્

(નફલી ખૈરાત) છે. અને મુઅક્કિલ (અસલ ઝકાત આપનાર)ને તાવાન (બદલો) આપશે.'' *(બહારે શરીઅત, પેજ : ૨૦, ભાગ : ૫, દુર્રે મુખ્તાર તથા શામીના હવાલાથી)*

હવે શરઈ કાઉન્સિલ (બરેલી શરીફ)ના સ્થાપકો તથા તેના ફૈસલ બોર્ડના અહમ સભ્યો આ'લા હઝરત رحمۃ اللہ علیہના બવાસ્તા જાનશીન હઝરત અલ્લામા અખ્તર રઝાખાં અઝહરી સાહબ ક઼િબ્લા دام ظلہ العالی તથા હુઝૂર સદરુશ્શરીઅહ્‌ના જાનશીન હઝરત મુહદ્દિષે કબીર સાહબ ક઼િબ્લા دام ظلہ العالیનો ફૈંસલો વાંચો અને પોતે ફૈંસલો કરો કે અહકામ પર સંજોગોનો લીધે ફેર પડયો કે નહીં ?! ફૈંસલો આ પ્રમાણે છે :–

''જો ઉપરોક્ત ઝકાત વસૂલ કરનાર હક઼ીક઼તમાં તંગીમાં પડી જાય તો તે (વસૂલ કરનાર, સફીર) વસૂલ થયેલ રકમમાંથી જરૂરત મુજબ કર્ઝ લઈ શકે છે, જો બીજો કોઈ રસ્તો ન હોય તો. અને તેના પર વાજિબ છે કે માગણીના સમયે અટલો જ માલ સંસ્થાના સંચાલકને આપી દે. અને જેમ કે તેને (વસૂલ કરનારને) સ્પષ્ટ રીતે અથવા ઉર્ફના આધારે અમાનતના માલમાં ફેરફાર કરવાનો અધિકાર છે. તે તેનું કર્ઝ લેવું જાઈઝ છે.

પરંતુ જો તે પોતાના માટે ખર્ચ કરવા માટે કર્ઝ લઈ રહ્યો છે જેથી તેમાં તંગી શરત છે તો તંગી જેટલાથી દૂર થઈ જાય એટલો જ માલ લે તેનાથી વધુ લેવાની તેને ઈજાઝત નથી. *(સુન્ની દુન્યા માસિકનો ફિક઼્હી સેમિનાર અંક, શરઈ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા, પેજ : ૯૦)*

શું આ બુઝુર્ગોએ આ'લા હઝરત તથા સદરુશ્શરીઅહ્‌ رحمۃ اللہ علیہماથી ઈખ્તેલાફ કર્યો અથવા ફરી ગયા ? જવાબ તે જ છે જે વાંરવાર ગુજર્યો કે તેમણે ન ઈખ્તિલાફ કર્યો છે ન તો તેઓ ફરી

ગયા છે. બલ્કે પોતાના રીતે તેઓએ સંજોગો સાથે ન્યાય કર્યો છે. કેમ કે જે સાત આધારોને લઈને શરઈ અહકામમાં નરમી તથા લચક આવે છે તેમાંનો એક આધાર (કારણ) અહીંયાં તે હઝરતો એ માન્ય રાખ્યો છે. એટલે કે જરૂરત અથવા હાજત તંગી પોતાના અલગ અલગ પ્રકારોના લેહાઝથી હાજતના દરજામાં પણ જઈ શકે છે અને જરૂરતના દરજામાં પણ.

હા ! એ વાત પર નઝરેષાની (ફેર વિચારણા) થવી જોઈએ કે વકીલને પોતાની જરૂરત પૂરી કરવા માટે સ્પષ્ટ રીતે અથવા ઉર્ફના આધારે અમાનતના માલમાં ફેરફાર કરવાનો અધિકાર પ્રાપ્ત છે. હિંદુસ્તાનમાં ઝકાત વસૂલ કરનારને ઝકાતની રકમ પોતાના પર ખર્ચ કરવા માટે નથી આપવામાં આવતી. બલ્કે સુરક્ષિત રીતે મદ્રસા સુધી પહોંચાડવા માટે આપવામાં આવે છે. તેમ છતાં મને (મૂળ લેખકને) તેનાથી કોઈ ગરજ નથી કે ઉર્ફ શું છે ? હું તો માત્ર એ સ્પષ્ટ કરવા માગું છું કે એક શરઈ કારણના આધારે શરઈ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાએ ફતાવા રઝવિય્યહ્ તથા બહારે શરીઅતની વિરુદ્ધ કર્યું છે. તેનાથી સ્પષ્ટ જાહેર થાય છે કે ફિક્હે હનફીમાં સંજોગોની રિઆયત તથા તેનો લેહાઝ આજે પણ થઈ રહ્યો છે.

**ન મન તન્હા દરીં મૈખાના મસ્તમ**
**ગિઝાલી, શિબ્લી વ અત્તાર હમ મસ્ત**

આ ફતાવા રઝવિય્યહના ૧૨ મસાઈલ છે તેની તેહકીક આ'લા હઝરત رحمۃ اللہ علیہ એ ફર્માવી અને તેને ફત્વાઓ માટે અપનાવ્યા.

પરંતુ બાદના ઓલમાએ તથા ફુકહાએ જેઓ આપના જ

ઈલ્મી દસ્તરખ્વાનથી ફૈઝયાબ થયા અને હજુ પણ થાય છે, પરિસ્થિતિઓના બદલાય જવાથી તેમના વિરુદ્ધ અહકામ સાદિર ફર્માવ્યા અથવા તેના વિરુદ્ધ ઉમ્મતનો સાધારણ અમલ જોયા પછી પણ તેનાથી મનાઈ ન ફર્માવી બલ્કે પોતે પણ તમામ ઉમ્મતના અફરાદ સાથે અમલ કરવામાં શરીક થઈને તેના જાઈઝ હોવા તરફ ઈશારો ફર્માવી આપ્યો. જેમ કે ઘરોમાં, મસ્જિદોમાં ઈલેકટ્રિક લાઈટ તથા પંખા લગાડવા, અધિક્તર મુસલમાનોનું કોટ, પાટલૂન, પેન્ટ, શર્ટ પહેરવું. આ બધું એ જ કારણે થયું કે સંજોગો બદલાય રહ્યા છે અથવા બદલાય ચૂક્યા છે જેથી વિચારણા થવી જોઈએ અને જો હાલાતના પરિવર્તનથી હુકમનો આધાર બદલાય જવાનું યક઼ીન થઈ જાય તો ઉમ્મતને તે બદલાયેલા હુકમથી આગાહ કરી દેવી જોઈએ.

એટલા માટે આ આ'લા હઝરત رحمۃ اللہ علیہથી ઈખ્તિલાફ તથા તેમના વિરુદ્ધ કરવું ન કહેવાય તો ઈન્સાફનો તકાઝો તો એ છે કે તમામ મુહક્કિક઼ ઓલમાને એ જ દષ્ટિએ જોવા જોઈએ. અને આ કોઈ આજની બિદઅત નથી બલ્કે આ ઉમ્દા તરીક઼ો સલ્ફે સાલેહિનના યુગથી ચાલતો રહ્યો છે. જેના અમુક ઉદાહરણો પ્યારા વાંચકોએ નિહાળ્યાં. તો તેમના નાઈબો જો તેમની પસંદીદા સુન્નતને અપનાવીને બદલાય ગયેલ સંજોગોમાં ઉમ્મતની બદલાય ગયેલા અહકામ તરફ રહનુમાઈ કરે છે તથા માર્ગદર્શન આપે છે તો ઈખ્લાસે ક઼લ્બની સાથે તેમનો એહતેરામ કરવામાં આવે.

**وما علینا الا البلاغ**

**મન આં ચે શરતે બલાગ અસ્ત બાતૂ મી ગોયમ**
**તૂ ખ્વાહ અઝી સુખનમ પંદગીર, ખ્વાહ મલાલ**

કિતાબ મંગાવો ! કિતાબ મંગાવો !

# બહારે શરીઅત

લેખક : સદરુશ્શરીઅહ હઝરત અલ્લામા અમજદ અલી رحمۃ اللہ علیہ

અનુવાદકો હઝરત સૈયદ ક઼મરુદ્દીનબાવા કારંટવી | મર્હૂમ ડોસુભાઈ પહોંચીયા મોડાસ્વી

## પ્રથમ વિભાગ

- **ભાગ-૧ :** અક઼ીદા (અલ્લાહ, રસૂલ, વલી, ફરિશ્તા વગેરે વિશે) આલમે બરઝખ (ક઼બ્ર), ક઼યામત, જન્નત, જહન્નમ, કેટલાક બાતિલ ફિર્ક઼ાઓ વગેરેનું બયાન.
- **ભાગ-૨ :** તહારત (પાકી) : વુઝૂ, ગુસ્લ, તયમ્મુમ, હૈઝ, નિફાસ, ઈસ્તિન્જા વગેરેનું બયાન.
- **ભાગ-૩ :** નમાઝનું બયાન, નમાઝના ફઝાઈલ, ફર્ઝો, શર્તો, અઝાન, ઈમામત, જમાઅત, મસ્જિદ વગેરેનું બયાન.
- **ભાગ-૪ :** વિત્ર, નફ્લ, સુન્નતેં, નમાઝે ઈસ્તેખારા, સલાતુત્તસ્બીહ, કઝા નમાઝ, કઝાએ ઉમરી, સિજદએ સહવ, મુસાફિરની નમાઝ, જુમ્આ વગેરેનું બયાન.
- **ભાગ-૫ :** ઝકાતનું બયાન, ઝકાત ન દેનારના અઝાબ, સદક઼ાએ ફિત્ર, રોઝાનું બયાન, આશૂરાના ફઝાઈલ, અન્ય નફ્લ રોઝાઓ, એતેકાફ વગેરેનું બયાન.

## બીજો વિભાગ

- **ભાગ-૬ :** હજ્જ વિશે તથા ઝિયારતે રૌઝએ રસૂલ વિશે બયાન.
- **ભાગ-૭ :** નિકાહ વિશે, મેહરમો વિશે...વગેરેનું બયાન
- **ભાગ-૮ :** તલાક઼ વિશે બયાન, સોગ વિશે, ઔલાદની તર્બિયત વગેરે વિશે બયાન.
- **ભાગ-૯ :** ગુલામ આઝાદ કરવા વિશે, ક઼સમ, મન્નત, ઝિના, શરાબ, તોહમત, ખૂન, ચોરી, જેહાદ, મુર્તદ...વગેરે વિશે બયાન.
- **ભાગ-૧૦ :** લક઼ીતનું બયાન, ભાગીદારી, વક઼્ફનું બયાન, મસ્જિદ, ક઼બ્રસ્તાન વગેરેનું બયાન

**[પ્રથમ વિભાગ + બીજો વિભાગ] બંનેના**
**એક સેટની કિંમત રૂા. ૩૦૦/-**

**નોંધ** : છુટક વિભાગ મળશે નહીં
તેની ન

**સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**

C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**, તા. જિ. ભરૂચ,
પિન. ૩૯૨૦૨૦, ઈન્ડિયા (ગુજરાત) ફોન : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧
(ઓ), ૨૮૦૧૯૨ (ઘર), ૨૮૦૨૯૨ (ઘર), મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧